# શિવછત્રપતિ

## ધોરણ ચોથું

(પરિસર અભ્યાસ ભાગ - ૨)



# ભારતનું સંવિધાન

## ભાગ ૪ ક

## નાગરિકોના મૂળભૂત કર્તવ્યો

**અનુચ્છેદ ૫૧ ક**

**મૂળભૂત કર્તવ્ય - ભારતના પ્રત્યેક નાગરિકનું એ કર્તવ્ય છે કે તેણે -**

(ક) સંવિધાનનું પાલન કરવું. સંવિધાનના આદર્શો, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવો.

(ખ) સ્વાતંત્ર્ય ચળવળની પ્રેરણા આપનારા આદર્શોનું પાલન કરવું.

(ગ) દેશના સાર્વભૌમત્વ, એકતા અને અખંડતા સુરક્ષિત રાખવા પ્રયત્નશીલ રહેવું.

(ઘ) આપણા દેશનું રક્ષણ કરવું, દેશની સેવા કરવી.

(ઙ) દરેક પ્રકારના ભેદભાવને ભૂલીને એકતા અને બંધુત્વની ભાવના વિકસાવવી. સ્ત્રીઓના સન્માનને ઠેસ પહોંચાડનારી પ્રથાઓનો ત્યાગ કરવો.

(ચ) આપણી સંમિશ્ર સંસ્કૃતિના વારસાનું જતન કરવું.

(છ) નૈસર્ગિક પર્યાવરણનું જતન કરવું. સજીવ પ્રાણીઓ પ્રત્યે દયાભાવ રાખવો.

(જ) વૈજ્ઞાનિક દષ્ટિ, માનવતાવાદ અને જિજ્ઞાસાવૃત્તિ કેળવવી.

(ઝ) સાર્વજનિક માલમત્તાનું જતન કરવું. હિંસાનો ત્યાગ કરવો.

(ઞ) દેશની ઉત્તરોત્તર પ્રગતિ માટે વ્યક્તિગત તેમજ સામૂહિક કાર્યમાં ઉત્તમતા-શ્રેષ્ઠતાનું સ્તર જાળવી રાખવાનો પ્રયત્ન કરવો.

(ટ) ૬થી ૧૪ વય જૂથના બાળકોને તેમના વાલીએ શિક્ષણની તક પૂરી પાડવી.

શિક્ષણખાતાનો મંજૂરી ક્રમાંક
ક્રમાંક : પ્રાશિસં/૨૦૧૪-૧૫/૨૧૦૨/મંજૂરી/ડ - ૫૦૫/૭૫૫ દિનાંક: ૪.૨.૨૦૧૪

# શિવછત્રપતિ

## (પરિસર અભ્યાસ, ભાગ - ૨)

## ધોરણ ચોથું

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

34A99K

તમારાં સ્માર્ટફોનમાં DIKSHA App દ્વારા પાઠ્યપુસ્તકનાં પહેલા પાનાં પરનાં Q.R. Codeથી ડિઝીટલ પાઠ્યપુસ્તક અને દરેક પાઠમાં આપેલા Q.R. Codeથી તે સંબંધિત પાઠનાં અધ્યયન – અધ્યાપન માટે ઉપયોગી દૃશ્ય–શ્રાવ્ય સાહિત્ય ઉપલબ્ધ થશે.

પ્રથમાવૃત્તિ : ૨૦૧૪
સુધારિત આવૃત્તિ :
સપ્ટેમ્બર ૨૦૧૬
પુનર્મુદ્રણ : સપ્ટેમ્બર ૨૦૨૧

© મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે - ૪૧૧ ૦૦૪.
મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ પાસે આ પુસ્તકના બધા હકો રહેશે. આ પુસ્તકમાંનો કોઈપણ ભાગ સંચાલક, મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળની લેખિત પરવાનગી વગર છાપી શકાશે નહિ.

**ઇતિહાસ વિષય સમિતિ :**
ડૉ. આ.હ. સાળુંખે, અધ્યક્ષ
ડૉ. સોમનાથ રોડે, સદસ્ય
ડૉ. નીરજ સાળુંખે, સદસ્ય
શ્રી. બાપૂસાહેબ શિંદે, સદસ્ય
શ્રી. મોગલ જાધવ, સદસ્ય સચિવ

**સંયોજક :**
શ્રી. મોગલ જાધવ
વિશેષાધિકારી, ઇતિહાસ અને નાગરિકશાસ્ત્ર

**ભાષાંતરકાર :**
સુશ્રી કલ્પના મહેતા

**ભાષાંતર સંયોજક :**
કેતકી નિતેશ જાની, વિશેષાધિકારી ગુજરાતી,
પાઠ્યપુસ્તક મંડળ, પુણે.

**ચિત્રો અને સજાવટ :**
શ્રી. દિલીપ કદમ

**છાયાચિત્રો :**
શ્રી. પ્રવીણ ભોસલે

**નકશાકાર :**
શ્રી. રવિકિરણ જાધવ
ડૉ. નીરજ સાળુંખે

**નિર્મિતિ :**
શ્રી. સચ્ચિતાનંદ આફળે, મુખ્ય નિર્મિતિ અધિકારી,
શ્રી. પ્રભાકર પરબ, નિર્મિતિ અધિકારી
શ્રી. શશાંક કણિકદળે, સહાયક નિર્મિતિ અધિકારી

**અક્ષરાંકન :** મે. ટ્રેંઝ, ટાઈપસેટર, મુંબઈ

**કાગળ :** ૭૦ જી એસ્ એમ્ ક્રિમવોવ્હ

**મુદ્રણાદેશ :** N/PB/2022-23/Qty.- 1,000

**મુદ્રક :**
M/s. Sohail Enterprises, Thane

**પ્રકાશક :**
શ્રી. વિવેક ઉત્તમ ગોસાવી, નિયંત્રક
પાઠ્યપુસ્તક નિર્મિતિ મંડળ, પ્રભાદેવી, મુંબઈ - ૨૫.

## પ્રસ્તાવના

'બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણનો હક અધિનિયમ-૨૦૦૯' અને 'રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા ૨૦૦૫' અનુસાર મહારાષ્ટ્ર રાજ્યમાં 'પ્રાથમિક શિક્ષણ અભ્યાસક્રમ ૨૦૧૨' અન્વયે શાલેય અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવ્યો. આ અભ્યાસક્રમની કાર્યવાહી ૨૦૧૩-૨૦૧૪ના શાલેય વર્ષથી ક્રમશઃ શરૂ થઈ ગઈ છે. અભ્યાસક્રમમાં ત્રીજા થી પાંચમાં ધોરણ સુધી સામાન્ય વિજ્ઞાન, નાગરિકશાસ્ત્ર અને ભૂગોળના વિષયને એકત્રિત રીતે પરિસર અભ્યાસ ભાગ-૧ માં સમાવિષ્ટ રહેશે. ઇતિહાસનો વિષય પરિસર અભ્યાસ ભાગ-૨ માં સ્વતંત્ર રહેશે, એમ પ્રસ્તુત કરેલું છે.

શાસનમાન્ય અભ્યાસક્રમ અનુસાર પાઠ્યપુસ્તક મંડળે ચોથા ધોરણનું પ્રસ્તુત પાઠ્યપુસ્તક તૈયાર કર્યું છે.

અધ્યયન - અધ્યાપન પ્રક્રિયા બાલકેંદ્રી બની રહે, સ્વયં અધ્યયન ઉપર ભાર મૂકવામાં આવે, પ્રાથમિક શિક્ષણના અંતે વિદ્યાર્થીઓ 'ચોક્કસ ક્ષમતા' પ્રાપ્ત કરે, અધ્યયન અને અધ્યાપન પ્રક્રિયા આનંદદાયી બની રહે, એવો વ્યાપક દૃષ્ટિકોણ નજર સામે રાખી આ પુસ્તક તૈયાર કર્યું છે.

પ્રસ્તુત પાઠ્યપુસ્તકમાં છત્રપતિ શિવાજી મહારાજનો પ્રેરણાદાયી ઇતિહાસ સુલભ અને અસરકારક શૈલીમાં વાર્તારૂપે વિદ્યાર્થીઓ સામે રાખવાનો પ્રયત્ન કર્યો છે. શિવાજી મહારાજનું ચરિત્ર અને કામગીરી સંપૂર્ણ મહારાષ્ટ્ર માટે અને દેશ માટે એક પ્રેરણાસ્ત્રોત મનાય છે. પાઠ્યપુસ્તકમાં શિવાજી મહારાજના વ્યક્તિત્વની વિવિધ સ્ફૂર્તિદાયી ઘટનાઓ આપેલી છે. આ પાઠ્યપુસ્તકના સંદર્ભમાં વિવિધ સામાજિક સંઘટના, સંસ્થા પાસેથી અને વ્યક્તિગત સ્તરે આવેલી ફરિયાદ અને સૂચનાઓ સમિતિએ યોગ્ય પદ્ધતિથી પારખીને પ્રસ્તુત પુસ્તકનું પુનઃ લેખન કર્યું છે. તેમજ આવશ્યકતા અનુસાર સુધારાઓ પણ કરવામાં આવ્યા છે.

પાઠ્યપુસ્તક વધારેમાં વધારે ક્ષતિરહિત અને ગુણવત્તાસભર બને એ દૃષ્ટિએ મહારાષ્ટ્રના કેટલાંક શિક્ષણતજ્જ્ઞ અને વિષયતજ્જ્ઞો પાસે આ પુસ્તકનું સમીક્ષણ કરવામાં આવ્યું. આવેલી સૂચના અને અભિપ્રાયોનો કાળજીપૂર્વક વિચાર કરી આ પુસ્તકને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે. ઇતિહાસ વિષય સમિતિ, ચિત્રકાર, છાયાચિત્રકારની અતિશય નિષ્ઠા અને પરિશ્રમથી આ પુસ્તક તૈયાર થયું છે. ગુજરાતી ભાષાંતરનું શ્રી ઇલેશકુમાર આર. ગાંધીએ ગુણવત્તા પરીક્ષણ કર્યું છે. મંડળ આ દરેકનું હૃદયપૂર્વક આભારી છે.

વિદ્યાર્થી, શિક્ષક અને વાલી આ પુસ્તકનું સ્વાગત કરશે, તેવી આશા છે.

(ચં. રા. બોરકર)
સંચાલક
મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ
અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

પુણે
તા. ૧૯-૦૨-૨૦૧૪

# ભારતનું સંવિધાન

## આમુખ

અમે ભારતના લોકો ભારતને એક સાર્વભૌમ સમાજવાદી બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો

તથા તેના સર્વ નાગરિકોને :

સામાજિક, આર્થિક અને રાજકીય ......................ન્યાય

વિચાર, અભિવ્યક્તિ, માન્યતા,

ધર્મ અને ઉપાસનાની ...............................સ્વતંત્રતા

દરજ્જા અને તકની .................................સમાનતા

પ્રાપ્ત થાય તેમ કરવાનો

અને તેઓ સર્વમાં

વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની

એકતા અને અખંડતા સુદૃઢ કરે એવી ................બંધુતા

વિકસાવવાનો

ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને

અમારી સંવિધાનસભામાં ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ આથી આ સંવિધાન અપનાવી, તેને અધિનિયમિત કરી અમને પોતાને અર્પિત કરીએ છીએ.

## રાષ્ટ્રગીત

જનગણમન – અધિનાયક જય હે
ભારત – ભાગ્યવિધાતા.
પંજાબ, સિંધુ, ગુજરાત, મરાઠા,
દ્રાવિડ, ઉત્કલ, બંગ,
વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા,
ઉચ્છલ જલધિતરંગ,
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે,
ગાહે તવ જયગાથા.
જનગણ મંગલદાયક જય હે,
ભારત – ભાગ્યવિધાતા.
જય હે, જય હે, જય હે,
જય જય જય, જય હે.

## પ્રતિજ્ઞા

ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈબહેન છે.

હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે. હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.

હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.

હું મારા દેશ અને દેશબાંધવો પ્રત્યે વફાદારી રાખવાની પ્રતિજ્ઞા લઉં છું. તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ સમાયેલું છે.

## પરિસર અભ્યાસ ભાગ – ૨ અધ્યયન નિષ્પત્તિ ધોરણ – ચોથું

| અધ્યયન માટે સૂચવેલી શૈક્ષણિક પ્રક્રિયા | અધ્યયન નિષ્પત્તિ |
|---|---|
| **દરેક વિદ્યાર્થીઓને (ભિન્ન રૂપથી સક્ષમ બાળકો સહિત) વ્યક્તિગત, સામૂહિક રીતે કાર્ય કરવાનો અવસર અને પ્રોત્સાહન મળે તે માટે –**<br>• કુટુંબના વડીલો/સભ્યો સાથે ચર્ચા કરવી અને પ્રશ્નો પૂછવા. કુટુંબના કેટલાક લોકો ભેગા રહે છે, ચર્ચા કરે છે અને કેટલાક દૂર રહે છે તે સમજવું. દૂર રહેતાં સગાવહાલાં, સંબંધીઓ સાથે સંવાદ સાધી તેમના ઘર, વાહનવ્યવહારના સાધનો અને તેમના પરિસરના લોકજીવન વિશે માહિતી મેળવવી.<br>• ડર કે સંકોચ રાખ્યા વગર અનુભવ આધારિત પ્રશ્નો કરે અને મનન કરે.<br>• માતા-પિતા/વાલી/દાદા-દાદી, પડોશમાં રહેતા વડીલો સાથે ચર્ચા કરવી અને તેમના જીવનમાં, ભૂતકાળમાં અને હાલમાં રોજિંદા વપરાશની વસ્તુ દા.ત. કપડાં, વાસણ, કામનું સ્વરૂપ, રમતની તુલના કરે, વિશેષ જરૂરિયાત ધરાવતા બાળકોનો સમાવેશ.<br>• શિવાજી ચરિત્રની ઘટનાઓ પર આધારિત ભૂમિકાનું પાલન કરે.<br>• સમૂહચર્ચાના માધ્યમે ધૈર્ય, પરિશ્રમ, પ્રસંગાવધાનની મદદથી કેવી રીતે સંકટને માત કરી શકાય તે જાણે.<br>• શિવચરિત્રના ઉદાહરણ પરથી પર્યાવરણ રક્ષણ, જળસાક્ષરતા, સમતા, ન્યાય વગેરે વિશે જાગૃતિ વિકસિત કરવી.<br>• ઘરે /શાળામાં/સમાજમાં આયોજિત વિવિધ સાંસ્કૃતિક/ રાષ્ટ્રીય/ પર્યાવરણના ઉત્સવ/ વિવિધ પ્રસંગોમાં ભાગ લેવો. દા.ત. સવારની અથવા વિશેષ સભા/પ્રદર્શન/દિવાળી/ ઓણમ/વસુંધરા દિવસ/ઈદ વગેરે તેમજ સમારંભમાં નૃત્ય, નાટ્ય, અભિનય, સર્જનશીલ લેખન અને કૃતિ કરવી. (દા.ત. રંગોળી/પતંગ બનાવવા, ઈમારતની પ્રતિકૃતિ, નદીપરના પુલની પ્રતિકૃતિ બનાવવી વગેરે) કથા, કવિતા, ઘોષવાક્યો, ઘટનાનો અહેવાલ કથન, સર્જનશીલ લેખન અથવા એકાદ સર્જનશીલ કૃતિ પ્રસ્તુત કરવી.<br>• પાઠ્યપુસ્તક સાથે અન્ય સામગ્રી વાંચવી/શોધવી. જેમ કે – વર્તમાન પત્રોની કાતરણો, શ્રાવ્ય સાધનો /વાર્તા/કવિતા/ ચિત્ર/સ્પર્શ થી જણાય તેવું સાહિત્ય, આંતરજાલ/ગ્રંથાલય તેમજ અન્ય કોઈ પણ સંસાધન.<br>• પારંપરિક અને આધુનિક પોશાક વચ્ચેનો ફરક સમજે.<br>• રાજ્યની ભાષા, બોલીભાષા, તહેવાર અને ઉત્સવ વિશે માહિતી ભેગી કરવી. | **વિદ્યાર્થી –**<br>04.95B.01 સંયુક્ત કુટુંબના સભ્યોનું એક-બીજા સાથેનું સગપણ સમજે છે.<br>04.95B.02 કુટુંબ/શાળા/પાડોશ જેવા સ્થળે નિરીક્ષણ કરેલ/અનુભવેલ સમસ્યાઓ વિશે પોતાનો મત રજૂ કરે છે. (દા.ત. ભેદભાવ/બાળકોના હક્ક/ રોજિંદી ઘટમાળ)<br>04.95B.03 સમૂહમાં સાથે કામ કરતી વખતે એકબીજા પ્રત્યે આસ્થા, સમાન અનુભૂતિ અને નેતૃત્વગુણ જેવી બાબતોમાં આગળ થઈને સક્રિય સહભાગ લે છે. દા.ત. વર્ગમાં/વર્ગની બહાર/સ્થાનિક/સમ-કાલીન ઉપક્રમ અને રમત તેમજ વનસ્પતિની સંભાળ લેવી, પશુ-પક્ષીઓને ખાવાનું આપવું, આસપાસની વસ્તુ/વડીલો/દિવ્યાંગો માટે પ્રકલ્પ કરે છે/ભૂમિકા ભજવે છે.<br>04.95B.04 છત્રપતિ શિવાજી મહારાજના વ્યક્તિત્વમાંની વિવિધ સ્ફૂર્તિદાયી ઘટનાઓ કહે છે.<br>04.95B.05 ચતુરાઈ, ધૈર્ય અને વિવેક વડે સંકટ દૂર કરી શકાય છે તે સમજે છે.<br>04.95B.06 ભૌગોલિક અને સાંસ્કૃતિક કારણોસર વસ્ત્રની વિવિધતા કહે છે. |

# અનુક્રમણિકા


| અ.ક્ર. | પાઠનું નામ | પૃષ્ઠ ક્ર. |
|---|---|---|
| ૧. | શિવાજીના જન્મ પહેલાંનું મહારાષ્ટ્ર | ૧ |
| ૨. | સંતોની કામગીરી | ૩ |
| ૩. | મરાઠા સરદારો – પરાક્રમી ભોસલે કુટુંબ | ૮ |
| ૪. | શિવરાયનું બાળપણ | ૧૨ |
| ૫. | શિવરાયનું શિક્ષણ | ૧૭ |
| ૬. | સ્વરાજ્ય સ્થાપનાની પ્રતિજ્ઞા | ૨૧ |
| ૭. | સ્વરાજ્યનું તોરણ બાંધ્યું | ૨૫ |
| ૮. | પોતાના શત્રુઓને થાળે પાડયા | ૨૯ |
| ૯. | પ્રતાપગઢ ઉપરનું પરાક્રમ | ૩૨ |
| ૧૦. | બહાદુરીથી ખીણ જીતી | ૩૭ |
| ૧૧. | શાયિસ્તાખાનની ફજેતી | ૪૨ |
| ૧૨. | પુરંદરનો ઘેરો અને સુલેહ | ૪૫ |
| ૧૩. | બાદશાહને હાથતાળી આપી | ૫૦ |
| ૧૪. | ગઢ આવ્યો પણ સિંહ ગયો | ૫૩ |
| ૧૫. | એક અપૂર્વ સમારંભ | ૫૭ |
| ૧૬. | દક્ષિણ તરફ ઝુંબેશ | ૬૦ |
| ૧૭. | કિલ્લા સંરક્ષણ અને નૌકાદળની વ્યવસ્થા | ૬૫ |
| ૧૮. | લોકકલ્યાણકારી સ્વરાજ્યનો વહીવટ | ૭૦ |

'શિવાજી મહારાજ માત્ર મહારાષ્ટ્રના જ નહોતા પરંતુ તે સમગ્ર રાષ્ટ્રના હતા. તેમણે મહાન તત્ત્વજ્ઞાની-ઓના ઉપદેશમાંથી પ્રેરણા મેળવી હતી. વ્યક્તિગત મહત્ત્વાકાંક્ષાથી ફક્ત પોતાના માટે રાજ્ય સ્થાપવાની તેમની ઇચ્છા નહોતી. તત્કાલીન રાજ્યપદ્ધતિના ગુણ-અવગુણોનો તેમણે અભ્યાસ કર્યો અને તેમાંથી પોતાની વિશિષ્ટ નીતિ અને રાજ્યવ્યવસ્થાની યોજના કરી. મહારાજ પોતે ધર્મનિષ્ઠ હિંદુ હતા, તેવી જ રીતે અન્ય ધર્મ વિષેની તેમની ભાવના સહિષ્ણુતા ભરેલી હતી. અન્ય ધર્મના પૂજાસ્થાનો માટે તેમણે ઈનામો આપ્યા. શિવાજી મહારાજ એક મહાન સેનાની હતાં. સ્વાતંત્ર્યના રક્ષણ માટે નૌકાદળની જરૂરિયાત અને મહત્ત્વ તેમને સમજાયા હતાં. અંગ્રેજ અને ડચ લોકોના આક્રમણોથી સંરક્ષણ કરવા માટે તેમણે શક્તિશાળી નૌકાદળની સ્થાપના કરી. પ્રતાપગઢ કિલ્લાના બાંધકામમાં તેમની યુદ્ધવિષયક નિપુણતા દેખાઈ આવે છે. શિવાજી મહારાજને પોતાના દેશ ઉપર અત્યંત પ્રેમ હતો અને માનવ સદ્‌ગુણોના તો તેઓ સાક્ષાત્ પ્રતીક હતા.'

– પંડિત જવાહરલાલ નહેરુ



મીર મહંમદ નામના શિવકાલીન ચિત્રકારે દોરેલું શિવાજી મહારાજનું ચિત્ર.
(મૂળ ચિત્ર પૅરિસના સંગ્રહાલયમાં છે.)

# ૧. શિવાજીના જન્મ પહેલાંનું મહારાષ્ટ્ર

શિવાજી મહારાજ મહાન પુરુષ હતાં. આપણે દરવર્ષે તેમની જયંતિ ધામધૂમથી અને આદરપૂર્વક ઉજવીએ છીએ. બાળકો તમે તો તે દિવસે કેટલાં આનંદમાં હોવ છો ! મહારાજના સરસ સરસ ગીતો ગાઓ છો, પોવાડા (વીરરસ ધરાવતી પરાક્રમ ગાથા) ગાઓ છો, તેમની છબીને હાર પહેરાવો છો. ખૂબ ઉત્સાહથી 'શિવાજી મહારાજની જય' બોલાવીને મહારાજના નામનો જયજયકાર કરો છો. કોણ હશે આ શિવાજી મહારાજ ? એવી કઈ મોટી કામગીરી તેમણે કરી છે?

જે સમયમાં શિવાજી મહારાજ થઈ ગયા, તે સમય મધ્યયુગનો હતો. તે સમયે બધે જ રાજાશાહીનો અમલ હતો. ઘણા રાજાઓ પ્રજાના હિતને બદલે પોતાના જ ભોગવિલાસમાં મગ્ન રહેતા; પરંતુ તે સમયમાં પણ એવા કેટલાંક રાજાઓ થઈ ગયા, કે જેમણે પ્રજાના કલ્યાણ માટે રાજ્ય કર્યું. ઉત્તરમાં મોગલ સમ્રાટ અકબર, દક્ષિણના વિજયનગરના સમ્રાટ કૃષ્ણદેવરાય પોતાના કલ્યાણકારી રાજ્યવહીવટ માટે ઇતિહાસમાં પ્રસિદ્ધ છે. તેમની સાથે જ શિવાજી મહારાજનું નામ પણ ગૌરવથી લેવામાં આવે છે.

શિવાજી મહારાજે મહારાષ્ટ્રમાં સ્વરાજ્યની સ્થાપના કરી. સ્વરાજ્ય એટલે પોતાનું રાજ્ય. મહારાજની પહેલા લગભગ ચારસો વર્ષ મહારાષ્ટ્રમાં સ્વરાજ્ય નહોતું. મહારાષ્ટ્રનો મોટા ભાગનો વિસ્તાર અહમદનગરના નિઝામશાહ અને બીજાપુરના આદિલશાહે આપસમાં વહેંચી લીધો હતો. તે રાજાઓ ઉદાર દિલના નહોતા. તેઓ પ્રજા ઉપર જુલમ ગુજારતા હતાં. આ બંને રાજાઓ વચ્ચે જૂનું વેર હતું. તેમની વચ્ચે હંમેશા લડાઈઓ થતી. તેમાં પ્રજા બેહાલ થતી, પ્રજા સુખી નહોતી. જાહેરમાં ઉત્સવો કરવા કે પૂજા કરવામાં જોખમ હતું. પ્રજાને પેટ ભરીને ખાવા મળતું નહોતું. રહેવા માટે સુરક્ષિત ઘર નહોતાં. ચારેબાજુ અન્યાય વ્યાપેલો હતો. મહારાષ્ટ્રમાં ઠેરઠેર દેશમુખ, દેશપાંડે વગેરે વતનદારો (જાગીરદારો) હતા, પણ પ્રજાના સુખદુઃખની તેમને પરવા નહોતી. દેશ ઉપર તેમને પ્રેમ નહોતો. પ્રેમ હતો ફક્ત વતન ઉપર, જાગીર ઉપર. વતન માટે તેઓ અંદરોઅંદર લડતાં. એકબીજા સાથે ઝઘડતા તેમાં પ્રજાના બેહાલ થતા. આવી બધી બાબતોને લીધે પ્રજા ત્રાસી ગઈ હતી. ચારે તરફ અંધાધૂંધી ફેલાયેલી હતી.

શિવાજી મહારાજે આ બધું જોયું. પ્રજાને સુખી કરવા સ્વરાજ્ય સ્થાપવાનું પવિત્ર કાર્ય તેમણે હાથમાં લીધું. ઝઘડાખોર જાગીરદારોને તેઓ ઠેકાણે લાવ્યા. સ્વરાજ્યના કામમાં તેમનો ઉપયોગ કર્યો. તેવી જ રીતે પ્રજા ઉપર અન્યાય કરનારી સત્તાનો શિવાજી મહારાજે વિરોધ કર્યો. જુલમી રાજવહીવટનો પરાજય કર્યો. ન્યાયપૂર્ણ હિંદવી સ્વરાજ્યની તેમણે સ્થાપના કરી. આ સ્વરાજ્ય દરેક જાતિ અને ધર્મના લોકોનું હતું. સ્વરાજ્યમાં કોઈપણ જાતનો ભેદભાવ નહોતો. શિવાજી મહારાજે સ્વરાજ્યમાં હિંદુ, મુસલમાન જેવો કોઈ ભેદભાવ રાખ્યો નહિ. દરેક ધર્મના સાધુસંતોનું તેમણે સન્માન કર્યું. મહારાજની આવી મહાન કામગીરી જોઈને આપણને પ્રેરણા મળે છે, સ્ફૂર્તિ મળે છે.

શિવાજી મહારાજ પહેલા લગભગ ત્રણસો-ચારસો વર્ષ પહેલાં મહારાષ્ટ્રમાં અનેક સંતો થઈ ગયા. તેમણે કરેલી કામગીરીનો શિવાજી મહારાજને સ્વરાજ્ય સ્થાપનાના કાર્યમાં ઉપયોગ થયો. સંતોની કામગીરી આપણે હવે પછીના પાઠમાં જોઈશું.

**૧. ખાલી જગ્યામાં કૌંસમાંથી યોગ્ય પર્યાય લખો.**

(અ) શિવાજી મહારાજ જે સમયમાં થઈ ગયા તે સમય .................... યુગનો હતો.
(પ્રાચીન, મધ્ય, આધુનિક)

(આ) શિવાજી મહારાજે .......................... સ્વરાજ્યની સ્થાપના કરી.
(મહારાષ્ટ્રમાં, મધ્યપ્રદેશમાં, ઉત્તરપ્રદેશમાં)

**૨. 'અ' જૂથ અને 'બ' જૂથને યોગ્ય રીતે જોડો.**

| 'અ' જૂથ | 'બ' જૂથ |
|---|---|
| (અ) વિજયનગરના સમ્રાટ | (૧) નિઝામશાહ |
| (આ) અહમદનગરના સુલતાન | (૨) આદિલશાહ |
| (ઇ) બીજાપુરના સુલતાન | (૩) કૃષ્ણદેવરાય |
| | (૪) સમ્રાટ અકબર |

**૩. દરેકના એક વાક્યમાં જવાબ લખો.**

(અ) પ્રજાના કલ્યાણ માટે રાજ્ય કરનારા રાજાઓના નામ લખો.

(આ) શિવાજી મહારાજે કયું કાર્ય હાથમાં લીધું ?

(ઇ) શિવાજી મહારાજે કોની સામે પડકાર કર્યો ?

**૪. જુદો શબ્દ ઓળખો.**

(અ) સ્વરાજ્ય, ગુલામગીરી, સ્વાતંત્ર્ય

(આ) રૈયત, પ્રજા, રાજા

**ઉપક્રમ**

(અ) તમારા વર્ગમાં શિવજયંતિની ઉજવણી કરો.

(આ) શાળાના સાંસ્કૃતિક કાર્યક્રમમાં ઐતિહાસિક ગીતો, પોવાડાની રજૂઆત કરો.



# ૨. સંતોની કામગીરી

મહારાષ્ટ્રમાં શ્રીચક્રધર, સંત નામદેવ, સંત જ્ઞાનેશ્વર, સંત ચોખામેળાથી શરૂ થયેલી સંતપરંપરા સમાજના વિવિધ સ્તરોમાંથી આવેલા સંતોએ આગળ ચલાવી. આ સંતોની મંડળીમાં સંત ગોરોબા, સંત સાવતા, સંત નરહરિ, સંત એકનાથ, સંત શેખ મહંમદ, સંત તુકારામ, સંત નિળોબા વગેરે સંતોનો સમાવેશ થયો તેવી જ રીતે સંત જનાબાઈ, સંત સોયરાબાઈ, સંત નિર્મળાબાઈ, સંત મુક્તાબાઈ, સંત કાન્હોપાત્ર અને સંત બહિણાબાઈ શિઉરકરનો પણ સમાવેશ થાય છે.

તેમણે લોકોને દયા, અહિંસા, પરોપકાર, સેવા, સમતા, બંધુભાવ વગેરે ગુણોનો ઉપદેશ આપ્યો. કોઈ નાનું નથી, કોઈ મોટું નથી, બધા સરખા છે તેવી સમતાની ભાવના સંતોએ લોકોના મનમાં નિર્માણ કરી તેમજ મહારાષ્ટ્રમાં સમર્થ રામદાસે પોતાનું કાર્ય કર્યું.



શ્રીચક્રધર સ્વામી

**શ્રીચક્રધર સ્વામી :** શ્રીચક્રધર સ્વામી મૂળ ગુજરાતના એક રાજપુત્ર હતાં. વૈરાગ્યવૃત્તિ સ્વીકારીને તેઓ મહારાષ્ટ્રમાં આવ્યા. અહીં ફરતાં ફરતાં તેમણે સમાનતાનો ઉપદેશ આપ્યો. તેમને સ્ત્રી-પુરુષ, જાતપાત જેવા ભેદભાવ માન્ય નહોતા. તેથી તેમને અનેક સ્ત્રી-પુરુષ અનુયાયીઓ મળ્યા. તેમણે સ્થાપેલા પંથને 'મહાનુભાવ પંથ' કહેવાય છે. શ્રીચક્રધર સ્વામીની યાદનો સંગ્રહ એટલે 'લીલાચરિત્ર' નામનો ગ્રંથ.

**સંત નામદેવ :** સંત નામદેવ વિઠ્ઠલના અસીમ ભક્ત હતાં. તેઓ નરસી ગામના રહેવાસી હતાં. તેમણે અનેક અભંગો રચ્યા, કીર્તનો કર્યા અને



સંત નામદેવ

જનતામાં જાગૃતિ નિર્માણ કરી. તેમણે ભાગવત ધર્મના પ્રસાર માટે મહારાષ્ટ્રભરમાં ભ્રમણ કર્યું. તેમણે લોકોને ભક્તિનો ઉપદેશ આપ્યો. ધર્મરક્ષણનો અને ભક્તિમાર્ગનો દઢ નિર્ધાર લોકોના મનમાં જાગૃત કર્યો. સંત નામદેવ પછી ભારતભરમાં પ્રવાસ કરીને માનવધર્મનો સંદેશો પહોંચાડ્યો. તે પંજાબમાં ગયા. ત્યાંના લોકોને પણ તેમણે સમાનતાનો સંદેશ આપ્યો. હિંદી ભાષામાં પદો લખ્યા. તેમના કેટલાંક પદો આજે પણ શીખ લોકોના 'ગુરુગ્રંથસાહેબ' ન ામના ધર્મગ્રંથમાં સમાવિષ્ઠ છે. મહારાષ્ટ્રમાં તો તેમના અભંગ ઘેરઘેર ખૂબ ભક્તિપૂર્વક ગવાય છે.

**સંત જ્ઞાનેશ્વર :** સંત જ્ઞાનેશ્વર આપેગાંવના રહેવાસી હતાં. નિવૃત્તિનાથ અને સોપાનદેવ તેમના ભાઈઓ હતાં. મુક્તાબાઈ તેમની બહેન હતી. તે વખતના રૂઢિચુસ્ત લોકો આ બાળકોને સંન્યાસીના છોકરા કહીને તિરસ્કાર કરતા હતા, તેનું કારણ એ કે તેમના પિતાએ સંન્યાસ લીધો હતો. ઘર છોડી દીધું હતું, પણ પછીથી ગુરુની આજ્ઞા અનુસાર તેઓ ઘરે પાછા આવ્યા અને સંસારમાં રહેવા લાગ્યા. આગળ જતાં તેમને આ ચાર બાળકો થયા. આ તે સમયના રૂઢિચુસ્ત લોકોને માન્ય નહોતું. લોકોએ તેમનો બહિષ્કાર કર્યો હતો. લોકો તે બાળકોને હેરાન કરતાં હતાં.

જ્ઞાનેશ્વર એક વખત ભિક્ષાની થેલી લઈને ગામમાં ગયા; પણ કોઈએ તેમને ભિક્ષા આપી નહિ. દરેક જગ્યાએ તેમને આડા-અવળાં કડવા શબ્દો સાંભળવા પડ્યા. તેમના બાળમનને ખૂબ દુઃખ થ યું. તેઓ પોતાની ઝૂંપડીમાં આવ્યા. ઝૂંપડીનો દરવાજો બંધ કરીને અંદર દુઃખી થઈ શોક કરતાં બેઠાં. એટલામાં ત્યાં મુક્તા આવી. ઘાસના બારણાં ઉપર ટકોરા મારીને તે જ્ઞાનેશ્વરને કહેવા લાગી, ''બારણું ખોલ જ્ઞાનેશ્વર. અરે, આપણે દુઃખી થઈને બેસીશું તો કેમ ચાલશે ? જગતનું કલ્યાણ કોણ કરશે ?'' બહેનના ઉપદેશથી જ્ઞાનેશ્વરમાં ઉત્સાહ આવ્યો. દુઃખ ભૂલીને તેઓ કામે લાગ્યા. ઠેરઠેર ગરીબો અને પછાત લોકો ઉપર ધર્મના નામે જુલમ થતો હતો. ત્યારે જ્ઞાનેશ્વરે લોકોને આસ્થ ાપૂર્વક ઉપદેશ આપ્યો, ''ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખો. દરેક સાથે સમાનતાથી વર્તો. દુઃખી માણસોને મદદ કરો, તેમનું દુઃખ દૂર કરો.'' તેમનો ઉપદેશ છેલ્લાં સાતસો વર્ષથી મહારાષ્ટ્રના ખૂણેખૂણે એકસરખો ગુંજી રહ્યો છે.

તે સમયમાં ધર્મનું જ્ઞાન સંસ્કૃત ગ્રંથોમાં કેદ થઈ ગયું હતું. સર્વ સામાન્ય લોકોની બોલવાની અને વ્યવહારની ભાષા મરાઠી હતી. જ્ઞાનેશ્વરે મરાઠી ભાષામાં 'જ્ઞાનેશ્વરી' નામનો મહાન ગ્રંથ લખ્યો. ધર્મના જ્ઞાનનો ભંડાર તેમણે લોકો માટે ખુલ્લો કરી દીધો. લોકોને બંધુત્વ ભાવનાનો ઉપદેશ આપ્યો. જ્ઞાનેશ્વરે યુવાન વયે પુણે પાસે આળંદીમાં



સંત જ્ઞાનેશ્વર

જીવતાજીવંત સમાધિ લીધી. આજે પણ લાખો લોકો ખૂબ ભક્તિભાવથી દરવર્ષે અષાઢી તથા કાર્તિકી એકાદશીએ આળંદી અને પંઢરપુર જાય છે.

**સંત એકનાથ :** સંત નામદેવ અને સંત જ્ઞાનેશ્વરના કાર્યોની પરંપરા સંત એકનાથે આગળ ચલાવી.



સંત એકનાથ

તેઓ પૈઠણના રહેવાસી હતાં. તેમણે ભક્તિમાર્ગનો પ્રચાર કર્યો. તેમણે અનેક અભંગ, ઓવીઓ અને ભારુડ લખ્યા છે. કોઈ રીતે ઊંચનીચનો ભેદભાવ ન માનવાનો તેમણે લોકોને ઉપદેશ આપ્યો. ભક્તિની મહત્તા તેમણે લોકોને સમજાવી. ગરીબ અને પછાત લોકોને પોતાના કર્યાં. એટલું જ નહિ, પણ મૂંગાં પ્રાણીઓ ઉપર પણ તેમણે દયા કરી. પ્રાણીમાત્ર ઉપર દયા રાખો, એવો લોકોને પણ ઉપદેશ આપ્યો. સંત એકનાથ જેવું બોલતાં તે પ્રમાણે જ વર્તતા હતાં.

એક દિવસ તેઓ ગોદાવરી નદીએ સ્નાન કરવા નીકળ્યા હતાં. બપોરનો સમય હતો. ધોમધખતો તાપ હતો. કિનારાનું મેદાન તપેલું હતું. તે તપેલા કિનારા ઉપર એક અનાથ બાળક રડતું બેઠું હતું. તેના રડવાનો અવાજ એકનાથના કાને આવ્યો. તેમણે તેના માતાપિતા નજીકમાં છે કે તે માટે અહીંતહીં જોયું. દોડતાં તેઓ તે બાળક પાસે ગયા. તેમણે એ બાળકને તેડી લીધું. તેના આંસુ લૂછયાં. તેને તેના ઘરે પહોંચતું કર્યું.

આવી રીતે પોતાના આચરણ દ્વારા એકનાથે સમાનતાની અને મમતાની ભાવના લોકોના મનમાં ઉપજાવી.

**સંત તુકારામ :** શિવાજી મહારાજના સમયમાં સંત તુકારામ અને સંત રામદાસ થઈ ગયા. સંત તુકારામ પુણે પાસેના દેહુ ગામના




સંત તુકારામ

રહેવાસી હતાં. તેમને ઘરની ખેતી હતી. તેમની કરિયાણાની દુકાન પણ હતી. તેમના દાદા-પરદાદાઓ જરૂરિયાતવાળાને અને મુશ્કેલીમાં હોય તેને કરજ આપતાં પણ તુકારામે પોતાના હિસ્સામાં આવેલ કરજાની ખાતાવહી ઇંદ્રાયણી નદીમાં ડુબાડીને અનેક લોકોને કરજમાંથી મુક્ત કર્યાં. નજીકના ડુંગર ઉપર જઈને તેઓ વિઠ્ઠલના ભજન કરતાં. અષાઢી અને કાર્તિકી એકાદશીએ તેઓ પંઢરપુર જતાં. કીર્તનો કરતા, અભંગો રચતા અને તે લોકોને ગાઈને સંભળાવતા. હજારો લોકો તેમના કીર્તનમાં આવતા. શિવરાય પણ તેમના કીર્તનમાં જતા હતાં. સંત તુકારામ લોકોને દયા, ક્ષમા, શાંતિનો ઉપદેશ આપતા, સમાનતાનો સંદેશ આપતાં.

'જે કા રંજલે ગાંજલે। ત્યાંસી મ્હણે જો આપુલે
તોચિ સાધુ ઓળખાવા। દેવ તેથેચિ જાણાવા।'

(જેઓ દુઃખથી વ્યથિત હોય તેમને પોતાના ગણવા. તેમને સાધુપુરુષ તરીકે ઓળખવા અને પ્રભુ તેમનામાં વસેલા છે તેમ જાણવું.) આ સંદેશ તેમણે લોકોના મનમાં વસાવ્યો. લોકોના મનમાં વિચારો જાગૃત કર્યાં. લોકો સંત તુકારામનો જયજયકાર કરવા લાગ્યા. આજે પણ સમગ્ર મહારાષ્ટ્રમાં આપણને 'ગ્યાનબા તુકારામ' નો જયઘોષ સાંભળવા મળે છે. જ્ઞાનેશ્વરને જ 'ગ્યાનબા' કહેવાય છે. 'તુકારામગાથા' આજે પણ ઘરઘરમાં વંચાય છે.

**સમર્થ રામદાસ :** તે જ સમયમાં મહારાષ્ટ્રના પથ્થરે પથ્થરમાં 'જય જય રઘુવીર સમર્થ' જેવી રામદાસની હાક ગુંજતી હતી. તેમનો જન્મ



સમર્થ રામદાસ

મરાઠાવાડામાં ગોદાવરી નદીના કિનારે આવેલા જાંબ ગામમાં રામનવમીના દિવસે થયો હતો. રામદાસનું મૂળ નામ નારાયણ, પણ તે પોતાને 'રામના દાસ' કહેવડાવવા લાગ્યા. 'દાસબોધ' નામના તેમના ગ્રંથ દ્વારા લોકોને તેમણે અમૂલ્ય ઉપદેશ આપ્યો. તેમજ તેમના 'મનાચે શ્લોક' દ્વારા તેમણે લોકોને સદ્‌વિચાર અને સદ્‌વર્તનનો ઉપદેશ આપ્યો. શક્તિની ઉપાસના માટે તેમણે ઠેરઠેર હનુમાનના મંદિરો સ્થાપ્યા. લોકોને શક્તિની ઉપાસના કરતાં શીખવ્યું. ''सामर्थ्य आहे चळवळीचे जो जो करील तयाचे'' (ચળવળમાં શક્તિ છે, જે કરશે તેમને ફળ મળશે) આ સંદેશ તેમણે લોકોને આપ્યો. રામદાસે લોકોને સંગઠિત થવાની અને અન્યાયનો સામનો કરવાની પ્રેરણા આપી, તેથી તે સમયના લોકોને વિશ્વાસ આવ્યો.

સાધુસંતોના કાર્યથી લોકજાગૃતિ નિર્માણ થઈ. ધર્મ માટે આદર વધ્યો. લોકોના મનમાં આત્મવિશ્વાસ જાગૃત થયો. સંતોની કામગીરીનો ઉપયોગ શિવરાયે સ્વરાજ્ય સ્થાપના માટે કર્યો.

**૧. ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ લખો.**

(અ) સંત નામદેવ ........... અસીમ ભક્ત હતાં.

(આ) જ્ઞાનેશ્વરે યુવાન વયે પુણે નજીક ........... માં જીવતાજીવંત સમાધિ લીધી.

(ઇ) સંત તુકારામે પોતાના હિસ્સાના કરજની ખાતાવહી ........... નદીમાં ડુબાડી દીધી.

(ઈ) સમર્થ રામદાસે શક્તિની ઉપાસના માટે ........... મંદિરો સ્થાપ્યા.

**૨. દરેકના એક વાક્યામાં જવાબ લખો.**

(અ) શ્રીચક્રધર સ્વામીને ક્યા ભેદભાવ માન્ય નહોતા ?

(આ) સંત નામદેવે લોકોના મનમાં ક્યો નિર્ધાર જાગૃત ક્યોં ?

(ઇ) સંત એકનાથે લોકોને ક્યો ઉપદેશ આપ્યો ?

(ઈ) સમર્થ રામદાસે ક્યો સંદેશ આપ્યો ?

**૩. બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો.**

(અ) સંત જ્ઞાનેશ્વર ઝૂંપડીનું બારણું બંધ કરીને શા માટે બેસી ગયા ?

(આ) સંત તુકારામે લોકોના મનમાં ક્યો સંદેશ વસાવ્યો ?

**ઉપક્રમ**

પાઠમાં આપેલા સંતો સિવાયના અન્ય સંતોના ચિત્રો મેળવીને તેની નીચે તેમના વિચારો લખો.

34T1CV

## ૩. મરાઠા સરદારો - પરાક્રમી ભોસલે કુટુંબ

**ઉથલપાથલનો સમય :** સંતોએ લોકોના મનમાં ભક્તિભાવ નિર્માણ કર્યો. તો શૂરવીર મરાઠા સરદારોએ મહારાષ્ટ્રમાં શૌર્યની પરંપરા નિર્માણ કરી.

તે સમય જ ઘણી ઉથલપાથલનો હતો. બીજાપુરના આદિલશાહ અને અહમદનગરના નિઝામશાહ આ સુલતાનો વચ્ચે મહારાષ્ટ્રમાં હંમેશા લડાઈ થતી. લડાઈ માટે તેમને સૈન્ય જોઈતું. તે માટે તેઓ મરાઠા સરદારોનો ઉપયોગ કરતાં.

**શૂરવીર મરાઠા સરદારો :** મરાઠાઓ ખડતલ અને શૂરવીર હતાં. તેમજ તેઓ સાહસિક હતા, સ્વામીનિષ્ઠ હતા. લડાઈમાં મોટા પરાક્રમો કરવામાં તેઓ ગૌરવ માનતા. હાથમાં ભાલા, કમ્મરે તલવાર ખોસીને આ સાહસિક મરાઠા યુવાનો ઘોડા ઉપર સવાર થઈને સરદારોના લશ્કરમાં દાખલ થતાં. મરાઠા સરદારો લશ્કરબદ્ધ હતાં. કોઇપણ લશ્કરબદ્ધ મરાઠા સરદાર સુલતાન પાસે જતા, તો સુલતાન તેને પોતાની નોકરીમાં રાખી લેતા. તેને સરદારી આપતા, ક્યારેક જાગીર પણ આપતા. જાગીર મળી હોય તે સરદાર પોતાને પોતાની જાગીરના રાજા સમજતા.

બીજાપુર અને અહમદનગરના સુલતાનો પાસે અનેક મોટા અને મહાન મરાઠા સરદારો હતાં. તેમાં સિંદખેડના જાધવ, ફલટણના નિંબાલકર, મુધોળના ઘોરપડે, જાવળીના મોરે અને વેરુળના ભોસલે મુખ્ય હતાં. સિંદખેડના જાધવ દેવગિરિના યાદવોના વંશજ હતાં. શિવરાયના માતુશ્રી જિજાબાઈ સિંદખેડના લખુજી જાધવના પુત્રી હતા.

**બહાદુરીની પરંપરા :** આ બધા સરદારો શૂરવીર યોદ્ધાઓ હતાં, પણ તેઓ પૈકી અનેક એકબીજાના કટ્ટર દુશ્મન હતાં. પોતાનાં લોકો માટે એક થઈને કંઈક કરવાની દૃષ્ટિ કે ભાવના તેમનામાં નહોતી. તેને લીધે તેમની બહાદુરી તે સમયે પારકાઓને ઉપયોગી થતી; પરંતુ આમ હોવા છતાં, મહારાષ્ટ્રના હજારો યુવાનોમાં પરાક્રમી બનવાનો રસ તેમણે નિર્માણ કર્યો. તેમણે અનેક પરાક્રમી યોદ્ધાઓ તૈયાર કર્યાં. મરાઠા સરદારોએ મહારાષ્ટ્રમાં શૂરવીરતાને ટકાવી રાખી. મહારાષ્ટ્રના શૂરવીર કુટુંબો પૈકી વેરુળનું ભોસલે કુટુંબ ખૂબ પરાક્રમી નીવડયું.

**ઘૃષ્ણેશ્વરનું મંદિર :** લગભગ ચારસો વર્ષ પહેલાંની વાત છે. વેરુળની ગુફા નજીક ઘૃષ્ણેશ્વરનું સુંદર મંદિર જીર્ણ થઈ જવાથી પડુંપડું થઈ રહ્યું હતું. તેની દીવાલોમાં તિરાડો પડી ગઈ હતી. મંદિરના પૂજારી પણ મંદિર છોડીને જતા રહ્યા હતાં. આટલા મહાન દેવ ! પણ કેવી દુર્દશા થઈ હતી તે મંદિરની ! તે મંદિર જોઈને ભકતોને અનુકંપા થતી હતી. જતાં-આવતાં લોકો પણ વ્યથિત થતાં, નિસાસા નાંખતા, પણ તેના સમારકામનો વિચાર કોણ કરે ?

આ જીર્ણ મંદિરમાં એક શિવભક્ત હંમેશા નિયમથી આવતો. શિવલિંગ ઉપર બીલીપત્ર ચડાવતો. હાથ જોડીને પોતાના મનની વાત શ્રીશિવને કહેતો. એક દિવસ તે મજૂરો ને લાવ્યો. મંદિરની પડી ભાંગેલી દીવાલોનું સમારકામ કરાવ્યું. મંદિરની બધી વ્યવસ્થા શરૂ કરી. ઘૃષ્ણેશ્વરનો જીર્ણોદ્ધાર કર્યો. મંદિરની અંદર બહાર દીવા કર્યાં. ઘૃષ્ણેશ્વરનો ગયેલો



શહાજીરાજા

વૈભવ પાછો મળ્યો. આ કોણે કર્યું ? કોણ હતો એ શિવભક્ત ? તે હતા માલોજીરાજા ભોસલે.

**વેરુળના ભોસલે :** વેરુળ ગામના પાટીલ માલોજીરાજા ભોસલે મહાન શિવભક્ત હતાં. વિઠોજીરાજા તેમના નાના ભાઈ. વેરુળના બાબાજીરાજા ભોસલેના આ પુત્રો. વેરુળ ગામની પટલાઈ બાબાજીરાજા ભોસલે પાસે હતી.

માલોજીરાજા અને વિઠોજીરાજા મોટા પરાક્રમી હતાં, તેમજ તેઓ શૂરવીર હતાં. તેમની પાસે પુષ્કળ હથિયારબંધ મરાઠાઓ હતાં. તે સમય ઘણો ઉથલપાથલનો હતો. નિઝામશાહી ઉપર ઉત્તરના મોગલ બાદશાહે હુમલો કર્યો હતો. તે સમયે દૌલતાબાદ નિઝામશાહની રાજધાની હતી. ત્યાં મલિક અંબર નામના તેમના વજીર હતા. તે ઘણા કર્તવ્યનિષ્ઠ અને હોંશિયાર હતાં. તેણે દૌલતાબાદ નજીકના વેરુળના ભોસલે ભાઈઓનું પરાક્રમ જોયું હતું. તેણે નિઝામશાહ પાસે તેમના પરાક્રમના વખાણ કર્યાં. નિઝામશાહે માલોજીરાજાને પુણે અને સૂપા પરગણાંની જાગીર આપી.

ભોસલેનું ઘર વૈભવશાળી બન્યું. ઉમાબાઈ એ માલોજીરાજાની પત્ની. તે ફલટણના નિંબાલકર કુટુંબના હતા. આ બન્નેને બે પુત્રો હતાં. એકનું નામ શહાજી અને બીજાનું નામ શરીફજી. શહાજી પાંચ વર્ષના હતા ત્યારે માલોજીરાજા ઇંદાપુરીની લડાઈમાં માર્યા ગયા. વિઠોજીએ પોતાના ભત્રીજાઓની અને જાગીરની સંભાળ રાખી. આગળ જતાં તેમણે શહાજી માટે લખુજીરાવ જાધવની પુત્રીની માગણી કરી. જાધવની પુત્રી જિજાબાઈ ઘણી સુશીલ હતી. જિજાબાઈ માટે વિઠોજીરાજાએ કરેલી માગણી લખુજીરાવે સ્વીકારી. લખુજીરાવ નિઝામશાહીના એક શૂરવીર અને પરાક્રમી સરદાર હતાં. તેની પાસે મોટું સૈન્ય અને સરંજામ હતા. નિઝામશાહના દરબારમાં પણ તેમની ઘણી પ્રતિષ્ઠા હતી. તેમણે શહાજીરાજા અને જિજાબાઈના લગ્ન ખૂબ ઠાઠમાઠથી ઉજવ્યા. જિજાબાઈ ભોસલે કુટુંબની કુળવધૂ બની.

**શહાજીરાજા :** નિઝામશાહે માલોજીરાજાની જાગીર શહાજીરાજાને આપી. શહાજીરાજા પરાક્રમી હતાં. નિઝામશાહી દરબારમાં તેમનું ઘણું માન હતું. મોગલ બાદશાહે નિઝામશાહી જીતવાનો મનસુબો કર્યો. બીજાપુરના આદિલશાહ પણ તેની સાથે ભળી ગયા, ત્યારે નિઝામશાહી બચાવવા માટે મલિક અંબર અને શહાજીરાજા બહાદુરીપૂર્વક લડ્યા. બંને સેનાઓનો તેમણે પરાભવ કર્યો. અહમદનગર પાસે ભાતવડીમાં આ પ્રસિદ્ધ લડાઈ થઈ. આ લડાઈમાં શરીફજી માર્યા ગયા, પણ શહાજીરાજાએ અદ્‌ભુત પરાક્રમ દાખવ્યું. તેથી શૂરવીર સેનાની તરીકે તેમનું ચારેબાજુ ગૌરવ થયું. દરબારમાં તેમની પ્રતિષ્ઠા એટલી બધી વધી કે ખુદ મલિક અંબરને તેના માટે ઈર્ષ્યા થવા લાગી. તેમાંથી બંનેમાં મતભેદ થવાથી શહાજીરાજાએ નિઝામશાહી છોડી દીધી અને તે બીજાપુરના આદિલશાહને મળ્યા. આદિલશાહે તેમને 'સરલશ્કર'નો ખિતાબ આપીને તેમનું સન્માન કર્યું. આગળ જતાં નિઝામશાહીમાં ઘણી જ ઘટનાઓ બની. વજીર મલિક અંબર મૃત્યુ પામ્યા. તેનો પુત્ર ફત્તેખાન મોટો કાવતરાંબાજ હતો. તે હવે નિઝામશાહીનો વજીર બન્યો. તેના સમયમાં નિઝામશાહીની પડતી થવા લાગી. મોગલોની સવારીનું જોખમ ઊભું થયું. તેમાંથી નિઝામશાહીને બચાવવા માટે નિઝામશાહની માતાએ શહાજીરાજા પાસે પાછા ફરવા બાબત અનુરોધ કર્યો, ત્યારે શહાજીરાજા આદિલશાહી છોડીને નિઝામશાહીમાં પાછા ફર્યાં.

## ૧. ખાલી જગ્યામાં કૌંસમાંથી યોગ્ય પર્યાય લખો.

(અ) મહારાષ્ટ્રના શૂરવીર કુટુંબો પૈકી વેરુળનું ........... કુટુંબ ખૂબ પરાક્રમી નીવડ્યું.
(મોરે, ઘોરપડે, ભોસલે)

(આ) બાબાજીરાજા ભોસલેને માલોજી અને ........... નામના બે પુત્રો હતાં.
(વિઠોજી, શહાજી, શરીફજી)

(ઇ) નિઝામશાહનો ........... એ પરાક્રમી વજીર હતો.
(મલિક અંબર, ફત્તેખાન, શરીફજી)

## ૨. સંબંધ લખો

(અ) માલોજીરાજા - વિઠોજીરાજા .............

(આ) શહાજીરાજા - લખુજીરાવ જાધવ .............

(ઇ) શહાજીરાજા - શરીફજી .............

(ઈ) બાબાજીરાજા - વિઠોજીરાજા .............

## ૩. 'અ' જૂથ અને 'બ' જૂથને યોગ્ય રીતે જોડો.

| 'અ' જૂથ | 'બ' જૂથ |
|---|---|
| (અ) સિંદખેડના | (૧) નિંબાલકર |
| (આ) ફલટણના | (૨) ઘોરપડે |
| (ઇ) જાવળીના | (૩) ભોસલે |
| (ઈ) મુધોળના | (૪) મોરે |
| | (૫) જાધવ |

## ૪. પ્રત્યેકના એક વાક્યામાં જવાબ લખો.

(અ) ઘૃષ્ણેશ્વરના મંદિરનો જીર્ણોદ્ધાર કોણે કર્યો ?

(આ) નિઝામશાહે માલોજીરાજાને ક્યા પરગણાંની જાગીર આપી ?

(ઇ) નિઝામશાહીને બચાવવા માટે કોણ લડ્યું ?

(ઈ) આદિલશાહે શહાજીરાજાને ક્યો ખિતાબ આપ્યો ?

(ઉ) શહાજીરાજા આદિલશાહી છોડીને નિઝામશાહીમાં શાથી પાછા આવ્યા ?

## ઉપક્રમ

મહારાષ્ટ્રના નકશામાં અહમદનગર, ફલટણ, વેરુળ, પુણે, સૂપા વગેરે સ્થળો બતાવો.

**નોંધ :** અહીં આપેલો 'મરાઠા' શબ્દ 'વિશિષ્ટ જાતિની વ્યક્તિ' અર્થમાં નથી. 'મરાઠી ભાષા બોલનારા' અથવા 'મહારાષ્ટ્રીય' આ અર્થમાં છે.

352MEI

# ૪. શિવરાયનું બાળપણ



શિવનેરી કિલ્લા ઉપર શિવરાયનું જન્મસ્થાન

**શિવજન્મ :** તે દિવસો ઘણા ઉથલ પાથલના હતાં. ઉત્તરમાંથી મોગલ બાદશાહ શાહજહાંએ દક્ષિણ ભારત જીતવા માટે મોટું સૈન્ય મોકલ્યું હતું. શહાજીરાજાની જાગીરનું ગામ પુણે હતું. બીજાપુરના આદિલશાહે તે ખેદાનમેદાન કરી નાંખ્યું હતું. શહાજીરાજા મુશ્કેલીમાં મૂકાઈ ગયા હતાં. એક તરફ કૂવો તો બીજી તરફ ખાડી ! શહાજીરાજાના ભાગે અહીંતહીં દોડધામ કરવાનું આવ્યું હતું.

તેવામાં જિજાબાઈ ગર્ભવતી હતા, ત્યારે આવી અરાજકતામાં અને દોડધામમાં તેમને રાખવા ક્યા, એ પ્રશ્ન ઊભો થયો. શહાજીરાજાને શિવનેરી કિલ્લો યાદ આવ્યો. તેમણે જિજાબાઈને શિવનેરી કિલ્લામાં રાખવાનું નક્કી કર્યું. શિવનેરી પુણે જિલ્લાના જુન્નર નજીક આવેલો કિલ્લો હતો. તેની ચારે બાજુએ ઊંચી દીવાલો, જબરદસ્ત કિલ્લેબંધી અને મજબૂત દરવાજા હતાં. કિલ્લો ખૂબ મજબૂત હતો. વિજયરાજ તેના કિલ્લેદાર હતાં. તે ભોસલેના સગા જ હતાં. જિજાબાઈના રક્ષણની જવાબદારી તેમણે સ્વીકારી.

ત્યારે શહાજીરાજાએ જિજાબાઈને શિવનેરી કિલ્લા ઉપર રાખ્યા અને તે મોગલોનો સામનો કરવા નીકળી પડ્યા.


અને તે સોનાનો દિવસ ઊગ્યો, ફાગણ વદ ત્રીજ શકે ૧૫૫૧ એટલે જ અંગ્રેજી વર્ષ પ્રમાણે ૧૯, ફેબ્રુઆરી ૧૬૩૦. શિવનેરીના નગરખાનામાં શરણાઈ અને નગારા વાગતાં હતાં. એવી મંગલ ક્ષણે જિજાબાઈના પેટે પુત્ર જનમ્યો. કિલ્લા ઉપર આનંદ જ આનંદ છવાઈ ગયો. બાળકની નામકરણ વિધિ થઈ. શિવનેરી કિલ્લા ઉપર જન્મ થયો માટે બાળકનું નામ 'શિવાજી' પાડ્યું.

**શિવરાયનું બાળપણ :** શિવરાયની જિંદગીના પહેલા છ વર્ષ ખૂબજ દોડધામમાં વીત્યા; પણ આ દોડધામમાં પણ જિજાબાઈએ શિવરાયને ઉત્તમ શિક્ષણ આપ્યું. સાંજના સમયે તેઓ સંધ્યા દીપ પ્રગટાવતા. શિવબાને પાસે બેસાડતાં, પ્રેમથી હાથ ફેરવતા, તેમને રામની અને કૃષ્ણની, ભીમની અને અભિમન્યુની વાર્તા કહેતા. તેવીજ રીતે ક્યારેક જ્ઞાનેશ્વર ક્યારેક નામદેવના તો ક્યારેક એકનાથના અભંગો ગાઈને સંભળાવતા. શિવરાયને શૂરવીર પુરુષોની વાતો ગમતી. મોટા થયા પછી તેમના જેવા પરાક્રમ કરવા એવું તેમને લાગતું. જિજાબાઈ સાધુસંતોના જીવનચરિત્રમાંથી વાતો પણ કહેતા. તેમાંથી સાધુસંતો માટે તેમનામાં આદરભાવ નિર્માણ થયો.

ગરીબ માવળાના પુત્રો શિવરાય સાથે રમવા આવતા. ક્યારેક શિવબા પણ તેમની ઝૂંપડીમાં જતાં. તેમનું કાંદા ભાખરીનું ભોજન પ્રેમથી ખાતા. તેમની સાથે આનંદદાયી રમતો રમતાં. માવળાઓના બાળકો એટલે જાણે વગડાનાં પંખીઓ ! તેઓ પોપટ, કોયલ, વાઘ જેવા આબેહૂબ અવાજ કાઢતા. માટીના હાથી અને ઘોડા બનાવવા, માટીના



વીરમાતા જિજાબાઈ શિવરાયને વાર્તા કહેતા....



**સાથીઓ સાથે શિવરાય**

કિલ્લા બનાવવા એ તેમનો શોખ ! સંતાકૂકડી, દડાની રમત, ભમરડાં ફેરવવા એ તેમની રોજની રમતો. શિવરાય પણ આ બાળકો સાથે આવી રમતો રમતાં. માવળાઓના બાળકોને શિવરાય ખૂબખૂબ ગમતાં.

**શહાજીરાજા મોગલ બાદશાહી પાસે :** શહાજીરાજા નિઝામશાહીમાં પાછા ફર્યા તો ખરા, પણ ત્યાં તેમને નિરાંત કે શાંતિ મળી નહિ, કારણકે ખુદ નિઝામશાહ જ કાચા કાનના અને અસ્થિર તેમજ ચંચળ વૃત્તિના હતાં. તેથી દરબારમાં કાવતરાં અને કાવાદાવાઓ વધી ગયા હતાં. તેમાંથી નિઝામશાહની જ ઉશ્કેરણીથી લખુજીરાવ જાધવની ભર દરબારમાં હત્યા કરવામાં આવી. આ ઘટનાથીરોષેભરાઈનેશહાજીરાજાએનિઝામશાહીનો ત્યાગ કર્યો અને તે મોગલોની સેવામાં હાજર થયા. મોગલ બાદશાહ શાહજહાંએ તેમને પોતાની સરદારી પ્રદાન કરી.

દરમ્યાન વજીર ફત્તેખાને મોગલો સાથે અંદરખાને હાથ મેળવીને નિઝામશાહની જ હત્યા કરી. નિઝામશાહીમાં અંધાધૂંધી ફેલાઈ. ફત્તેખાનની દગાબાજીથી નિઝામશાહી મોગલોના તાબામાં આવશે તે સ્પષ્ટ થયું. એટલું જ નહિ, પણ તેને ભેટ તરીકે શહાજીરાજાના તાબામાં રહેલો પ્રદેશ (મુલક) મોગલોએ તેને બારોબાર આપી દીધો, આથી શહાજીરાજાએ કંટાળીને મોગલોનો પક્ષ છોડી દીધો અને પોતાના સામર્થ્યના બળે જ મોગલોને પાઠ ભણાવવાનો નિશ્ચય કર્યો.

**નવી નિઝામશાહીની સ્થાપના :** વજીર ફત્તેખાન અને મોગલ બાદશાહ ઉપર ધાક બેસાડવા માટે શહાજીરાજાએ નિઝામના વંશમાંથી એક બાળક

શોધી કાઢ્યું અને જુન્નર નજીકના પેમગિરી કિલ્લા ઉપર તેને નિઝામશાહ તરીકે જાહેર કર્યો. આવી રીતે તેમણે એક નવા રાજ્યની જ સ્થાપના કરી. આ રાજ્યમાં ગોદાવરીથી નીરાની વચ્ચેનો પ્રદેશ આવતો હતો. પોતાના આ રાજ્યનું સંરક્ષણ કરવા માટે શહાજીરાજા ખૂબજ બહાદુરીપૂર્વક લડયા. આ કાર્યમાં પહેલા તો આદિલશાહે તેમને સાથ આપ્યો, પણ આગળ જતાં ખુદ મોગલ બાદશાહ શાહજહાં દક્ષિણમાં શહાજીરાજા ઉપર ચડી આવ્યો અને તેણે આદિલશાહને ધમકી આપી, ત્યારે આદિલશાહે શહાજીરાજાના વિરોધમાં તેની સાથે મૈત્રીનો કરાર કર્યો.

હવે મોગલ અને આદિલશાહીના સંયુક્ત સૈન્ય સાથે શહાજીરાજા ગેરીલા પદ્ધતિથી લડવા લાગ્યા; પરંતુ એકલા શહાજીરાજા તેમની સાથે કેટલા દિવસ લડી શકે ? તેમની શક્તિ ઓછી પડવા લાગી. ત્યારે નાઈલાજે ૧૬૩૬માં તેમણે મોગલો સાથે સંધિ કરી. શહાજીરાજા માટે સમય અનુકૂળ નહોતો, માટે તેમનો સ્વતંત્ર રાજ્ય સ્થાપવાનો પ્રયત્ન સફળ થયો નહિ; પરંતુ તેમના આ સાહસને લીધે મરાઠી લોકોમાં આત્મવિશ્વાસ નિર્માણ થયો. શિવરાયને આ આત્મવિશ્વાસ આગળ જતા સ્વરાજ્ય સ્થાપવાના કાર્યમાં ઉપયોગી નીવડયો.

**જિજાબાઈ અને શિવરાય કર્ણાટકમાં :** શહાજીરાજાની નિઝામશાહીના પતન પછી તેનો પ્રદેશ મોગલ અને આદિલશાહે વહેંચી લીધો. શહાજીરાજાની પુણે-સૂપાની વારસાગત જાગીર આદિલશાહના રાજ્યમાં ભળી ગઈ, આદિલશાહે તે જાગીર પોતાના તરફથી તેમને આપી. હવે શહાજીરાજાએ આદિલશાહીની સેવા સ્વીકારી. આદિલશાહે તેની પૂનાથી દૂર કર્ણાટકનો પ્રદેશ જીતવાની કામગીરી માટે નિમણૂંક કરી, શહાજીરાજા કર્ણાટકમાં ગયા પછી કેટલાક સમયે જિજાબાઈ અને શિવરાય પણ તેમની પાસે ગયા.

મહારાષ્ટ્રમાં શિવરાયનું બાળપણ નાસભાગમાં વીત્યું હતું. આજે આ કિલ્લા ઉપર, તો આવતીકાલે તે કિલ્લા ઉપર એમ જિજાબાઈ શિવબાની નાસભાગ ચાલુ રહેતી. તે સમયે પિતાના પરાક્રમની વાતો નાનકડાં શિવબાના કાને પડતી. આગળ જતાં કર્ણાટકમાં આવ્યા પછી આ માતા-પુત્રને થોડી રાહત (શાંતિ) થઈ. કર્ણાટકના અનેક રાજાઓને શહાજીરાજાએ જીત્યા, ત્યારે આદિલશાહે તેમને બેંગ્લોરની જાગીર ઈનામમાં આપી. હવે બેંગ્લોરને શહાજીરાજાએ પોતાનું મુખ્ય થાણું (મથક) બનાવ્યું અને ત્યાં તેઓ એકાદા રાજાની જેમ વૈભવમાં રહેવા લાગ્યા. દરબાર ભરવા લાગ્યા.

## સ્વાધ્યાય

**૧. ખાલી જગ્યામાં કૌંસમાંથી યોગ્ય પર્યાય લખો.**

(અ) શિવરાયનો જન્મ .......... કિલ્લા ઉપર થયો.
(પુરંદર, શિવનેરી, પન્હાળા)

(આ) આદિલશાહે શહાજીરાજાની ........... પ્રદેશ જીતવાના કામ માટે નિમણૂંક કરી.
(કર્ણાટકનો, ખાનદેશનો, કોંકણનો)

**૨. પ્રત્યેકના એક વાક્યમાં જવાબ લખો.**

(અ) જિજામાતાના ઉપદેશથી શિવરાયના મનમા ક્યા વિચારો આવવા લાગ્યા ?

(આ) શિવરાય માવળાઓના બાળકો સાથે કઈ કઈ રમતો રમતા હતાં ?

(ઇ) શહાજીરાજાએ નિઝામશાહી શા માટે છોડી દીધી ?

### ૩. બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો.

(અ) જિજાબાઈ શિવરાયને કોની કોની વાતો કહેતા ?

(આ) શહાજીરાજાએ નિઝામશાહના વંશના બાળકને નિઝામશાહ તરીકે શા માટે જાહેર કર્યો ?

### ઉપક્રમ :

(અ) શિવનેરી કિલ્લાની સહેલ કરી આવો. ત્યાંના શિવજન્મસ્થળની માહિતી મેળવો.

(આ) તમે રમતા હો તેવી પારંપારિક રમતોના નામ લખો. તેમાંથી એક રમત વિશે ૧૦ લીટીમાં માહિતી લખો.



શિવનેરી કિલ્લો - મહાદરવાજો

# ૫. શિવરાયનું શિક્ષણ

**શિવરાયના શિક્ષણનો પ્રારંભ :** શહાજીરાજા પોતે સંસ્કૃતના પ્રખર પંડિત હતાં. તેમણે પોતાના બૅંગ્લોરના દરબારમાં અનેક ભાષાના પંડિતોને અને કલાકારોને આશ્રય આપ્યો હતો. શિવરાય માટે તેમણે હોંશિયાર શિક્ષકની નિમણૂંક કરી હતી. ત્યાં સાત વર્ષની ઉંમર પછી તેમના શિક્ષણની શરૂઆત થઈ. થોડા સમયમાં જ શિવરાય લખવા-વાંચવાની કળાઓમાં પારંગત થયા. રામાયણ, મહાભારત, ભાગવતની વાતો તે પોતે વાંચવા લાગ્યા. શહાજીરાજાએ શિવરાયને યુદ્ધકળા શીખવવા માટે કેટલાંક શિક્ષકોની નિમણૂંક કરી હતી. તેમણે શિવરાયને ઘોડા ઉપર બેસવું, કુસ્તીની રમત રમવી, પટ્ટાઓ ફેરવવા, તલવાર ચલાવવી વગેરે વિદ્યા શીખવવાની શરૂઆત કરી. આવી રીતે બાર વર્ષની ઉંમર સુધીમાં શિવરાયને વિવિધ વિદ્યા અને કલાઓનો પરિચય થયો.

થોડા જ સમયમાં આદિલશાહે શહાજીરાજાને કર્ણાટકમાંના નાયકોના રાજ્યો જીતવાની ઝુંબેશમાં મોકલ્યા. આ ઝુંબેશમાં જતા પહેલાં શહાજીરાજાએ જિજાબાઈ અને શિવરાયને પૂનાની જાગીર તરફ રવાના કરી દીધા. તે વખતે તેમની સાથે શહાજીરાજાએ હાથી, ઘોડા, પાયદળ, ખજાનો, ધ્વજ તેમજ વિશ્વાસુ પ્રધાનો, શૂરવીર સેનાનીઓ અને વિખ્યાત શિક્ષકોને મોકલ્યા.



**શહાજીરાજાની દેખરેખ હેઠળ શિવરાયનું શિક્ષણ**

**પુણેની કાયાપલટ :** જિજાબાઈ અને શિવરાય પુણે આવ્યા. શિવરાયને બાળપણના દિવસો યાદ આવ્યા. બાળપણમાં શિવનેરીની માટીમાં તેઓ રમ્યા હતાં. સહ્યાદ્રિના ઊંચાઊંચા શિખરો તેમને ફરી દેખાયા. તેમને ખૂબખૂબ આનંદ થયો. તે સમયનું પુણે આજના જેવડું મોટું નહોતું. શહાજીરાજાના દુશ્મનોએ આ સુંદર ગામને ઉજ્જડ કરી દીધું હતું. ગામની માલમત્તાને નુકસાન થયું હતું. ઘરો તૂટી ગયા હતાં, મંદિરો પડી ભાંગ્યા હતાં. દુશ્મનોના ડરથી લોકો ગામ છોડીને ભાગી ગયા હતાં. ખેતરો વેરાન બની ગયા હતાં. જંગલો વધી ગયા હતાં. જંગલમાં વરૂઓ વધી ગયા હતાં. પૂનાની આવી દીન અવસ્થા થઈ ગઈ હતી.

જિજાબાઈ શિવરાય સાથે પુણેમાં રહેવા લાગ્યા, તે આજુબાજુના ગામના લોકોને ખબર પડી, ત્યારે લોકોમાં ઘણી હિંમત આવી. જિજાબાઈએ તેમને પાસે બોલાવીને દિલાસો આપ્યો. લોકો ફરી પૂનામાં આવીને રહેવા લાગ્યા. ખેતરમાં જવા લાગ્યા. જિજાબાઈએ પડી ભાંગેલા મંદિરોનું સમારકામ કરાવ્યું. મંદિરમાં સવારે અને સંધ્યા સમયે પૂજા થવા લાગી. ગામ લોકોથી ગાજવા લાગ્યું. તેને લીધે પૂનાનું રૂપ બદલાઈ ગયું.

**દાદાજી કોંડદેવની કામગીરી :** જિજાબાઈ અને શિવરાય કર્ણાટકમાં હતા ત્યારે અહીં પૂનાની જાગીરની વ્યવસ્થા દાદાજી કોંડદેવ સંભાળતા હતાં. તેઓ કોંઢાણાના સુબેદાર પણ હતાં. તેઓ ખૂબ પ્રામાણિક સેવક હતાં. કારભારમાં ચોખ્ખાં હતા, તેમજ તેઓ ન્યાયી હતાં. તેમની શિસ્ત કડક હતી. અને તેઓ નિષ્ઠાવાન હતાં. આ સમયમાં શહાજીરાજાના આદેશથી પુણેમાં મોટો વાડો બાંધવામાં આવ્યો. તેનું નામ લાલ મહાલ. ખેડૂતો ખેતરમાં જુદાજુદા પાકો ઉગાડી શકે માટે દાદાજીએ તેમને કેટલાંક વર્ષ મહેસૂલ ભરવામાં છૂટ આપી. તેને લીધે ખેતરો પાકોથી લહેરાવા લાગ્યા. વિફરેલા વરૂઓ ખેડૂતોને ત્રાસ આપતા હતા, માટે વરૂઓને મારવા માટે તેણે ઈનામો જાહેર કર્યાં. તેથી ઘણાંખરાં વરૂઓ માર્યા ગયા. ચોરોનો ત્રાસ પણ વધી ગયો હતો. દાદાજીએ ખેડૂતોની ટુકડીઓ બનાવી અને તે ટુકડીઓનાં પહેરાઓ ગોઠવ્યા. ચોરોનો બંદોબસ્ત થયો. જમીનના કસ પ્રમાણે ટકાવારી નક્કી કરી તેની ઉપર તેણે મહેસૂલ નક્કી કર્યું. તેથી લોકોને આનંદ થયો. દાદાજી કોંડદેવ અને નિજામશાહીના વજીર મલિક અંબરનું કાર્ય ખેતી સુધારણા અને કરવસૂલી, એ બંને ક્ષેત્રમાં અમૂલ્ય અને પાયાભૂત મનાય છે.

**શિવરાયનું શિક્ષણ :** શિવરાય પૂનાની જાગીરમાં આવ્યા, તો પણ જિજાબાઈની દેખરેખ હેઠળ તેમનું શિક્ષણ ચાલુ જ રહ્યું. બેંગ્લોરથી આવતી વખતે શહાજીરાજાએ સાથે મોકલેલા નામાંકિત શિક્ષકોએ શિવરાયને અનેક શાસ્ત્રો, વિદ્યા અને ભાષા શીખવ્યા

ઉત્તમ રાજ્યકારભાર કેવી રીતે કરવો, દુશ્મનો સાથે યુદ્ધ કેવી રીતે કરવું, કિલ્લાઓ કેવી રીતે બાંધવા, ઘોડા અને હાથીની પરીક્ષા કેવી રીતે કરવી, દુશ્મનના દુર્ગમ પ્રદેશમાંથી કેવી રીતે છટકી જવું વગેરે અનેક વિદ્યા શિવરાય શીખી ગયા. શિવરાયના શિક્ષણની આ પ્રગતિ જોઈને જિજાબાઈને ખૂબ આનંદ થયો.

**વીરમાતા જિજાબાઈનો શિવરાયને ઉપદેશ :** જિજાબાઈ કાંઈ સામાન્ય સ્ત્રી નહોતા. તે લખુજીરાવ જાધવ જેવા બળવાન સરદારની કન્યા અને શહાજીરાજા જેવા પરાક્રમી પુરુષની પત્ની હતી. રાજકારણ અને યુદ્ધનીતિની ગળથૂથી જિજાબાઈને

નાનપણથી જ મળેલી હતી. જાધવ અને ભોસલે બન્ને પ્રસિદ્ધ કુટુંબની લડાયક પરંપરા તેમનામાં એકત્રિત થઈ હતી. જિજાબાઈ ખૂબ સ્વાભિમાની અને સ્વાતંત્ર્યપ્રિય હતાં. મરાઠા સરદારોએ ગમે તેવું મોટું પરાક્રમ કર્યું હોય, તો પણ સુલતાનોના દરબારમાં તેમની કદર થતી નહોતી, તેનો તેમને ખરાબ અનુભવ થયો હતો. નિઝામશાહે ભર દરબારમાં તેમના પિતાની હત્યા કરી હતી, તેનું દુ:ખ તેણે પચાવ્યું હતું. હવે જિજાબાઈએ નિશ્ચય કર્યો હતો, કે તેમનો શિવબા આવા પારકાઓની ચાકરી કરશે નહિ. તે પોતે જ પોતાના લોકોનું રાજ્ય એટલે સ્વરાજ્ય સ્થાપશે. આ વિચારથી જ તેઓ શિવરાયનું ઘડતર કરતાં હતાં.

માવળમાં રહેતા લોકોને માવળા કહેવાય છે. માવળાઓ પ્રામાણિક, મહેનતુ અને ચપળ હતાં, ખડતલપણામાં તેમની બરાબરી કોઈ કરી શકે તેમ નહોતું પણ તેઓ સુલતાનના વહીવટથી ત્રાસી ગયા હતાં. સુલતાનોના લશ્કરો ગામોના ગામો લૂંટી જતાં. રૈયત વતન છોડી નાસી જતી તેનો કોઈ વાલી નહોતો. આવા દુ:ખી અને મહેનતુ લોકો માટે આપણે કંઈક કરવું જોઈએ, એવું શિવરાયને લાગતું હતું.

ઘરે આવ્યા પછી શિવરાય જિજાબાઈને પોતાના મનની વાતો કરતાં. જિજાબાઈ કહેતા, ''શિવબા, ભોસલેના પૂર્વજ શ્રીરામચંદ્ર. શ્રીરામચંદ્રે દુષ્ટ રાવણને મારીને પ્રજાને સુખી કરી. જાધવોના પૂર્વજ શ્રીકૃષ્ણ. તેણે દુષ્ટ કંસનો નાશ કરી પ્રજાને સુખી કરી. શ્રીરામ અને શ્રીકૃષ્ણના વંશમાંજ તારો જન્મ થયો છે. અરે, તું પણ દુષ્ટોનો સંહાર કરી શકીશ. તું પણ ગરીબ લોકોને ખૂબ સુખી કરી શકીશ.''



વીરમાતા જિજાબાઈ

માતાના આ ઉપદેશથી શિવરાયમાં ઉત્સાહ આવતો. રામ, કૃષ્ણ, ભીમ, અર્જુન જેવા વીરોની વાત તેમને યાદ આવતી. આ વીરપુરુષો શિવરાયને સતત ધ્યાનમાં, મનમાં અને સ્વપ્નમાં દેખાતાં. આ વીરો જેમ અન્યાય વિરુદ્ધ લડ્યા, તેમ મારે પણ લડવું. તેમણે દુષ્ટોનો નાશ કર્યો, તેમ મારે પણ કરવો. તેમણે પ્રજાને સુખી કરી, તેમ મારે પણ કરવી. મારે ન્યાયી બનવું, સાહસિક બનવું, પરાક્રમી બનવું એવું શિવરાયને સતત લાગતું હતું.

**શિવરાયનો નવો અમલ :** પુણેની જાગીરમાં હવે જિજાબાઈના માર્ગદર્શન હેઠળ શિવરાયનો નવો અમલ શરૂ થયો. આ કામ માટે શહાજીરાજાએ પૂર્વતૈયારી

કરી આપી હતી. તેમણે શિવરાયને બેંગ્લોરથી પૂના મોકલતી વખતે સામરાજ નીલકંઠ પેશવા, બાળકૃષ્ણ હનમંતે મુજુમદાર, માણકોજી દહાતોંડે સરનોબત, રઘુનાથ બલ્લાળ સબનીસ, સોનોપંત ડબીર જેવી માતબર મંડળી તેની સાથે મોકલી હતી. તો પણ આ બધા સ્વતંત્ર રાજાના અધિકારી જ હતાં શિવરાય પોતાની જાગીરનો કારભાર ઉત્તમ રીતે સંભાળે, માટે જ શહાજીરાજાએ આ અધિકારીઓ પુણે મોકલ્યા હતાં. તેમની મદદથી શિવરાય જાગીરનો કારભાર સંભાળવા લાગ્યા. લોકોના સુખદુ:ખની બાબતો તરફ ધ્યાન આપવા લાગ્યા. રૈયત ઉપર અન્યાય કરનારાઓને સજા થવા લાગી. એક રીતે શહાજીરાજાની જાગીરની કાયાપલટ જ થતી હતી. આગળ જતાં સ્થપાનારા સ્વરાજ્યનો નમૂનો જ માવળાઓને જોવા મળતો હતો. જાણે કે સ્વરાજ્યનો અરુણોદય જ હતો !

**શિવરાયના લગ્ન :** તે સમયમાં ખૂબ નાનપણમાં જ લગ્ન કરવાની પ્રથા હતી, ત્યારે જિજામાતાએ કહ્યું, ''હવે શિવબાના બેમાંથી ચાર હાથ કરવા જોઈએ.'' પછી શિવબા માટે છોકરીઓ જોવાનું શરૂ થયું. એક છોકરી તેમને પસંદ પડી. તેણીનું નામ સઈબાઈ. ફલટણના નાઈક નિંબાલકર કુટુંબની તે છોકરી. આ લગ્ન ખૂબ ઠાઠમાઠથી ઉજવાયા.

## સ્વાધ્યાય

### ૧ ખાલી જગ્યામાં કૌંસમાંથી યોગ્ય પર્યાય લખો.

(અ) શહાજીરાજા ................ પ્રખર પંડિત હતાં.
(સંસ્કૃતના, કન્નડના, તમિળના)

(આ) માવળમાં રહેતા લોકોને ................ કહેવાય છે.
(ખેડૂત, સૈનિક, માવળા)

### ૨ પ્રત્યેકના એક વાક્યમાં જવાબ લખો.

(અ) શિવરાયને શીખવવા માટે શિક્ષકની નિમણૂંક કોણે અને ક્યાં કરી ?

(આ) શિવરાયને શિક્ષકોએ કઈ કઈ વિદ્યા શીખવવાની શરૂઆત કરી ?

(ઇ) દાદાજી કોંડદેવે ખેડૂતોને મહેસૂલની છૂટ શા માટે આપી ?

### ૩. બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો.

(અ) પુણેનું રૂપ કેવી રીતે બદલાયું ?

(આ) શિવરાય કઈ કઈ વિદ્યાથી પરિચિત થયા ?

(ઇ) જિજાબાઈએ ક્યો નિશ્ચય કર્યો હતો ?

### ઉપક્રમ

(અ) જિજાબાઈ અને શિવરાય વચ્ચેના સંવાદનું નાટ્યીકરણ કરો.

(આ) વીરમાતા જિજાબાઈનું ચરિત્ર વાંચો.

# ૬. સ્વરાજ્ય સ્થાપનાની પ્રતિજ્ઞા

**રાયરેશ્વરનું મંદિર :** પૂનાની નૈઋર્ત્યમાં આવેલું રાયરેશ્વરનું મંદિર ખૂબ રમણીય સ્થળ હતું. ત્યાં ૧૬૪૫માં એક વિલક્ષણ ઘટના ઘટી. શિવરાય અને આજુબાજુના ખીણપ્રદેશના કેટલાંક માવળાઓની મંડળી મસલત કરવા માટે ત્યાં ભેગી થઈ. તે ઘોર જંગલમાં ઝાડી-ઝાંખરાઓ વચ્ચે છુપાયેલા રાયરેશ્વરના મંદિરમાં શિવરાય સાથે માવળાઓ શી મસલત કરતા હતાં ? શ્રીશંકર ભગવાન પાસે તેઓ કઈ માગણી કરતા હતાં ?

**બાળ શિવબાની પ્રભાવી વાણી :** શિવરાય હજુ ઉંમરમાં ઘણાં નાના હતાં, પણ તેમના મનની ઉંડાણ ઘણી મોટી હતી. તેમણે એક મોટો મનસૂબો કર્યો હતો. તે દેવાલયમાં ભેગા થયેલા સાથીઓને તેમણે આજીજીથી કહ્યું, ''સાથીઓ, હું આજે તમને મારા મનની એક વાત કહું કે ? મારા પિતા શહાજીરાજા બીજાપુરના સરદાર છે. તેમણે જ મને અહીંના જાગીરનો અધિકાર આપ્યો છે. બધું કેટલી સરસ રીતે ચાલી રહ્યું છે, પણ મિત્રો, મને આનો જરાયે આનંદ નથી. સુલતાનોની વતનદારી ઉપર જ આપણે સંતોષ માની લેવાનો કે ? બીજાના ખોબાથી જ આપણે પાણી પીવાનું કે ? આપણી ચારે બાજુ અનેક પરદેશી સત્તાનો વહીવટ છે. તેમની વચ્ચે સતત યુદ્ધો ચાલુ જ હોય છે. આપણા માણસો આ યુદ્ધમાં વિના કારણ મરે છે. કુટુંબોના કુટુંબ નિરાધાર બને છે. આપણા દેશની બરબાદી થાય છે અને આટલું સહન કરવા છતાં આપણા હાથમાં શું આવે છે ? ફક્ત ગુલામગીરી ! આપણે આ કેટલા દિવસ સહન કરવાનું ? બીજા માટે આપણે (કેટલો સમય) ક્યાં સુધી શહીદ થવાનું ? કહો, તમે જ કહો ! વતનના લોભને કારણે આપણે આ આમ જ ચાલુ રહેવા દઈશું કે ?''

શિવરાય જુસ્સાભેર બોલતા હતાં. તેમનો ચહેરો ગુસ્સાથી લાલ થઈ ગયો હતો. બોલતા બોલતા તેઓ અટક્યા. તેઓ યુવાન સાથીઓ તરફ જોવા લાગ્યા. રાયરેશ્વરના ગર્ભાગારમાં ભેગા થયેલા તે યુવાન માવળાઓ શિવરાયની વાણીથી ધ્રુજી ઊઠ્યાં, તેમને નવી જ દષ્ટિ મળી. તેમનામાંથી એકજણ બોલ્યો, ''બોલો બાળરાજા, બોલો. તમારા મનની વાત અમને કહો. તમે જે કહેશો તે કરવા માટે અમે ખડે પગે તૈયાર છીએ.'' ''હા રાજા, તમે જે કહેશો તે અમે કરીશું ! અમારા પ્રાણ પણ આપીશું !'' તે બધા તેજસ્વી પરાક્રમી યુવાનો એકી અવાજે બોલી ઊઠ્યા.

**સ્વરાજ્યની પ્રતિજ્ઞા :** માવળાઓના આ શબ્દોથી શિવરાયનો ઉત્સાહ વધ્યો. એક એકની સામે જોતાં તે આનંદથી બોલ્યા, ''સાથીઓ ! આપણો માર્ગ નક્કી જ છે. આપણા ધ્યેય માટે આપણે બધાએ પ્રયત્ન કરવાનો 'બધાએ ખપી જવાનું, બધાએ પ્રાણની પણ કુરબાની આપવા તૈયાર રહેવું'. આપણું ધ્યેય એટલે 'હિંદવી સ્વરાજ્ય !' તમારું, મારું, બધાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપવાનું. પારકાની ગુલામી હવે ન જોઈએ. ઊઠો, આ રાયરેશ્વરને સાક્ષી માનીને આપણે પ્રતિજ્ઞા કરીએ. સ્વરાજ્ય સ્થાપના માટે હવે અમે અમારું સર્વસ્વ અર્પણ કરીશું.''

આખું મંદિર શિવરાયના શબ્દોથી ગુંજવા લાગ્યું. ''હિંદવી સ્વરાજ્યના સ્વરૂપે આ રાજ્ય



સ્વરાજ્ય સ્થાપનાની પ્રતિજ્ઞા

થાય, એવી શ્રીની (પ્રભુની) ઇચ્છા છે. પ્રભુનો આ મનોરથ આપણે પૂર્ણ કરીશું.'' છેવટે શિવરાયે નિશ્ચયપૂર્વક કહ્યું.

રાયરેશ્વરના મંદિરમાંથી બધા માવળા સ્વરાજ્યના શપથ લઈને જ બહાર નીકળ્યા. શિવરાયનું મન ઉત્સાહથી છલકાતું હતું. પુણે આવતા જ તે સીધા લાલ મહાલમાં માતુશ્રી પાસે ગયા. બનેલો પ્રસંગ તેમણે જિજાબાઈને કહ્યો. તે માવડી ધન્યધન્ય થઈ ગઈ. પોતે મનમાં જે ધાર્યું છે તે બાળરાજા પૂર્ણ કરશે તેવી આશા, તેવો વિશ્વાસ તેમને થઈ ગયો.

**માવળ ખીણપ્રદેશનું સંગઠન :** શિવરાય પોતાના નવા કાર્યમાં લાગી ગયા. માવળાઓને લઈને તેઓ તેમને તલવારબાજી શીખવવા લાગ્યા. ઘોડેસવારી કરવી, ડુંગરમાંના નવા રસ્તા શોધવા, ખીણ, ઘાટ, ગુપ્તમાર્ગોનું નિરીક્ષણ કરવું જેવો તેમનો નિત્યક્રમ શરૂ થયો. શિવરાયે માવળાઓના મન જીતી લીધા. યુવાન માવળાઓ શિવરાય માટે ઘેલા બન્યા હતાં. શિવરાય માટે જીવવાનું અને શિવરાય માટે મરવાનું એમ તેઓ માનવા લાગ્યા હતાં. હવે શિવરાયના કાર્યમાં ભરતી આવી, સમુદ્રમાં ભરતી આવે તેમ. શિવરાયે પૂનાની આસપાસના બધા કોટ અને કિલ્લા પોતાના સાથીઓ સાથે બારીકાઈથી જોઈ લીધા. ગુપ્તમાર્ગ, ભોંયરા, ભંડક, દારૂગોળો, હથિયારો અને દુશ્મનોના લશ્કરના થાણાઓ વગેરેની પૂરેપૂરી માહિતી મેળવી.

**માવળાઓ સાથે મૈત્રી :** બારા માવળમાં ઠેરઠેર કેટલાંક દેશમુખની મંડળી પોતાના વતનો લઈને બેઠી હતી. તેમને પોતાના વતનનો વિલક્ષણ લોભ હતો. વતન માટે તેઓ અંદરોઅંદર ઝઘડતાં હતાં. આ ઝઘડામાં મરાઠાઓની શક્તિ નકામી વેડફાય છે, તે શિવરાયે જાણ્યું. તેના ઉપર અંકુશ લાવવાનું તેમણે નક્કી કર્યું. શિવરાય દેશમુખોના ગામોની મુલાકાત લેતા. તેમને સમજાવતા. સ્વરાજ્યના ધ્યેયથી તેમને મોહિત કર્યાં. શિવરાયે તેમને મીઠા શબ્દોથી પોતાના કર્યા, પણ કેટલાકે અવળચંડાઈ કરી. તેમને પણ શિવરાય ઠેકાણે લાવ્યા. મરાઠાઓના અંદરોઅંદરના ઝઘડાઓ તેમણે મિટાવ્યા. જે તે બધાં તેમને ધન્યવાદ આપવા લાગ્યા. માવળ ખીણપ્રદેશના ઝુંજારરાવ મરળ, હૈબતરાવ શિળમકર, બાજી પાસલકર, વિઠોજી શિતોળે, જેધે, પાયગુડે, બાંદલ વગેરે દેશમુખો શિવરાયની વાતો માનવા લાગ્યા. માવળમાં સ્વરાજ્યની ઘોડદોડ શરૂ થઈ.

**શિવરાયની રાજમુદ્રા:** શિવરાય નામથી જાગીરનો કારભાર શરૂ થયો હતો. શહાજીરાજાએ શિવરાયની સ્વતંત્ર રાજમુદ્રા તૈયાર કરી હતી. તે મુદ્રા આવી હતી –

પ્રતિપચ્ચંદ્રલેખેવ વર્ધિષ્ણુર્વિશ્વવંદિતા ।।
શાહસૂનોઃ શિવસ્યૈષા મુદ્રા ભદ્રાય રાજતે ।।

પડવાની ચંદ્રકળા પ્રમાણે વૃદ્ધિ પામનારી અને આખા વિશ્વની વંદનીય એવી શહાજીરાજાનાં પુત્ર શિવાજીરાજાની રાજમુદ્રા લોકકલ્યાણ માટે છે; આવું સૂચવતી તે રાજયમુદ્રા એટલે સ્વરાજ્ય સ્થાપનાનો સંકેત જ હતો.



રાજમુદ્રા

તે સમયમાં રાજમુદ્રા મોટેભાગે ફારસી ભાષામાં કોતરાયેલી રહેતી, પણ શિવરાયની મુદ્રા સંસ્કૃત ભાષામાં હતી. સ્વરાજ્ય જોઈએ તેમ સ્વભાષા જોઈએ, સ્વધર્મ જોઈએ. તેની સાથે જ બીજા ધર્મનો દ્વેષ પણ કરવો નહિ. શિવરાયે પોતાનો કારભાર લોકકલ્યાણ માટે જ શરૂ કર્યો છે. તે બધા જ માવળાઓને તરત જ સમજાઈ ગયું.

## સ્વાધ્યાય

**૧. ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ લખો.**

(અ) પુણેની નૈર્ઋત્યમાં આવેલું ........... નું મંદિર ખૂબ રમણીય સ્થળ હતું.

(આ) માવળમાં ઠેકઠેકાણે કેટલાંક ........... ની મંડળી પોતાના વતન લઈને બેઠેલી હતી.

(ઇ) શહાજીરાજાએ શિવરાયની સ્વતંત્ર ............ તૈયાર કરી હતી.

**૨. પ્રત્યેકના એક વાક્યમાં જવાબ લખો.**

(અ) રાયરેશ્વરના મંદિરમાં શિવરાય છેલ્લે નિશ્ચયપૂર્વક શું બોલ્યા ?

(આ) જિજાબાઈને કયો વિશ્વાસ બેસી ગયો ?

(ઇ) શિવરાયે કઈ કઈ બાબતોની પૂરેપૂરી માહિતી મેળવી ?

(ઈ) શિવરાયે કઈ બાબત ઉપર અંકુશ મૂકવાનું નક્કી કર્યું ?

**૩. બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો.**

(અ) શિવરાયનું ધ્યેય કયું હતું ?

(આ) શિવરાયનો કયો નિત્યક્રમ શરૂ થયો ?

**ઉપક્રમ**

શિક્ષકની મદદથી સ્વરાજ્ય સ્થાપનાના પ્રસંગનું ચિત્ર તૈયાર કરો.

# ૭. સ્વરાજ્યનું તોરણ બાંધ્યું

રાયરેશ્વરના મંદિરમાં શિવરાયે પોતાના સાથીઓ સાથે, સ્વરાજ્ય સ્થાપનાની પ્રતિજ્ઞા લીધી, પણ કેટલું મુશ્કેલ કાર્ય હતું તે ! દિલ્હીના મોગલ બાદશાહ, બીજાપુરના આદિલશાહી સુલતાન, ગોવાના પોર્ટુગીઝ અને જંજિરાના સિદ્દી જેવી ચાર સત્તા તે સમયે મહારાષ્ટ્રમાં હકૂમત ચલાવતી હતી. આ સત્તાઓની મોટી ધાક હતી. તેમની વિરુદ્ધ ચૂં કે ચાં કરવાની કોઈની હિંમત નહોતી. આવી વિકટ પરિસ્થિતિમાં શિવરાયે સ્વરાજ્યનો મંત્ર ઉચ્ચાર્યો હતો. ક્યાં દુશ્મનોના લશ્કરનું અપાર બળ અને ક્યાં શિવરાયના સાથીઓનું અલ્પ બળ ! પણ શિવરાયનો નિશ્ચય અડગ હતો. તેમાંથી જ બળ ઉત્પન્ન થયું.

**તોરણગઢ :** શિવાજી પાસે પુણે, સૂપા, ચાકણ અને ઇંદાપુર પરગણાંની જાગીર હતી. જાગીરના પ્રદેશમાં આવેલા કિલ્લાઓ બીજાપુરના દરબારના અધિકારીઓના તાબામાં હતાં. કિલ્લા વગરનું સ્વરાજ્ય કેવું ! જેના કિલ્લા તેનું રાજ્ય ! કિલ્લા તાબામાં હોય તો, આજુબાજુના પ્રદેશ ઉપર સત્તા ચાલે. ડુંગર ઉપરના કિલ્લા એટલે રાજ્યનો એક મુખ્ય આધાર. તેથી એકાદો મજબૂત કિલ્લો જલદીથી હસ્તગત કરવાનો શિવરાયે મનથી નક્કી કર્યું. તોરણાનો કિલ્લો શિવરાયની નજરમાં હતો. પુણેની નૈર્ઋત્યમાં ચોસઠ કિલોમીટર દૂર કાનદની ખીણમાં આ કિલ્લો હતો. ડુંગર ઉપરના કિલ્લાઓમાં તોરણા કિલ્લો મોટો બાંકડા જેવો હતો. તે કિલ્લા ઉપર બે મજબૂત માચીઓ હતી. એક ઝુંજાર માચી અને બીજી બુધલા માચી. માચી એટલે કિલ્લાના ચઢાણ ઉપર કુદરતી રીતે સપાટ થયેલા ભાગની કિલ્લેબંધી. ઝુંજાર માચી નામ પ્રમાણે જ ઝુંજાર છે, લડાયક છે. કિલ્લા ઉપરથી નીચે ઉતરવા માટે એકજ રસ્તો છે. તે છે



તોરણ કિલ્લો (ઝુંજાર માચી)

ઝુંજાર માચી ઉપરથી. આ રસ્તો અતિશય મુશ્કેલ છે. રસ્તા ઉપરથી ચાલતી વખતે થોડી પણ સમતુલા ગુમાવીએ તો ચાલનાર નીચે ખીણમાં ગબડી પડે ! મહારાષ્ટ્રના મજબૂત કિલ્લાઓમાં તોરણાના કિલ્લાની ગણના થતી હતી. કિલ્લા ઉપર તોરણજાઈ દેવીનું મંદિર છે. તેના ઉપરથી તે કિલ્લાનું નામ 'તોરણા' પડ્યું છે. આટલો પ્રચંડ કિલ્લો ! પણ આદિલશાહને આ કિલ્લાનો ઓછો ખ્યાલ હતો. કિલ્લા ઉપર પૂરતા પહેરેદાર નહોતા કે નહોતો પૂરતો દારૂગોળો. શિવરાયે તે જાણી લીધું હતું શિવરાયને તો આ જ જોઈતું હતું. તોરણા જીતીને સ્વરાજ્યનું તોરણ બાંધવાનું, તેમણે નક્કી કર્યું.

**સ્વરાજ્યની નોબત વાગી :** પસંદ કરેલા માવળાઓની ટુકડી લઈને શિવરાય કાનદની ખીણમાં ઊતર્યા. બધા માવળાઓ સાથે તે સિંહની બહાદુરીથી અને હરણની ગતિથી ઝટપટ તોરણા ચડી ગયા. માવળાઓએ ફટાફટ મોકાની જગ્યાઓ તાબામાં લીધી. તાનાજી માલુસરે નામના બહાદુર વીરે દરવાજા ઉપર મરાઠાઓનો ધ્વજ ફરકાવ્યો. યેસાજી કંક શિવરાયનો વિશ્વાસુ અને નિષ્ઠાવાન સાથી હતો. તેણે ગઢ ઉપર પહેરા બેસાડ્યા. કિલ્લો તાબામાં આવ્યો. દરેકે શિવરાયનો જયજયકાર કર્યો. હિંદવી સ્વરાજ્યની નોબત વાગી નગારાંનો અને રણશિંગાનો અવાજ સહ્યાદ્રિની ખીણ અને કોતરોમાં ગુંજવા લાગ્યો. શિવરાયે આ કિલ્લાને 'પ્રચંડગઢ' નામ આપ્યું.

**ભવાનીમાતાના આશીર્વાદ :** તોરણાના કિલ્લા ઉપર શિવરાયનો કારભાર શરૂ થયો. તેમણે કિલ્લાનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું. કિલ્લા ઉપર મરાઠા કિલ્લેદાર, બ્રાહ્મણ સબનીસ, પ્રભુ કારખાનીસ વગેરે અધિકારીઓની નિમણૂંકો કરી. પોતાના લશ્કરમાં માવળા, કોળી, રામોશી, મહાર વગેરે જાતિ-જમાતિના શૂરવીર માણસો નિમ્યા. સ્વરાજ્યના સૈન્યમાં જાતિભેદ, વર્ણભેદ જેવા કોઈપણ ભેદભાવ નહોતા. કિલ્લાનું સમારકામ શરૂ થયું અને કેવડું મોટું આશ્ચર્ય ! છલોછલ મહોરો ભરેલી ચાર ગાગરો, કામ ચાલુ હતું ત્યારે કિલ્લા ઉપરથી મળી આવી ! કારીગરોમાં આનંદ છવાઈ ગયો થયો. 'શિવરાય ઉપર ભવાની માતા પ્રસન્ન છે, તેણીએ જ ધન આપ્યું.' એમ બધા કહેવા લાગ્યા. કારીગરો આનંદપૂર્વક ધનની ગાગરો શિવરાય પાસે લાવ્યા. એક મહોરને પણ કોઈએ હાથ લગાડ્યો નહિ. તે તો સ્વરાજ્યનું ધન હતું ! તેમણે તે ધન પોતાના માલિકને સ્વાધીન કર્યું. સ્વરાજ્યના કાર્ય માટે એકાએક આટલું બધું ધન મળ્યું માટે શિવાજીને ઉત્સાહ આવ્યો. પોતાના કાર્યને ભવાનીમાતાના આશીર્વાદ છે. એવું તેમને લાગ્યું.

આ ધન સ્વરાજ્યના કામમાં આવ્યું. આ ધન માંથી શિવરાયે હથિયારો ખરીદ્યા. દારૂગોળો ભેગો કર્યો. વધેલા ધનમાંથી તેમણે એક યોજના સિદ્ધ કરવાનું નક્કી કર્યું. તે યોજના આવી હતી. તોરણાથી પંદર કિલોમીટર દૂર પૂર્વમાં મુરૂંબદેવનો ડુંગર છે. શિવરાયે તે નજરમાં રાખી મૂક્યો હતો. આ ડુંગર ખૂબ ઊંચો. મુશ્કેલ અને મોકાનો હતો. આદિલશાહે આ ડુંગર ઉપર એક કિલ્લો અર્ધો બાંધીને છોડી દીધો હતો. આ કિલ્લા ઉપર પહેરો પણ ઢીલો જ હતો, તેથી સ્વરાજ્યની રાજધાની માટે આ કિલ્લો તાબામાં લેવાનો, એવું શિવાજીએ નક્કી કર્યું.

**સ્વરાજ્યની પહેલી રાજધાની :** એક દિવસ શિવરાય પોતાના ચુનંદા સાથીઓ સાથે આ કિલ્લા ઉપર ચડ્યા અને તેમણે કિલ્લો તાબામાં લીધો. તોરણા ઉપરથી મળેલા ધનમાંથી કેટલુંક ધન



રાજગઢ-પાલી દરવાજો

મુરૂંબદેવના કિલ્લા ઉપરના સમારકામ માટે વાપર્યું. શિવરાયે આ કિલ્લાને નામ આપ્યું 'રાજગઢ'. ગઢ ઉપર સલાટોએ પથ્થરો ઘડ્યા. લુહારોએ ધમણ ચલાવી, સુથાર, કડિયા, મજૂર, ભિસ્તી (પખાલી) જેવા બધા માણસો કામે લાગ્યા. રાજમહેલ, બારા મહાલ, અઢાર કારખાના અને રાજગાદી તૈયાર થયા. રાજગઢ સ્વરાજ્યની પહેલી રાજધાની બની.

**સ્વરાજ્યની ઘોડદોડ :** શિવરાયની ઘોડદોડ શરૂ થઈ. બારા માવળમાં આવેલા કિલ્લાઓ તેમણે એક પછી એક તાબામાં લીધા બારા માવળમાં આનંદ અને ઉત્સાહનું પૂર આવ્યું. ગામેગામના પાટીલ અને દેશમુખો શિવરાયને સલામી આપવા આવવા લાગ્યા; પરંતુ ચોખામાં જેમ કેટલાંક કાંકરા હોય છે, તેમ માવળાઓમાં પણ કેટલાંક દુષ્ટ લોકો હતાં. શિવરાયની પ્રગતિ જોઈને તેમના પેટમાં દુઃખવા લાવ્યું. શિરવળના આદિલશાહી થાણાદાર પાસે શિવરાયની વિરુદ્ધ ફરિયાદ ગઈ. થાણાદારે એક સાંઢણીસવારને બીજાપુર મોકલીને શિવરાયની આ ઘોડદોડની હકીકત આદિલશાહના કાને પહોંચાડી.

**શિવરાયની ચતુરાઈ :** આદિલશાહ ચકિત થઈ ગયો. તેણે શહાજીરાજાની પાસે ખુલાસો માગ્યો. શહાજીરાજા મોટી મુશ્કેલીમાં મુકાયા. પણ તેણે સમય સાચવી લીધો. ''જાગીરનું રક્ષણ કરવા માટે પોતાની પાસે એકપણ કિલ્લો નથી, માટે શિવાજીરાજાએ કિલ્લો જીત્યો હોવો જોઈએ,'' આવો જવાબ શહાજીરાજાએ આદિલશાહને આપ્યો. શિવરાયે પણ આદિલશાહને ત્યાં દૂત મોકલ્યો. 'જાગીરનો કારભાર વ્યવસ્થિત ચાલે માટે અમે કિલ્લો લીધો છે. આદિલશાહના હિત માટે જ કિલ્લો લીધો છે. તેમાં બીજો કોઈપણ હેતુ નથી.' આવો ચતુરાઈભર્યો જવાબ શિવરાયે મોકલ્યો.

કોંઢાણા અને પુરંદર આ બે કિલ્લા પણ મોકાના હતાં. શિવરાયે તે કિલ્લા પણ યુક્તિપૂર્વક કબજે કર્યા. ત્યારપછી રોહિડા તાબામાં લીધો. સ્વરાજ્યની ઘોડદોડ (મજલ) આવી રીતે ઝડપથી શરૂ થઈ.

**૧. ખાલી જગ્યામાં કૌંસમાંથી યોગ્ય પર્યાય લખો.**

(અ) શિવરાય પાસે પુણે, સૂપા, ચાકણ અને ............... ના પરગણાંની જાગીર હતી
(ઇંદાપુર, સાસવડ, વેલ્હે)

(આ) શિવરાયે .............. જીતીને સ્વરાજ્યનું તોરણ બાંધવું, એવું નક્કી કર્યું.
(સિંહગઢ, શિવનેરી, તોરણા)

(ઇ) સ્વરાજ્યની પહેલી રાજધાની ........... બની.
(રાજગઢ, રાયગઢ, પ્રતાપગઢ)

**૨. પ્રત્યેકના એક વાક્યામાં જવાબ લખો.**

(અ) મહારાષ્ટ્ર ઉપર કઈ ચાર સત્તા હકૂમત ચલાવતી હતી ?

(આ) શિવરાયે તોરણા કિલ્લા ઉપર ક્યા અધિકારીઓની નિમણૂંકો કરી ?

(ઇ) શિવરાયે આદિલશાહને શો જવાબ મોકલ્યો ?

**૩. કારણો લખો.**

(અ) સ્વરાજ્યનું તોરણ બાંધવા માટે શિવરાયે તોરણા કિલ્લાની પસંદગી કરી.

(આ) તોરણા કિલ્લા ઉપરથી મળી આવેલા ધનની ગાગરો કારીગરો શિવાજી પાસે લઈ આવ્યા.

**ઉપક્રમ :**

શિક્ષકની મદદથી તમારા પરિસરમાં આવેલા કિલ્લા ઉપર જવાનું પર્યટન આયોજીત કરો.

364FL4

# ૮. પોતાના શત્રુઓને થાળે પાડ્યા

**કડપ બેસાડ્યો :** શિવરાયની આસપાસ બારા માવળના માવળાઓ ભેગા થયા. શિવરાય કહે તે કામગીરી તેઓ કરતાં હતાં. સ્વરાજ્ય માટે જીવવાનું અને સ્વરાજ્ય માટે મરવાનું, એમ તેઓ માનતા હતાં. સાદા-સીધા ભોળા અને ખાનદાન માણસો હતા તે ! તેમને શિવરાય એટલે પોતાના પ્રાણ લાગતા; પણ કેટલાંક લોકોને શિવરાયના કર્તૃત્વની (કાર્યોની) અદેખાઈ થતી. આવા લોકોને ઠેકાણે લાવવાનું કામ શિવરાયને જરૂરી લાગ્યું.

ખંડોજી અને બાજી ઘોરપડે જેવા સરદાર આદિલશાહની નોકરીમાં હતાં. આદિલશાહે તેમને શિવરાયની વિરુદ્ધ ઉશ્કેર્યાં. કોંઢાણા વિભાગમાં તેમણે ધિંગાણું મચાવ્યું; પરંતુ શિવરાયે તેમની દાળ ચડવા દીધી નહિ. શિવરાયે તેમને ભગાડી મૂક્યા.

તેવીજ રીતે ફલટણના બજાજી નાઈક નિંબાલકર, એ તો શિવરાયના સાળા. શિવરાયને તેમના વિરોધમાં જઈને પણ લડાઈ કરવી પડી; તેમ છતાં આગળ જતા આ કુટુંબની વ્યક્તિઓ શિવરાયની સાથે રહી.

શિવરાયના નજીકના સગા સંભાજી મોહિતે. તેઓ તેમના સૂપા પરગણામાં હતાં. તેમણે પણ શિવરાય વિરુદ્ધ કારસ્થાનો શરૂ કર્યાં. શિવરાયે સૂપા જઈને તેને પકડ્યા અને તેને કર્ણાટક પ્રાંતમાં મોકલી દીધા. કર્તવ્ય ખાતર શિવરાય સગપણ પણ માનતા નહોતા.

**જાવળીના ચંદ્રરાવ મોરે :** શિવરાયના કાર્યોની મહાનતા બધા માવળાઓને સમજાઈ ગઈ. તેમનું નામ સર્વત્ર ગાજી ઊઠ્યું. શિવરાય લોકોના રાજા થયા, પણ તે કેટલાંક લોકોની આંખમાં ખૂંચ્યું. જાવળીના મોરે આમાંના એક હતાં. મોરે જાવળીના જાગીરદાર હતાં. તેમની જાગીર રાયગઢથી કોયનાના ખીણપ્રદેશ સુધીની હતી. તેઓ બીજાપુરના આદિલશાહના જાગીરદાર હતાં. આદિલશાહે તેમને 'ચંદ્રરાવ' નો ખિતાબ આપ્યો હતો. જાવળીનું જંગલ ખૂબજ ગીચ હતું. ભર દિવસે પણ સૂર્યકિરણો ત્યાં પહોંચી શકતા નહોતા. તેમાં વાઘ, વરૂ, રીંછ વગેરે હિંસક પ્રાણીઓ ફરતા હતાં. મોરેની જાવળી એટલે જાણે વાઘની બોડ જ હતી ! તેથી મોરેના માર્ગમાં કોઈ આડે આવતું નહિ, પણ તે હિંમત કરી શૂરવીર શિવરાયે.

તેનું કારણ એવું કે દૌલતરાવ મોરે ૧૬૪૫માં મૃત્યુ પામ્યા. તેમના વારસોમાં ઝઘડાઓ શરૂ થયા. શિવરાયે યશવંતરાવ મોરેને મદદ કરી. તેમની મદદથી જ યશવંતરાવ જાવળીની ગાદી ઉપર ચંદ્રરાવ તરીકે બેઠો. તે વખતે યશવંતરાવે શિવરાયને ખંડણી આપવાનું કબૂલ કર્યું. તેમના કાર્યમાં મદદ કરવાનું પણ કબૂલ કર્યું હતું, પણ ગાદી ઉપર બેઠા પછી તે બધું જ ભૂલી ગયો. ક્યા શિવાજી અને ક્યો કરાર ! તે બેપરવાઈથી વર્તવા લાગ્યો. સ્વરાજ્યના મુલકો ઉપર સવારીઓ કરવી, પ્રજાને ત્રાસ આપવો, જેવી અળવીતરાઈ યશવંતરાવ કરવા લાગ્યો. સમય પર તેનો બંદોબસ્ત નહિ કરવામાં આવે તો સ્વરાજ્યને માટે જોખમ ઊભું થશે, તે શિવરાય સમજી ગયા.

**'બંડખોરી કરશો તો માર્યા જશો' :** શિવરાયે યશવંતરાવ મોરેને પ્રથમ એક કડક પત્ર મોકલ્યો. ''તમે તમને રાજા કહેવડાવો છો. પણ રાજા અમે છીએ. અમને

શ્રી શંભુએ રાજ્ય આપેલું છે, તો તમે તમારી જાતને રાજા કહેવડાવતા નહિ.''

યશવંતરાવ મોરેએ ઉદ્ધતાઈથી જવાબ લખ્યો, ''તમે તો કાલે રાજા થયા છો. તમને રાજ્ય કોણે આપ્યું? યેતા જાવળી, જાતા ગોવલી.... અમને પ્રભુની કૃપાથી આદિલશાહે રાજાનો ખિતાબ, છત્રચામર, સિંહાસન આપીને મહેરબાની કરી છે. અહીં ચાલાકી કરશો તો આફત આવશે.''

શિવરાયે વળતો જવાબ દીધો, ''જાવળી ખાલી કરીને, રાજા ન કહેવડાવીને, છત્રચામર દૂર કરીને, હાથે રૂમાલ બાંધીને, મારી ચાકરી કરવા મને મુલાકાત આપવા આવો. આની ઉપરવટ બંડખોરી કરશો, તો માર્યા જશો.''

જાવળીની આસપાસ ઘનઘોર જંગલ હતું. રાયરીનો કિલ્લો અજેય હતો. મોરેનું સૈન્ય પણ મોટું હતું. જાવળી જીતવાનું સહેલું નહોતું. પૂરતી તૈયારી કરીને શિવરાયે જાવળી ઉપર ચડાઈ કરી. લગભગ મહિના સુધી યશવંતરાવે ટક્કર ઝીલી. પણ તેના ઘણા સૈનિકો માર્યા ગયા. આખરે પોતાના બાળકોને લઈને યશવંતરાવ રાયરી ઉપર ભાગી ગયો. શિવરાયે જાવળી લીધી. પછી શિવરાયે રાયરી ઉપર ચડાઈ કરી. તેમણે રાયરીના કિલ્લાને મજબૂત ઘેરો ઘાલ્યો. યશવંતરાવ ત્રણ મહિના જીવ ઉપર આવીને લડ્યો, પણ આખરે તેણે પીછેહઠ કરવી પડી.

**રાયગઢનો કિલ્લો :** જાવળીનો વિજય ખૂબ મહત્ત્વનો હતો. તે વિજયને લીધે શિવરાયનું સ્વરાજ્ય પહેલા કરતાં બમણું થયું. યશવંતરાવનું સૈન્ય પણ શિવરાયને આવીને મળ્યું. રાયરીનો પ્રચંડ કિલ્લો સ્વરાજ્યમાં આવી ગયો. આ કિલ્લો જોઈને શિવરાયે ધન્યતા અનુભવી. તેમણે આ કિલ્લાનું નામ 'રાયગઢ' રાખ્યું. ત્યારપછી તેમણે નજીકમાં જ આવેલા ભોરપ્યા ડુંગર ઉપર એક નવો કિલ્લો બાંધ્યો, તેનું નામ રાખ્યું પ્રતાપગઢ.



રાયગઢનો કિલ્લો

## ૧. ખોટી જોડી ઓળખો.

(અ) ફલટણ - નિંબાલકર

(આ) જાવળી - મોરે

(ઇ) સૂપા - જાધવ

## ૨. પ્રત્યેકના એક વાક્યમાં જવાબ લખો.

(અ) જાવળીના મોરેને આદિલશાહે ક્યો ખિતાબ આપ્યો હતો ?

(આ) જાવળીનો વિજય ખૂબ મહત્ત્વનો શા માટે હતો ?

## ૩. બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો.

(અ) જાવળીના મોરેના માર્ગમાં કોઈ આડે આવતું નહોતું. શા માટે ?

(આ) શિવરાયે યશવંતરાવ મોરેને ક્યો પત્ર મોકલ્યો ?

## ઉપક્રમ :

(અ) રાયગઢના ચિત્રોનો સંગ્રહ કરો.

(આ) દિવાળીની રજાઓમાં તમારા મિત્રો સાથે રાયગઢની પ્રતિકૃતિ તૈયાર કરો.

36DBHR

## ૯. પ્રતાપગઢ ઉપરનું પરાક્રમ

**આદિલશાહી પાયા હચમચ્યા :** બીજાપુરના દરબારની વાત છે. શિવરાયની વધતી જતી હિલચાલની વાત સાંભળીને આદિલશાહી દરબાર ચિંતામાં પડી ગયો. દરબારમાં ચિંતિત બધા સરદારો ભેગા થયા. એક એક ચડિયાતા સમશેર બહાદુરો દરબારમાં હાજર હતાં. આદિલશાહી કારભાર સંભાળનાર બડી સાહેબા પોતે પણ દરબારમાં હાજર હતી. દરબાર સામે મહત્ત્વનો પ્રશ્ન હતો – 'શિવાજીનો નાશ કેવી રીતે કરવો ?'

બડી સાહેબાએ દરબારમાં સરદારોને પ્રશ્ન પૂછ્યો, ''કહો, કોણ તૈયાર છે શિવાજીનો બંદોબસ્ત કરવા ?''

દરબારમાં શાંતિ ફેલાઈ ગઈ. બધા જ પોતપોતાની જગ્યાએ ચૂપ ! શિવરાય સાથે મુકાબલો કરવાનું સાહસ કોણ બતાવે ? બધા એકબીજા તરફ જોવા લાગ્યા. એટલામાં કદાવર શરીરનો એક સરદાર ઝડપથી સલામ ભરતો આગળ આવ્યો. તેનું નામ હતું અફઝલખાન.

**ખાને બીડું ઊંચક્યું :** રકાબીમાંથી પાનનું બીડું ઊંચકીને અફઝલખાન બોલ્યો, ''શિવાજી ? કોણ શિવાજી ? તેને હું જીવતા કેદ કરીને અહીં પકડી લાવીશ અને તેમ નહિ મળે તો તેને ઠાર મારીને બીજાપુર લાવીશ જ.''

અફઝલખાન એટલે બીજાપુરના દરબારનો બળવાન સરદાર. જાણે તાકાતનું તોફાન ! પોલાદનો સળિયો હાથેથી વાળી શકનારો. સારા કે ખરાબ કોઈપણ માર્ગે પોતાનું કામ કરવામાં તે કુશળ હતો ! આવા અફઝલખાને શિવરાયને જીવતા પકડીને અથવા મારીને લાવવાનું બીડું ભરદરબારમાં ઊંચક્યું હતું. આખો દરબાર ખુશ થયો. દરબારમાં હાજર હતા તે બધાને લાગ્યું, ''હવે શિવાજી ભોસલે કેવી રીતે જીવતો રહેવાનો ! થોડા જ દિવસોમાં બીજાપુરના દરબારમાં સાંકળ બાંધેલી હાલતમાં શિવાજી હાજર થશે, નહિતર તેનું માથું પણ દરબારમાં રજૂ થશે.''

અફઝલખાન શાનદાર રીતે, ઠાઠમાઠથી બીજાપુરથી નીકળ્યો. તેણે પોતાની સાથે પ્રચંડ સેના અને લડાઇનો સામાન લીધો. આ પહેલા અફઝલખાન બાર વર્ષ સુધી વાઈનો સુબેદાર હતો તેથી તેને તે પ્રદેશની સારી એવી માહિતી હતી. અતિશય ઘમંડમાં તે મહારાષ્ટ્રને રસ્તે ચાલી નીકળ્યો.

**સ્વરાજ્ય ઉપરનું સંકટ :** શિવરાય તે સમયે રાજગઢ ઉપર હતાં. તેમને અફઝલખાન ચડાઈ કરવા આવે છે તેવી માહિતી મળી. સ્વરાજ્ય ઉપર મોટું સંકટ આવ્યું છે, તેમ તેઓ સમજી ગયા, પણ તે ડગ્યા નહિ. તેણે વિચાર કર્યો, ખાન કપટી છે, તેની સેના મોટી છે. આપણું રાજ્ય નાનું છે, આપણું સૈન્ય નાનું છે. ખુલ્લા મેદાનમાં ખાન સામે આપણે કાંઈ ટકી શકવાના નથી ! તેનો યુક્તિપૂર્વક જ સામનો કરવો જોઈએ, એવું શિવરાયે નક્કી કર્યું. તેઓ જિજામાતા સાથે સલાહમસલત કરીને, તેમજ તેમના આશીર્વાદ લઈને રાજગઢ ઉપરથી નીકળ્યા અને પ્રતાપગઢ તરફ તેમણે કૂચ કરી.

**અફઝલખાનના દાવપેચ :** શિવરાય પ્રતાપગઢ ઉપર ગયા છે, તે જાણીને ખાન ખૂબ ચિડાયો. તે

જાણતો હતો, પ્રતાપગઢ ઉપર ચડાઈ કરવી સહેલી નથી, કારણકે તે કિલ્લો ડુંગર પર હતો. તેની આસપાસ ગાઢ જંગલ હતું. રસ્તામાં ઊંચા ઊંચા ડુંગરો હતાં. લશ્કરને જવા માટે સારો રસ્તો નહોતો. તોપો ચઢાવવાનો રસ્તો નહોતો. વળી ત્યાં જંગલી પ્રાણીઓનો તો ભયંકર ત્રાસ હતો !

શિવરાય પ્રતાપગઢ ઉપરથી નીચે ઉતરી આવે, માટે ખાને દાવપેચ કરવાની શરૂઆત કરી. તુળજાપુર, પંઢરપુર મંદિરોને નુકસાન કર્યું. રૈયતને ખૂબ ત્રાસ આપ્યો. આ સાંભળીને તો શિવરાય પ્રતાપગઢ છોડીને બહાર આવશે, એવો ખાનનો દાવ હતો. શિવરાય ખાનનો દાવ સમજી ગયા હતાં. તેમણે પ્રતાપગઢ છોડ્યો જ નહિ, ત્યારે ખાને બીજો દાવ અજમાવ્યો. પ્રેમાળપણાનો ઢોંગ કરીને તેણે શિવરાયને સંદેશો મોકલ્યો, ''તમે મારા પુત્ર જેવા છો. મને મળવા આવો. અમારા કિલ્લા પાછા આપો. તમને હું આદિલશાહ પાસેથી સરદારી અપાવીશ.''


**શેરને માથે સવા શેર :** ખાન પોતાની સાથે કપટી દાવ ખેલે છે, તે શિવરાય તરત જ સમજી ગયા. તે સાવધ થઈને વર્તતા હતાં. તેમણે ખાનને જ પ્રતાપગઢ નીચે ખેંચી લાવવાનો નિર્ધાર કર્યો. તેણે ખાનને સંદેશો મોકલ્યો, ''ખાનસાહેબ, મેં તમારા કિલ્લા લીધા છે. હું ગુનેગાર છું. મને માફ કરો. તમે જ પ્રતાપગઢની તળેટીમાં મળવા આવો. મને ત્યાં આવવાનો ડર લાગે છે.''

શિવરાયનો સંદેશો સાંભળીને અફઝલખાન હસ્યો. 'વાહ ! બહોત ખુશી !' પોતાની દાઢી ઉપર હાથ ફેરવતા તે બોલ્યો. તેને થયું, આ અફઝલખાન આગળ શિવાજીની શી વિસાત ! આ ડરપોક મારી સાથે શી લડાઈ કરવાનો ! આપણે જ જવું અને મળીને તેને મસળી નાંખવો. બસ ! ખાન શિવરાયને પ્રતાપગઢની તળેટીમાં મળવા તૈયાર થયો.

**મુલાકાત નક્કી થઈ :** પ્રતાપગઢની તળેટીમાં માચી પર મળવાની જગ્યા નક્કી થઈ. દિવસ નક્કી



પ્રતાપગઢનો કિલ્લો




થયો. સમય નક્કી થયો. મુલાકાતના સમયે બન્નેએ પોતાની સાથે એક-એક સેવક લાવવો અને પોતાના દસ અંગરક્ષકો નક્કી કરેલા સ્થળે દૂર રાખવા એમ નક્કી થયું. મહારાજે ખાન માટે સારો રસ્તો તૈયાર કરાવી દીધો. મુલાકાત માટે સુંદર શામિયાનો (મંડપ) ઊભો કર્યો.

શિવરાય ખૂબ સાવધાનીથી વર્તતા હતાં. તેમણે પોતાના સૈન્યની નાની નાની ટુકડીઓ કરી. જંગલમાં કોણે ક્યાં સંતાઈ રહેવું, શું કરવું એ બાબતની તેમને સૂચના આપી. પાકો બંદોબસ્ત કર્યો. ખાન કપટી છે. શિવરાયે તેને મળવું નહિ, આવું તેમને કેટલાંક સલાહકારોએ કહ્યું, પણ શિવરાયે ખાનને મળવાનું નક્કી કર્યું.

**મુલાકાતની તૈયારી :** મુલાકાતનો દિવસ આવ્યો. સવારે શિવરાયે ભવાનીમાતાના દર્શન કર્યાં. થોડા સમય પછી તેણે પોષાક પહેરવાની શરૂઆત કરી. પગમાં સુરવાલ ચડાવી. શરીર ઉપર બખ્તર પહેર્યું. તેની ઉપર જરીનો કુરતો અને અંગરખું પહેર્યું. માથા ઉપર લોખંડનો ટોપો પહેરી તેના ઉપર ફેંટો બાંધ્યો. ડાબા હાથની આંગળીઓમાં વાઘનખ પહેર્યાં. તે જ હાથની બાયમાં કટાર છુપાવી. સાથે પટ્ટો લીધો. શિવરાય ખાનની મુલાકાત માટે આવી રીતે તૈયાર થયા.

બહાર સરદારો ઊભા હતાં. શિવરાયે તેમને કહ્યું, ''સાથીઓ, પોતપોતાનું કામ બરાબર કરજો. ભવાનીમાતા સફળતા આપવાના છે, પણ ધારો કે મારું કાંઈ ભલુંબૂરું થાય, તો તમે હિંમત હારશો નહિ. સંભાજી રાજાને ગાદીએ બેસાડજો. માસાહેબની આજ્ઞા પાળજો. સ્વરાજ્યનો વિસ્તાર વધારજો. પ્રજાને સુખી કરજો. હું નીકળું છું !'' શિવરાય નીકળ્યા. સાથે વકીલ પંતાજી ગોપીનાથ અને જિવાજી મહાલા, સંભાજી કાવજી, યેસાજી કંક, કૃષ્ણાજી ગાયકવાડ, સિદ્દી ઇબ્રાહીમ, વગેરે દસ અંગરક્ષકો હતાં.

ખાન શિવરાયની પહેલા જ શામિયાનામાં આવીને બેઠો હતો. મનમાં જ ખુશ હતો. તેની બાજુમાં બડા સય્યદ નામનો તેનો હથિયારબદ્ધ સિપાઈ ઊભો હતો. તે પટ્ટા ચલાવવામાં ખૂબ નિપુણ હતો. શિવરાય શામિયાનાના દરવાજા પાસે આવ્યા. બડા સય્યદ તરફ જોતાં જ તે ત્યાંજ ઊભા રહ્યાં. ખાને મહારાજના વકીલને પૂછ્યું, ''શિવાજીરાજા અંદર કેમ આવતા નથી ?''

વકીલે કહ્યું, ''તે બડા સય્યદથી ડરે છે. તેને દૂર કરો !'' બડા સય્યદ દૂર થયો. શિવરાય અંદર ગયા. ખાન ઊભો થઈને બોલ્યો, ''આવો, રાજા, મને ભેટો.''



શિવરાય–અફઝલખાનની મુલાકાત

**અફઝલખાન સાથે ઝપાઝપી :** મહારાજ સાવધ થઈને આગળ વધ્યા. ખાને શિવરાયને આલિંગન આપ્યું. કદાવર ખાન આગળ શિવરાય ઠીંગણા લાગતાં હતાં. શિવરાયનું માથું ખાનની છાતી સુધી આવ્યું. તેની સાથે જ ખાને શિવરાયને ઠાર કરવા માટે તેમનું ગળું પોતાની ડાબી બગલમાં દાબ્યું અને બીજા હાથે શિવરાયના પડખામાં કટારનો વાર કર્યો. શિવરાયના શરીર ઉપરનું અંગરખું ચીરાઈને ફાટી ગયું. અંગરખા નીચેના બખ્તરને લીધે શિવરાય બચી ગયા. તેઓ ખાનનો દાવ ઓળખી ગયા. અત્યંત ચપળતાથી તેમણે ખાનના પેટ ઉપર વાઘનખથી મારો કર્યો. ડાબા હાથની બાંયમાં છુપાવેલી કટાર જમણા હાથેથી કાઢીને તેણે તે ઝડપથી ખાનના પેટમાં ઘુસાડી દીધી. ખાનના આંતરડાં બહાર નીકળી ગયા. ખાન જમીન ઉપર ઢળી પડ્યો. એટલામાં તેનો વકીલ કૃષ્ણાજી ભાસ્કર આગળ આવ્યો. તેણે શિવરાય ઉપર તલવારથી વાર કર્યો, પણ શિવરાયે પટ્ટાના એકજ ઘામાં તેને ઠાર કર્યો, આ ગરબડ સાંભળીને બડા સય્યદ શામિયાનામાં ઘૂસ્યો. તે શિવરાય ઉપર વાર કરે એટલામા તો જિવા મહાલા દોડી આવ્યો. બડા સય્યદનો વાર પોતાના શરીર ઉપર ઝીલી લઈને જિવા મહાલે એક જ ઘામાં તેને ત્યાંને ત્યાં જ ઠાર કર્યો. ‘હોતા જિવા મ્હણૂન વાચલા શિવા,’ (જિવો હતો તેથી શિવાજી બચી ગયા) આવી કહેવત આગળ પ્રચલિત થઈ. આ સમયે થયેલા સંઘર્ષમાં સંભાજી કાવજીએ ખૂબ મોટું પરાક્રમ કર્યું.

**અફઝલખાનના લશ્કરની રેવડી દાણાદાણ :** વિજયી શિવરાય ગઢ ઉપર ગયા. સંકેત પ્રમાણે તોપો ફૂટી. શિવરાયનું સૈન્ય આ સંકેતની રાહ જ જોતું હતું. તોપ ફૂટતા જ જંગલમાં છુપાયેલું શિવરાયનું સૈન્ય ખાનના લશ્કર ઉપર તૂટી પડ્યું. ખાનનું લશ્કર ગાફેલ હતું. તેમને નાસવાનો રસ્તો પણ મળતો

નહોતો. મરાઠાઓએ જબરદસ્ત પીછો કર્યો અને ખાનના લશ્કરને ધૂળ ચાટતું કર્યું. અફઝલખાનનો પુત્ર ફાઝલખાન જેમતેમ કરીને ભાગ્યો અને બીજાપુર પહોંચ્યો. તેણે આપેલા સમાચાર સાંભળીને બીજાપુરમાં હાહાકાર મચી ગયો.

બીજાપુરના સૌથી બળવાન સરદારને શિવરાયે ચપટી વગાડતાં ધૂળભેગો કર્યો. શિવરાયનું નામ સર્વત્ર ગાજવા લાગ્યું. તેના પરાક્રમની ગાથા (પોવાડા) સહ્યાદ્રિના પથ્થરે પથ્થરમાં ગુંજવા લાગી.

## સ્વાધ્યાય

**૧. આપેલા અક્ષર ઉપરથી યોગ્ય શબ્દ તૈયાર કરો.**

(અ) તા ગ પ્ર ઢ પ ....................

(આ) વ રા ય શિ ....................

(ઇ) ખા અ ઝ ન લ ફ ....................

**૨. પ્રત્યેકના એક વાક્યમાં જવાબ લખો.**

(અ) અફઝલખાને ક્યું બીડું ઊંચક્યું?

(આ) પ્રેમાળપણાનો ઢોંગ રચીને અફઝલખાને શિવરાયને ક્યો સંદેશો મોકલ્યો ?

**૩. બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો.**

(અ) શિવરાયે અફઝલખાન સાથે યુક્તિપૂર્વક સામનો કરવાનું શા માટે નક્કી કર્યું ?

(આ) અફઝલખાનની મુલાકાતે જતી વખતે શિવરાયે પોતાના સરદારોને શું કહ્યું ?

**૪. કારણો લખો.**

(અ) શિવરાય પ્રતાપગઢ ઉપર ગયા છે. તે ખબર મળતાં જ ખાન ચિડાયો.

(આ) બીજાપુરમાં હાહાકાર મચી ગયો.

**ઉપક્રમ**

ઇતિહાસના સંદર્ભમાં કહેવતોનું સંકલન કરો. દા.ત., ''હોતા જિવા મ્હણૂન વાચલા શિવા.'' (જિવો હતો તેથી શિવો બચ્યો.)

# ૧૦. બહાદુરીથી ખીણ જીતી

**પન્હાળા જીતાયો અને આદિલશાહ ચિડાયો :** અફઝલખાનના વધને લીધે બીજાપુરમાં હાહાકાર મચી ગયો. ત્યાર પછી તરત જ શિવરાયે બીજાપુરના તાબામાં રહેલો પન્હાળાગઢ જીતી લીધો. તેથી આદિલશાહ ભયંકર ગુસ્સે થયો. તેને ખાવાપીવાનું પણ ગમતું નહિ. શિવરાયનો નાશ કરવા માટે તેણે સિદ્દી જૌહર નામના સરદારને મોકલ્યો. ખૂબ મોટું લશ્કર લઈને સિદ્દી જૌહર નીકળ્યો. ફાઝલખાન પણ પિતાના વધનો બદલો લેવા માટે તેની સાથે નીકળ્યો.

**પન્હાળાગઢને ઘેરો :** સિદ્દી જૌહર શૂરવીર પણ ક્રૂર હતો. તેની શિસ્ત કડક હતી. તેણે પન્હાળાગઢને ચારે તરફથી ઘેરી લીધો. શિવરાયને ગઢમાં કેદ કર્યા. ચોમાસાના દિવસો નજીકમાં જ આવતા હતાં. ચોમાસુ શરૂ થશે, કે સિદ્દી જૌહર ઘેરો ઉઠાવી લેશે એવું શિવરાયને લાગ્યું, પણ વરસાદ શરૂ થતાં જ તેણે ઘેરો વધારે મજબૂત કર્યો. ગઢ ઉપરનો ખાવાપીવાનો સામાન ખૂટવા આવ્યો હતો. હવે શું કરવું ? બળથી કામ થવાનું નહોતું ત્યારે કળથી (યુક્તિથી) છટકી જવાનું શિવરાયે નક્કી કર્યું. ''જલદીથી જ કિલ્લો તમને સોંપી દઉં છું.'' એવો સંદેશો તેમણે સિદ્દીને મોકલ્યો. તે ખુશ થયો. તેણે તે કબૂલ કર્યું.

ઘેરાના કામથી સિદ્દીના સૈનિક કંટાળી ગયા હતાં. શિવાજી શરણે આવે છે. તે સાંભળીને તેમને આનંદ થયો. ખાણી-પીણી, નાચગાન અને હુક્કાપાણીમાં તેઓ મશગુલ થઈ ગયા.

**શિવરાય ઘેરામાંથી છટકી ગયા :** શિવરાયે ઘેરામાંથી નાસી જવા માટે એક યુક્તિ વિચારી. તેમણે બે પાલખીઓ તૈયાર કરી. એકમાંથી શિવરાય મુશ્કેલ રસ્તેથી બહાર જશે અને બીજીમાંથી શિવરાયનો સ્વાંગ રચેલી વ્યક્તિ દિંડી દરવાજામાંથી બહાર જશે. બીજી પાલખી દુશ્મનના સૈન્યને તરત જ દેખાવાની હોવાથી તે પકડાઈ જશે અને શિવાજીરાજા જ પકડાયા હોવાનું સમજીને દુશ્મનો જલસો કરશે, એટલામાં શિવરાય મુશ્કેલ રસ્તેથી ભાગી છૂટશે આવી તે યોજના હતી; પણ શિવરાયનો સ્વાંગ કોણ રચશે ? આવો સ્વાંગ રચવો એટલે સામેથી મોત સ્વીકારવું; પણ એક બહાદુર યુવાન તૈયાર થયો. તે દેખાવમાં શિવરાય જેવો જ હતો અને તેનું નામ પણ શિવાજી જ હતું. શિવરાયની કેશભૂષા કરનાર તે સેવક હતો. તે ખૂબ પરાક્રમી અને ચતુર હતો.

નક્કી કર્યા પ્રમાણે સ્વાંગ રચેલા સેવક શિવાજીની પાલખી રાજદિંડીની બહાર નીકળી. રાતનો સમય હતો. મુશળધાર વરસાદ પડતો હતો, તેમ છતાં દુશ્મનના કેટલાંક સૈનિકો પહેરો ભરતા હતાં. તેમણે આ પાલખી પકડી પાડી. શિવાજી રાજા જ પકડાઈ ગયા એમ સમજીને તેઓ તે પાલખી સિદ્દી જૌહરની છાવણીમાં લઈ ગયા. ત્યાં જલસો શરૂ થયો. તે દરમ્યાનમાં શિવરાય બીજા મુશ્કેલ રસ્તેથી ગઢની બહાર નીકળી ગયા. સાથે બાજીપ્રભુ દેશપાંડે અને તેના કેટલાંક ચુનંદા સૈનિકો હતાં. સાથે બાંદલ દેશમુખની સેના હતી. અહીં થોડા સમયમાં સેવક શિવાજીનો સ્વાંગ ખુલ્લો પડી ગયો, ત્યારે સિદ્દીએ સંતાપીને તેને તત્કાળ ઠાર કર્યો. શિવરાય માટે, સ્વરાજ્ય માટે આ સેવક શિવાજીએ આત્મબલિદાન કર્યું. તે અમર થયો.

શિવરાય હાથતાળી આપી છટકી ગયાનું ધ્યાનમાં આવતાં જ સિદ્દી ઉશ્કેરાઈ ગયો. તેણે તાત્કાલિક સિદ્દી મસઊદ નામના પોતાના સરદારને મોટી ફોજ સાથે શિવરાયનો પીછો કરવા મોકલ્યો. પીછો શરૂ થયો. દિવસ થતાં જ તેમણે શિવરાયને પાંઢરપાણી વહેળા આગળ પકડી પાડયા. શિવરાય ચિંતામાં મૂકાયા. તેમણે જેમતેમ કરીને ઘોડખીણ પાર કરી.

**બાજીપ્રભુની સ્વામીભક્તિ :** ગુસ્સે થયેલા સિદ્દીના સૈનિકો પવનવેગે ખીણ તરફ દોડતા આવતા હતાં. શિવરાયને લાગ્યું, હવે વિશાળગઢ પહોંચવું મુશ્કેલ છે. તેમણે બાજીપ્રભુને કહ્યું, ''બાજી, સમય કટોકટીનો છે. આગળનો રસ્તો ચઢાણવાળો છે. પાછળ શત્રુ પીછો કરે છે. હવે વિશાળગઢ પહોંચવું અશક્ય છે. ચાલો, પાછા ફરીને શત્રુઓનો સામનો કરીએ !'' શિવરાયના મનની મૂંઝવણ બાજીપ્રભુ સમજી ગયા. ખીણની દિશામાં શત્રુઓ ગુસ્સે ભરાઈને આવતા હતાં. શિવરાયનું જીવન જોખમમાં હતું. સમગ્ર સ્વરાજ્ય જોખમમાં હતું. બાજીપ્રભુએ શિવરાયને કરગરીને કહ્યું, ''મહારાજ, તમે થોડા સૈનિકો લઈને વિશાળગઢ તરફ નીકળો. બાકીના સૈનિકો સાથે હું ખીણમાં ઊભો રહું છું. મહારાજ, હું મરીશ પણ દુશ્મનને ખીણ ચડવા દઈશ નહીં એક બાજી જશે તો તમને બીજો મળશે, પણ સ્વરાજ્યને શિવાજી મહારાજની જરૂર છે. દુશ્મનોની સંખ્યા મોટી છે. આપણે થોડા છીએ. અહીં આપણે ટકી શકીશું નહિ. તમે અહીં રોકાઓ નહિ. અમે ખીણ રોકીને ઊભા છીએ. દુશ્મનોને અમે અહીં જ રોકી રાખશું. તમે ગઢ ઉપર પહોંચો ત્યાં સુધી અમે અહીં દુશ્મનોને અટકાવી રાખશું. તમે નિર્ભયતાથી જાઓ.'' બાજીપ્રભુની સ્વામીભક્તિ જોઈને શિવરાય ગદ્‌ગદીત થઈ ગયા. બાજી જેવા અમૂલ્ય રત્નનો ભોગ આપવો તેમને પરવડતું નહોતું, પણ તેમને સ્વરાજ્યનું ધ્યેય પ્રાપ્ત કરવું હતું. તેમણે મનને કાબૂમાં રાખ્યું. શિવરાય બાજીને પ્રેમથી ભેટયા અને કહ્યું, ''અમે ગઢ ઉપર જઈએ છીએ. ત્યાં પહોંચતા જ તોપનો અવાજ કરીશું; પછી તરત જ ખીણ છોડીને તમે નીકળી આવજો.''

**બાજીએ દુશ્મનોને રોક્યા :** બાજીપ્રભુને ખીણમાં રોકી રાખીને શિવરાય વિશાળગઢ તરફ નીકળ્યા. બાજીએ શિવરાયની પાછળથી દેખાતી મૂર્તિને નમીને સલામી કરી. પછી તેણે પોતાના હાથમાં તલવાર લીધી અને તે ખીણના મુખ પાસે ઊભા રહ્યાં. તેણે માવળાઓની ટુકડીઓ પાડી. તેમની જગ્યા નીમી દીધી. માવળાઓએ પથ્થર અને પાણા ભેગા કર્યાં. અને તે પોતપોતાની જગ્યાએ તૈયારી સાથે ઊભા રહ્યાં. ખીણના મુખ પાસે માવળાઓની પોલાદી દીવાલ તૈયાર થઈ ગઈ. એટલામાં દુશ્મનોની યુદ્ધગર્જના સંભળાવા લાગી. દુશ્મનો ખીણ નીચે આવી ગયા હતાં. બાજીએ માવળાઓને કહ્યું, ''બહાદુર શૂરવીરો, હોંશિયાર ! જીવ જાય તો પણ સ્થાન છોડશો નહિ. દુશ્મનોને ખીણ ચઢવા દેશો નહિ.'' બાજીપ્રભુ અને તેના માવળા ખીણના મુખ પાસે અડગ બનીને ઊભા હતાં. ખીણનો રસ્તો વિકટ અને વળાંકવાળો (વાંકોચૂંકો) હતો. એકસાથે ત્રણ ચાર માણસો જેમતેમ કરી ઉપર ચઢી શકતા.

આ તરફ શિવરાય વિશાળગઢ તરફ પવનવેગે દોડતાં હતાં. વિશાળગઢની તળેટી હજી દૂર હતી. ગઢ ઉપર પહોંચવા માટે શિવરાયને દોઢ-બે કલાકની જરૂર હતી. તેટલો સમય બાજી ખીણ રોકી રાખે તો શિવરાયનું કામ સફળ થવાનું હતું.



ઘોડખીણમાં શિવરાય અને બાજીપ્રભુ દેશપાંડે

**ખીણમાંની ઝપાઝપી :** આ તરફ ખીણમાં જોરદાર લડત શરૂ થઈ. દુશ્મનો ખીણ ચડવા લાગ્યા. દુશ્મનોની પહેલી ટુકડી ખીણ પાસે આવી પહોંચી. માવળાઓએ દુશ્મનો ઉપર પથ્થરોનો વરસાદ શરૂ કર્યો. પથ્થરમારો કરવામાં માવળાઓ નિપુણ હતાં. તેમણે કુશળતાથી પ્રહાર કરવાનું શરૂ કર્યું. શિવરાયના માવળાઓએ કેટલાંયે દુશ્મનોને બરાબર નિશાનમાં લીધા. કેટલાંયના માથા ફૂટી ગયા. પહેલી ટુકડી નાહિંમત થઈને પાછી ફરી. બીજી ટૂકડી જોશપૂર્વક ખીણ ચઢવા લાગી. બાજીપ્રભુએ ગર્જના કરી, ''મારો, મારો'' માવળાઓને પાણી ચડયું. ''હરહર મહાદેવ'ની ગર્જના કરતાં તેઓ દુશ્મનો ઉપર તૂટી પડ્યા. ફરીથી પથ્થરોનો વરસાદ શરૂ થ યો. દુશ્મનો ધડાધડ નીચે પડવા લાગ્યા. બાજી બૂમ પાડી ઊઠ્યો, ''શાબાશ મારા પહેલવાનો ! હજી પથ્થરો ફેંકો. દુશ્મનોને કચડી નાંખો. હજી જોરદાર મારો ચાલુ રાખો ! શાબાશ !'' બીજી ટુકડીનો પણ પરાજય થયો.

પેલી તરફ શિવરાય વિશાળગઢ તરફ ઘોડદોડ કરતાં હતાં. ગઢની તળેટી નજીક પહોંચ્યા હતાં. પ્રત્યેક ક્ષણ મહત્ત્વની હતી. વિશાળગઢની તળેટીમાં પણ દુશ્મનનો ઘેરો હતો. શિવરાયે પોતાના ચુનંદા સાથીદારો સાથે દુશ્મનોના મોરચા ઉપર હુમલો કર્યો. દુશ્મનોનો સામનો કરતાં કરતાં શિવરાય આગળ નીકળી ગયા. તેઓ પોતાના માવળાઓ સાથે દુશ્મનોના ઘેરામાંથી છટકીને વિશાળગઢના કોટ તરફ દોટ મૂકતા જતાં હતાં.

**બાજીનું પરાક્રમ :** આ તરફ ઘોડખીણમાં પરાકાષ્ઠાની લડત હજુ ચાલી રહી હતી. સિદ્દી મસઊદ ચિડાયો હતો. તેની ત્રીજી ટુકડી ખીણ ચઢવા લાગી. મરાઠાઓએ બહાદુરીની પરાકાષ્ઠા બતાવી. દુશ્મનોએ બાજીપ્રભુ ઉપર હુમલો કર્યો. બાજીને ઘેરી લીધો. બાજી જુસ્સાથી લડવા લાગ્યો. તે પરાક્રમની પરાકાષ્ઠાએ પહોંચ્યો. બાજીના શરીર ઉપર અનેક પ્રહાર થયા. અનેક જખમો થયાં. શરીરમાંથી લોહીની ધારા વહેવા લાગી તોપણ તેણે ખીણનું મુખ છોડયું નહિ. તેનું આખું શરીર લોહી નીગળતું થઈ ગયું હતું, પણ તે પાછળ હઠયો નહિ. વચ્ચે જ તેણે ગર્જના કરીને માવળાઓને સૂચના આપી. માવળાઓએ દુશ્મનોનો જીવ ઉપર આવી સામનો કર્યો. દુશ્મનો હટયા. બાજીપ્રભુ ઘાયલ થયો હતો, તો પણ માવળાઓને લડત ચાલુ રાખવા માટે પાણી ચડાવતો હતો. તેનું બધું ધ્યાન તોપના અવાજ તરફ હતું.

**તે પાવનખીણ :** એટલામાં તોપનો અવાજ ગાજી ઊઠયો. તોપનો અવાજ ધરાશાયી થઈ ઢળી પડેલા બાજીના કાને પડ્યો. ''મહારાજ ગઢ ઉપર પહોંચી ગયા છે. મેં મારી ફરજ બજાવી છે. હવે હું સુખેથી મરીશ,'' એમ બોલીને તે સ્વામીભક્ત બાજીપ્રભુએ પ્રાણ છોડ્યાં. આ વાતની જાણ વિશાળગઢ ઉપર મહારાજાને થઈ, ત્યારે તેમને ખૂબ દુ:ખ થયું અને તેમણે કહ્યું, ''બાજીપ્રભુ દેશપાંડે સ્વરાજ્ય માટે શહીદ થયા. બાંદલના લોકોએ યુદ્ધની પરાકાષ્ઠા બતાવી કમાલ કરી !''

બાજીપ્રભુ જેવા દેશભક્ત હતા, તેથી સ્વરાજ્યની મજલ આગળ ધપી. તે સ્વામીનિષ્ઠના લોહીથી ઘોડખીણ પવિત્ર બની. 'પાવનખીણ' ના નામથી જ ઇતિહાસમાં તે અમર થઈ. ધન્ય છે તેની વીરતાને અને ધન્ય છે તે બાજીપ્રભુ !

**૧. ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ લખો.**

(અ) સિદ્દી જૌહરે ........... ગઢને ચારે તરફથી ઘેરો ઘાલ્યો.

(આ) બાજીપ્રભુની ........... જોઈને શિવરાય ગદ્‌ગદીત થયા.

(ઇ) ઘોડખીણ ........... ના નામથી જ ઇતિહાસમાં અમર થઈ.

**૨. પ્રત્યેકના એક વાક્યમાં જવાબ લખો.**

(અ) શિવરાયે પન્હાળાગઢના ઘેરામાંથી છટકવા માટે સિદ્દીને ક્યો સંદેશો મોકલ્યો ?

(આ) સિદ્દી જૌહર શાથી ગુસ્સે થયો ?

(ઇ) વિશાળગઢ તરફ જતી વખતે શિવરાયે બાજીપ્રભુને શું કહ્યુ ?

**૩. બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો.**

(અ) પન્હાળાગઢના ઘેરામાંથી નીકળવા માટે શિવરાયે કઈ યુક્તિ કરી ?

(આ) બાજીપ્રભુએ શત્રુઓને ઘોડખીણમાં રોકી રાખવા માટે કઈ યોજના કરી ?

**૪. કારણો લખો.**

(અ) આદિલશાહ ભયંકર ચિડાયો.

(આ) શિવરાયની સેવામાંના શિવા કાશિદ અમર થયા.

(ઇ) પાવનખીણ ઇતિહાસમાં અમર થઈ.

**૫. કોણ તે લખો.**

(અ) શૂરવીર પણ ક્રૂર હતો ........................

(આ) ઘોડખીણમાં જુસ્સાથી સામનો કરનારા ........................

(ઇ) ઘેરામાંથી ભાગી છૂટનાર ....................

**ઉપક્રમ :**

શિવરાયની સેવામાંના સ્વામીનિષ્ઠ સેવકોની શિક્ષકની મદદથી વધારે માહિતી મેળવો.

36H3R2

# ૧૧. શાયિસ્તાખાનની ફજેતી


**શાયિસ્તાખાનની સવારી :** બીજાપુરના આદિલશાહે આકાશપાતાળ એક કર્યા, પણ શિવરાય આગળ તેનું કાંઈ ચાલ્યું નહિ. તેના પ્રત્યેક સરદારને શિવરાયે સારો એવો પાઠ ભણાવ્યો. આખરે આદિલશાહ નરમ પડયો. તેમણે શિવરાય સાથે સુલેહ કરી અને તેનું સ્વતંત્ર રાજ્ય માન્ય કર્યું. તેથી કેટલોક સમય દક્ષિણબાજુ સુરક્ષિત થઈ.

પછી શિવરાય ઉત્તરના મોગલો તરફ વળ્યા. મોગલોના હુમલાથી મહારાષ્ટ્રની ધૂળધાણી (ખાનાખરાબી) થઈ હતી. તે વખતે દિલ્હીમાં મોગલ બાદશાહ ઔરંગઝેબ હતો. તેના મુલકો ઉપર શિવરાયે હુમલા કર્યાં. તેથી બાદશાહ ચિડાયા. તેણે પોતાના મામા શાયિસ્તાખાનને શિવરાય ઉપર હુમલો કરવા મોકલ્યા. તે પુણે ઉપર ચડી આવ્યો. તેની સાથે પોણા લાખનું સૈન્ય હતું. સેંકડો હાથી, ઊંટ અને તોપો હતી. શિરવળ, શિવાપુર, સાસવડ જેવા ગામો જીતતો જીતતો શાયિસ્તાખાન આવ્યો. તેણે પુરંદરના કિલ્લાને ઘેરો ઘાલ્યો. તે આગળ ને આગળ વધતો હતો, પણ એક વખત મરાઠાઓએ તેને ડુંગરની ખીણમાં સપડાવ્યો. ભીમાનદીને કિનારે ફરતાં ટટ્ટુઓને વશ કરી તેની ઉપર બેસનારા અતિશય ચપળ મરાઠા ! ચટણી-ભાખરી ખાઈ, શરીર ઉપર કામળી ઓઢીને ડુંગરો અને ખીણમાં પવનવેગે દોડાદોડ કરવામાં મરાઠાઓ કુશળ હતાં. મરાઠાઓની ગેરીલા યુદ્ધનીતિને લીધે શાયિસ્તાખાનનું સૈન્ય પરેશાન થઈ ગયું. કંટાળીને તેણે પુરંદરનો ઘેરો હટાવી લીધો.

**ફિરંગોજી નરસાળા :** પછી શાયિસ્તાખાન પૂના તરફ વળ્યો. પહેલા તેણે ચાકણનો કિલ્લો લીધો. ચાકણના કિલ્લામાં ફિરંગોજી નરસાળાએ ખૂબ બહાદુરીથી શાયિસ્તાખાન સાથે મુકાબલો કર્યો. બે મહિના ફિરંગોજીએ કિલ્લાનું રક્ષણ કર્યું, પણ શાયિસ્તાખાનના તોપખાના આગળ તે ટકી શક્યો નહિ. ફિરંગોજી નરસાળાની બહાદુરી ઉપર શાયિસ્તાખાન ખુશ થયો. તેણે તેને બાદશાહી નોકરીની લાલચ બતાવી, પણ ફિરંગોજી અડગ રહ્યો, તે બદલાયો નહિ.

**લાલ મહાલમાં શાયિસ્તાખાન :** શાયિસ્તાખાન પુણે આવ્યો. તેણે શિવરાયના લાલ મહાલમાં મુકામ કર્યો. તેના લશ્કરે લાલ મહાલની આસપાસ પડાવ નાંખ્યો. એક વર્ષ ગયું, બીજું ગયું પણ ખાન કંઈ લાલ મહાલમાંથી હટયો નહિ. ઉપરથી તે વચ્ચેવચ્ચે પોતાનું સૈન્ય આસપાસના મુલકોમાં મોકલતો, પ્રજાના પશુઓને લઈ જતા, પાકને નુકસાન કરતા. આવી રીતે તેણે પુણેની આસપાસનો મુલક ઉજ્જડ કરી નાંખ્યો.

**સાહસિક યોજના :** શાયિસ્તાખાનને પાઠ ભણાવવાનું શિવરાયે નક્કી કર્યુ. ખાન લાલ મહાલ હડપીને બેઠો હતો, તે એક રીતે તો શિવરાય માટે સગવડભર્યુ જ હતું. કારણકે તે વાડાની ઓરડીઓ, મોટા ખંડો, બારીઓ, દરવાજા, રસ્તા, ગુપ્તમાર્ગો વિશેની શિવરાયને બધી જ માહિતી હતી. ઉપરાંત શિવરાયના હોંશિયાર જાસૂસો ખાનના ટોળામાં ભળી ગયા હતાં. ખુદ શાયિસ્તાખાનના મહાલમાં મધરાતે જવું અને તેનો નાશ કરવો, એવી યોજના શિવરાયે કરી. કેટલી સાહસિક યોજના હતી આ ! મહાલમાં ઘૂસવા કીડીનો પ્રવેશ પણ શક્ય નહોતો. લાલ મહાલની આસપાસ પોણા લાખનું સૈન્ય ખડેપગે પહેરો ભરતું હતું. હથિયારબંધ મરાઠાઓને ગામમાં



**શિવરાયનો શાયિસ્તાખાન ઉપર હુમલો**

આવવાની શાયિસ્તાખાને મનાઈ કરી હતી. પણ શિવરાયનો નિર્ધાર એકવાર થયો એટલે થયો.

શિવરાયે દિવસ નક્કી કર્યો. તારીખ ૫ એપ્રિલ ૧૬૬૩ની રાત. લગ્નનો વરઘોડો વાજતેગાજતે જતો હતો. આગળ મશાલો સળગતી હતી. સેંકડો સ્ત્રી-પુરુષ સજીધજીને ચાલતા હતાં. કોઈ પાલખીઓમાં, કોઈ મ્યાનામાં, તો કોઈ પગપાળા જતા હતાં. શિવરાય પોતાના માણસો લઈને તે વરઘોડામાં ઘૂસી ગયા હતાં. વરઘોડો આગળ નીકળી ગયો. સર્વત્ર સૂમસામ થઈ ગયું. શિવરાય અને તેના માણસો લાલ મહાલની દીવાલ તરફ સરકી ગયા. આ સમયે શાયિસ્તાખાન ભરઊંઘમાં હતો.

**શાયિસ્તાખાનની ખોડ ભૂલાવી :** વાડાની દીવાલમાં ખાતર પાડીને શિવરાય અંદર ઘૂસ્યા. તે તો તેનો પોતાનો જ વાડો હતો ને ! તેમને તેના ખૂણાખાંચરાંની જાણ હતી. ખાનના પહેરેદારો ઝોકા ખાતા હતાં. શિવરાયના માણસોએ તેમને બાંધી દીધા. શિવરાય વધારે આગળ ગયા. એટલામાં કોઈક તલવાર લઈને તેમના ઉપર ધસી આવ્યો. શિવરાયે તેને ઠાર માર્યો. તેમને થયું કે તે શાયિસ્તાખાન હોવો જોઈએ, પણ તે તેનો પુત્ર હતો. ગરબડ થઈ ગઈ. લોકો જાગી ગયા.

શિવરાય સીધા ખાનના સૂવાના મહાલમાં ગયા. તેમણે તલવાર કાઢી. શાયિસ્તાખાન

ગભરાયો. ''શૈતાન ! શૈતાન!'' બૂમો પાડતો બારીમાંથી ભાગવા લાગ્યો. શિવરાય તેની પાછળપાછળ દોડ્યા. શાયિસ્તાખાન બારીની બહાર કૂદકો મારતો હતો ત્યારે જ શિવરાયે તેની ઉપર પ્રહાર કર્યો. ખાનની ત્રણ આંગળીઓ કપાઈ ગઈ. જીવ ઉપરનું જોખમ આંગળીમાં જ પૂરું થયું. ખાન બારીમાંથી કૂદકો મારી ભાગ્યો. 'શિવાજી આવ્યો, દોડો, દોડો ! પકડો તેને,' એમ બોલીને જાણીજોઈને ફસાવવા માટે શિવરાય અને તેના માણસો બૂમો પાડતા છટકી ગયા. ખાનના માણસો પણ ગભરાઈને ભાગતા હતાં. શિવરાય અને તેના માણસો સિંહગઢ તરફ નીકળી ગયા. ખાનના માણસો શિવરાયને રાતભર શોધતા જ રહ્યાં.

શાયિસ્તાખાન તો હિંમત જ હારી ગયો. 'આજે આંગળી કપાઈ, કાલે મારું માથું શિવાજી વાઢી જશે', તેવો ડર તેને લાગવા માંડ્યો. ઔરંગઝેબ બાદશાહને આ બાબતની જાણ થતાં જ તેને ભયંકર ગુસ્સો આવ્યો. તે શાયિસ્તાખાન ઉપર નારાજ થયો. તેણે ફરમાન કાઢીને ખાનને બંગાળમાં રવાના કરી દીધો.

મોગલસત્તાને પડેલો આ પહેલો ફટકો ઘણો જબરદસ્ત હતો. શિવરાય જીત મેળવીને આવ્યા. તોપો ધણધણી ઊઠી. આખા મહારાષ્ટ્રમાં આનંદઆનંદ છવાઈ ગયો.

## સ્વાધ્યાય

### ૧. ખાલી જગ્યામાં કૌંસમાંથી યોગ્ય પર્યાય લખો.

(અ) શાયિસ્તાખાને ........... કિલ્લાને ઘેરો ઘાલ્યો
(પુરંદર, પન્હાળા, શિવનેરી)

(આ) શાયિસ્તાખાને પુણેમાં ........... મુકામ કર્યો.
(શનિવારવાડામાં, લાલ મહાલમાં, પર્વતી ઉપર)

(ઇ) ઔરંગઝેબ બાદશાહે શાયિસ્તાખાનને ........... રવાના કરી દીધો.
(આસામમાં, કર્ણાટકમાં, બંગાળમાં)

### ૨. પ્રત્યેકના એક વાક્યમાં જવાબ લખો.

(અ) શાયિસ્તાખાન ક્યા ગામો જીતતો જીતતો પુણેમાં આવ્યો ?

(આ) શાયિસ્તાખાનનું સૈન્ય શાથી પરેશાન થયું ?

(ઇ) શાયિસ્તાખાનને શો ડર લાગવા માંડ્યો ?

### ૩. કારણો લખો.

(અ) ઔરંગઝેબ બાદશાહ શિવરાય ઉપર ચિડાયા.

(આ) શાયિસ્તાખાન બારીમાંથી ભાગવા લાગ્યો.

### ૪. ઘટના કાળાનુક્રમે લખો.

(અ) શિવરાય અને તેના માણસો સિંહગઢ તરફ નીકળી ગયા.

(આ) શાયિસ્તાખાને લાલ મહાલમાં મુકામ કર્યો.

(ઇ) શાયિસ્તાખાને ચાકણના કિલ્લાને ઘેરો ઘાલ્યો.

(ઈ) શિવરાયે શાયિસ્તાખાનને પાઠ ભણાવ્યો.

### ઉપક્રમ :

લાલ મહાલની મુલાકાત લેવા માટે પર્યટનનું આયોજન કરો.

375YSP

# ૧૨. પુરંદરનો ઘેરો અને સુલેહ

**સુરત ઉપર છાપો :** આ વિજય પછી શિવરાય નિરાંતે બેઠા નહિ. બાદશાહ ઔરંગઝેબની સેનાઓ મહારાષ્ટ્રમાં ધીંગાણું મચાવતી હતી, ત્યારે બાદશાહ ઉપર ભારે ધાક બેસાડવા માટે શિવરાયે સુરત શહેર ઉપર છાપો માર્યો. ક્યાં પુણે અને ક્યાં સુરત ? સુરત એટલે તે સમયનું મોગલોના પ્રદેશનું મોટું વેપારી મથક. ખૂબ ધનાઢ્ય. શિવરાયે સુરત ઉપર છાપો મારીને લાખો રૂપિયાની લૂંટ કરી. સુરતની લૂંટમાં શિવરાયે નીતિ છોડી નહિ. ચર્ચ અથવા મસ્જિદને હાથ લગાડ્યો નહિ. સ્ત્રીઓને તકલીફ આપી નહિ.

સુરતના આ આક્રમણને લીધે બાદશાહ ભયંકર ચિડાયા તેણે મરાઠાઓનું રાજ્ય નાશ કરવાનો નિશ્ચય કર્યો. મીરઝારાજે જયસિંગ નામના પોતાના બળવાન સેનાપતિને તેણે શિવરાય ઉપર હુમલો કરવા મોકલ્યો. તેની સાથે દિલેરખાન નામનો પોતાનો વિશ્વાસુ સરદાર મોકલ્યો. પુષ્કળ ખજાનો અને ભરપૂર દારૂગોળો પણ સાથે આપ્યો. જયસિંગ અને દિલેરખાન પ્રચંડ સેના સાથે દક્ષિણમાં આવી પહોંચ્યા. સ્વરાજ્ય ઉપર ખૂબ મોટું સંકટ આવ્યું.

સુરતની ચડાઈ પછી શિવરાય પાછા ફર્યા કે તરત જ સન ૧૬૬૪માં તેમને કર્ણાટકમાંથી એક દુઃખદ માઠા સમાચાર મળ્યા. શહાજીરાજાનું શિકાર વેળા અકસ્માતથી મરણ થયું. શિવરાય અને જિજાબાઈ ઉપર દુઃખનો ડુંગર તૂટી પડ્યો. માતુશ્રીના ગળે વળગીને શિવરાયે આ દુઃખમાંથી થોડું આશ્વાસન મેળવ્યું.



પુરંદર કિલ્લો

**પુરંદરને મોગલોનો ઘેરો :** પુરંદર શિવરાયનો પ્રચંડ અને તોતિંગ કિલ્લો હતો. આ કિલ્લો મેળવ્યા સિવાય શિવરાયનું બળ ઓછું થઈ શકશે નહિ, તે દિલેરખાન જાણી ગયો હતો. તેથી દિલેરખાને પુરંદરને ઘેરો ઘાલ્યો. તેની સેના ખૂબ મોટી હતી, પણ પુરંદરનો કિલ્લેદાર મુરારબાજી ખૂબ ટેકીલો વીર હતો. તેની હાથ નીચેના સિપાઈઓ અત્યંત શૂરવીર સાથીઓ હતાં. આ બધા શૂરવીર સિપાઈઓ લઈને મુરારબાજી લડાઈમાં સામનો કરવા ઊભો રહ્યો.

દિલેરખાનની તોપો ગરજી ઊઠી. તોપોના લાલભડક ગોળાઓ કિલ્લા ઉપર પડવા લાગ્યા, પણ મુરારબાજી અને તેના માવળાઓ ડગ્યા નહિ. તેઓ વધારે શક્તિથી ઝઝુમવા લાગ્યા. મોગલોએ તોપોનો વરસાદ વરસાવ્યો. માચીના બુરજો તૂટી પડ્યા. મોગલો માચી ઉપર ધૂસ્યા. દિલેરખાને માચી જીતી લીધી. મરાઠાઓએ બાલેકિલ્લામાં આશ્રય લીધો. તેઓ લડતા જ રહ્યાં. દિલેરખાન પોતાની છાવણીમાંથી આ લડાઈ જોતો હતો.

મુરારબાજી ગુસ્સાથી લાલ થઈ ગયો હતો. તેણે પાંચસો માવળા પસંદ કર્યા. તેમને લઈ તેણે મોગલો ઉપર હુમલો કરવાની યોજના કરી. બાલેકિલ્લાનો દરવાજો ખોલ્યો. 'હરહર મહાદેવ'ની ગર્જના કરતા મુરારબાજી અને તેમના માવળાઓ મોગલો ઉપર તૂટી પડ્યા. થોડો સમય ભયંકર લડાઇ થઈ. મોગલોનું સૈન્ય ખૂબજ મોટું હતું, પણ મરાઠાઓએ તે સૈન્યને હરાવ્યુ. આખરે મોગલોએ પીછેહઠ કરી. તેઓ દિલેરખાનની છાવણી તરફ જીવ લઈને ભાગી છૂટ્યા.

મુરારબાજીએ તેમનો પીછો શરૂ કર્યો. મુરારબાજીનું સૈન્ય દિલેરખાનની છાવણીમાં ઘૂસી ગયું. છાવણીમાં એકદમ અંધાધૂંધી ફેલાઈ ગઈ, દોડાદોડી, બૂમાબૂમ, કિકિયારીઓથી હાહાકાર મચી ગયો. ઉતાવળમાં દિલેરખાન હાથી ઉપર અંબાડીમાં બેઠો. તેણે સામે જોયું, તો તેને મુરારબાજી દેખાયો. મુરારબાજીની તલવાર કોઈની છાતીમાં, કોઈના મસ્તક પર, તો કોઈના ગળામાં ઘૂસતી હતી. મુરારબાજી કોઈને પણ છોડતો નહોતો. તેની બહાદુરી જોઈને દિલેરખાન દંગ થઈ ગયો.

**મુરારબાજીનું અતુલ પરાક્રમ :** દિલેરખાનને જોઈને મુરારબાજી ગુસ્સે થયો. 'કાપો, તોડો, મડદાં પાડો.' એમ બોલતો બોલતો તે દુશ્મન ઉપર ધસી ગયો. તેની તલવાર જોરથી વીંઝાવા લાગી. જે વચ્ચે આવ્યો, તે ઠાર થયો. આ એકલવીરને મોગલોએ ચારે તરફથી ઘેરી લીધો. એટલામાં દિલેરખાન અંબાડી ઉપરથી બોલ્યો, ''થોભો!'' મોગલો થંભી ગયા. એકક્ષણ માટે પાછળ સરક્યા. ખાને મુરારબાજીને કહ્યું, ''મુરારબાજી, તારા જેવો સમશેર બહાદુર મેં આજસુધી જોયો નથી. તું અમારા પક્ષમાં આવી જા, વચન લે. બાદશાહ તને સરદાર બનાવશે. જાગીર આપશે, બક્ષિસ આપશે !'' મુરારબાજીએ દિલેરખાનના શબ્દો સાંભળ્યા. ગુસ્સાથી તેની આંખો લાલ થઈ ગઈ. તે ગુસ્સાથી બોલ્યો, ''અરે, અમે શિવાજી મહારાજના માણસો છીએ. તારું વચન શા માટે લઉં ? અમને શી ખોટ છે ? તારા બાદશાહની જાગીર કોને જોઈએ છે ?'' મુરારબાજીએ ખાનની દિશામાં ઝંપલાવ્યું અને તોફાની ક્તલ કરતો આગળ ચાલ્યો. દિલેરખાને અંબાડીમાંથી બાણ છોડ્યું. તે બાણ સીધું મુરારબાજીના ગળામાં ઘૂસી ગયું. તે જમીન ઉપર ઢળી પડ્યો. માવળાઓ તેનો દેહ ઊંચકીને તેને ઉપરકોટ લઈ ગયા. કિલ્લેદારના મૃત્યુથી તેમને ખૂબ દુ:ખ થયું, 'પણ એક મુરારબાજી



મુરારબાજી દેશપાંડે – દિલેરખાનનું તુમુલ યુદ્ધ

પડ્યો તો શું થયું? અમે તેવા જ શૂરવીર છીએ. હિંમતપૂર્વક લડીએ છીએ.' આમ કહીને તેઓ ડગ્યા વગર ફરીથી જુસ્સાપૂર્વક લડવા લાગ્યા.

આ સમાચાર શિવરાયને મળ્યા ત્યારે તેઓ ખૂબ દુઃખી થયા. તેમણે વિચાર કર્યો, એક એક કિલ્લો વર્ષો સુધી બચાવી શકાશે, પણ કારણ વગર માણસો માર્યા જશે. શિવરાયને તે જોઈતું નહોતું.

**પુરંદરની સુલેહ :** હવે કરવું શું ? બળ ઉપયોગી નહોતું, યુક્તિ ઉપયોગી થતી નહોતી, ત્યારે કેટલીક વાર પીછેહઠ કરવી જ યોગ્ય છે; માટે મોગલો સાથે સુલેહ કરવાનું શિવરાયે નક્કી કર્યું. શિવરાય પોતે જયસિંગ પાસે ગયા. તેની સાથે મુત્સદ્દીપણાથી વાત કરી. તેમણે કહ્યું, ''મીરઝારાજા, તમે રજપૂત છો. અમારું દુઃખ તમે સમજો છો. બાદશાહની સવારીઓએ મહારાષ્ટ્રને ખેદાનમેદાન કરી નાંખ્યું છે. લોકોના હાલહવાલ થઈ ગયા છે. લોકો સુખી થાય માટે અમે સ્વરાજ્યનું કામ હાથમાં લીધું છે ! તમે પણ આ કામ હાથમાં લો. હું અને મારા માવળાઓ તમારી પાછળ ઊભા રહીશું.'' જયસિંગ ખૂબ લુચ્ચો હતો. તેણે શિવરાયને સુલેહ કરવા કહ્યું. તેમણે સુલેહ કરી. આ સુલેહ પ્રમાણે શિવરાયે ત્રેવીસ કિલ્લા અને તેની હેઠળનો ચાર લાખ હોનનો પ્રદેશ મોગલોને આપવાનું કબૂલ કર્યું. આ સુલેહ સન ૧૬૬૫ વર્ષમાં થઈ.

પુરંદરની સુલેહ થઈ. આજ સમયે, શિવરાયે આગ્રા જઈને બાદશાહની મુલાકાત લેવી, એવું જયસિંગે સૂચવ્યું. તેની સુરક્ષિતતાની ખાતરી આપી.



**શિવરાય-મિરઝારાજા જયસિંગની મુલાકાત**

જયસિંગના સૂચન ઉપર શિવરાયે વિચાર કર્યો. બાદશાહ કપટી છે, પોતાના ભાઈ સાથે પણ તેણે વિશ્વાસઘાત કર્યો હતો, તે શિવરાય જાણતા હતાં. આમ છતાં આ પ્રસંગે સાવચેતીપૂર્વક સામનો કરવો, એમ તેમણે નક્કી કર્યું. પોતે બાદશાહને મળવા માટે આગ્રા જવા તૈયાર છે, એમ શિવરાયે જયસિંગને જણાવ્યું.

## સ્વાધ્યાય

**૧. ખાલી જગ્યામાં કૌંસમાંથી યોગ્ય પર્યાય લખો.**

(અ) તે સમયનું મોગલોના પ્રદેશનું મોટું વેપારી મથક એટલે ............ .
(પુણે, સુરત, દિલ્હી)

(આ) પુરંદરનો કિલ્લેદાર ............ અત્યંત બહાદુર વીર હતો.
(બાજીપ્રભુ, તાનાજી, મુરારબાજી)

**૨. પ્રત્યેકના એક વાક્યમાં જવાબ લખો.**

(અ) શિવરાયે સુરત શહેર ઉપર શા માટે છાપો માર્યો ?

(આ) દિલેરખાને પુરંદરને શા માટે ઘેરો ઘાલ્યો ?

(ઇ) મોગલો સાથે સુલેહ કરવાનું શિવરાયે શા માટે નક્કી કર્યું ?

(ઈ) પુરંદરની સુલેહમાં શિવરાયે મોગલોને ક્યો પ્રદેશ આપવાનું કબૂલ કર્યું ?

**૩. બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો.**

(અ) મુરારબાજીનું શૌર્ય જોઈને દિલેરખાને તેને શું કહ્યું ?

(આ) મુરારબાજીએ દિલેરખાનને શો ઉત્તર આપ્યો ?

**૪. પાઠમાં આપેલા નામોના અક્ષર ઉપરથી શબ્દ પૂર્ણ કરો.**

(અ) ઔ ....................

(આ) પુ ....................

(ઇ) મુ ....................

(ઈ) જ ....................

(ઉ) દિ ....................


**ઉપક્રમ :**

તમારા પરિસરમાં આવેલા કિલ્લાની મુલાકાત લો. તે કિલ્લા વિષે શિક્ષક પાસેથી માહિતી મેળવો.

# ૧૩. બાદશાહને હાથતાળી આપી

જયસિંગના શબ્દો ઉપર વિશ્વાસ રાખીને શિવરાય બાદશાહની મુલાકાત માટે આગ્રા જવા નીકળ્યા. જતા પહેલાં શિવરાયે સ્વરાજ્યનો કારભાર જિજામાતાના હાથમાં સોંપ્યો અને તેમના આશીર્વાદ લીધા. સાથે પોતાનો પુત્ર સંભાજીરાજા, પસંદ કરેલા સરદારો, કેટલાંક વિશ્વાસુ માણસો અને સારો એવો ખજાનો લીધો. મજલ કાપતા કાપતા તેઓ આગ્રા પહોંચ્યા.

**દરબારમાંનો ભપકો :** નક્કી કર્યા પ્રમાણે શિવરાય બાદશાહના દરબારમાં ગયા. નાના સંભાજીરાજા સાથે હતાં. તે દિવસે ઔરંગઝેબ બાદશાહનો પચાસમો જન્મદિવસ હતો. બાદશાહ દરબાર પૂરો કર્યા પછી સલાહમસલત માટેના મહેલમાં ગયા. તેમની સામે ચુનંદા સરદારો પોતપોતાના મોભા પ્રમાણે હારબંધ ઊભા હતાં. બાદશાહે શિવરાયને પાછળની હરોળમાં ઊભા રાખ્યા. મરાઠાઓને અનેક વખત પીઠ બતાવીને ભાગી છૂટેલો જસવંતસિંગ રાઠોડ શિવરાયની આગળની હરોળમાં હતો. શિવરાયને થયું, 'હું મહારાષ્ટ્રનો રાજા, મારું માન પહેલી હરોળમાં હોવું જોઈએ, પણ બાદશાહે મને છેલ્લી હરોળમાં



બાદશાહના મહેલમાં-શિવરાય

ઊભો રાખ્યો એટલે શું ?' તેમની આંખો ગુસ્સાથી લાલ થઈ ગઈ. આ અપમાન તેમનાથી સહન થયું નહિ. ગુસ્સામાં ને ગુસ્સામાં શિવરાય મહેલની બહાર નીકળી ગયા. તે સીધા પોતાના મુકામે ગયા. હવે પછી બાદશાહનું મોઢું જોવું નહિ, એવું તેમણે નક્કી કર્યું.

મુલાકાતની યોજના આમ નિષ્ફળ ગઈ. બનેલા પ્રસંગની હકીકત દરેક જગ્યાએ પ્રસરી ગઈ.

**બાદશાહનું કપટ :** ઔરંગઝેબે શિવરાયના મુકામની આસપાસ સિપાઈઓનો પહેરો બેસાડી દીધો. શિવરાય અને સંભાજીરાજા બાદશાહની કેદમાં સપડાયા. શિવાજી જાણી ગયા કે, બાદશાહે પોતાની સાથે કપટ કર્યું છે. હવે તે આપણને ક્યારેય આઝાદ કરશે નહિ.

દિવસોના દિવસ વિતતા ગયા. એક દિવસ શિવરાયે બાદશાહ પાસે અરજ કરી, ''મને મહારાષ્ટ્રમાં જવા દો.'' પણ બાદશાહે તે સાંભળ્યું નહિ. તેમણે ખૂબ ખટપટ કરી, પણ બાદશાહ માન્યા નહિ. શિવરાયે મનમાં નિર્ણય કર્યો, કે ગમે તેમ કરીને બાદશાહની કેદમાંથી છૂટી જવું જ. તેની પરવાનગી લઈને શિવરાયે પોતાની સાથેના માણસોને દક્ષિણમાં રવાના કર્યા. બાદશાહને લાગ્યુ, 'સારું થયું. શિવાજીનું બળ ઓછું થયું.' હવે શિવરાયની સાથે સંભાજીરાજા અને હિરોજી ફર્જંદ તેમજ મદારી મેહતર નામના સેવક, એટલા જ જણ રહ્યાં.

આગળ જતાં એક દિવસ શિવરાયે માંદા પડવાનો ઢોંગ કર્યો. તે ઢોંગ જ હતો ! તેમના પેટમાં ભયંકર દુઃખવા લાગ્યું. હકીમ અને વૈદો આવ્યા. દવાપાણી શરૂ થયાં. માંદગીમાંથી સાજા થવા માટે શિવરાયે સાધુઓ અને મૌલવીઓને મીઠાઈના કરંડિયા મોકલવાની શરૂઆત કરી.

**કરંડિયામાં બેસી છટકી ગયા :** પહેરેગીરો મીઠાઈના કરંડિયા ઉઘાડીને જોતા હતાં, પણ આગળ જતાં તેઓ કંટાળ્યા અને કરંડિયા ઉઘાડીને જોવાનું બંધ થયું. રોજરોજ શું જોવાનું, એમ તેમને લાગ્યું. એક દિવસ સાંજે શિવરાયે હિરોજીને પોતાની જગ્યાએ સૂવડાવ્યા, મદારીને તેના પગ દાબવા બેસાડચો. શિવરાય અને સંભાજીરાજા એક એક કરંડિયામાં બેઠા. કરંડિયા નીકળ્યા. આગળ નક્કી કર્યા પ્રમાણેના સ્થળે તે સુખરૂપ પહોંચ્યા. ત્યાં શિવરાયના સ્વામીભક્ત સેવકો ઘોડા લઈને તૈયાર હતાં. આ બાજુ હિરોજી અને મદારી 'મહારાજની દવા લેવા જઈએ છીએ,' એમ કહીને ત્યાંથી નાસી છૂટચા. મહારાજને કેદમાંથી છોડાવવાના કામમાં આ બંનેએ પોતાના જીવના જોખમે અમૂલ્ય યોગદાન આપ્યુ.

બીજા દિવસે આ સમાચાર બાદશાહે જાણ્યા. પોતાની કેદમાંથી શિવાજી નાસી છૂટચા ! બાદશાહ ગુસ્સાથી ભડકી ગયા. તેના બધા સરદારો છક થઈ ગયા. શિવાજીની બારીકાઈથી તપાસ કરવા માટે બાદશાહે દરેક બાજુ જાસૂસો મોકલ્યા, પણ વ્યર્થ ! બાદશાહની કેદમાંથી મરાઠાઓનો સિંહ છટક્યો તે હંમેશનો ! વેશપલટો કરીને દુશ્મનને થાપ આપીને શિવરાય પોતાના પ્રદેશ તરફ નીકળ્યા. તેમણે સંભાજીને મથુરામાં એક સુરક્ષિત સ્થળે રાખ્યા અને તે આગળ નીકળી ગયા. શિવરાયને રાજગઢમાં સુખરૂપ આવેલા જોઈને જિજામાતાએ ધન્યતા



શિવાજી મહારાજનો આગ્રામાંથી છુટકારો

અનુભવી. આગળ જતાં બે મહિને સંભાજીરાજા સુખરૂપ રાજગઢમાં આવી પહોંચ્યા. આવી રીતે યુક્તિપૂર્વક બાદશાહને હાથતાળી આપીને શિવરાયે પોતાનો છુટકારો કર્યો. આ ઘટના સન ૧૬૬૬માં બની.

## સ્વાધ્યાય

### ૧. ખાલી જગ્યામાં કૌંસમાંથી યોગ્ય પર્યાય લખો.

(અ) શિવરાય બાદશાહના દરબારમાં ગયા, તે દિવસે ઔરંગઝેબ બાદશાહનો ............ જન્મદિવસ હતો.
(પચાસમો, ચાલીસમો, સાઠમો)

(આ) આગ્રાથી આવતી વખતે સંભાજીરાજાને ............ એક સુરક્ષિત સ્થળે રાખ્યા.
(ઝાંસીમાં, મથુરામાં, દિલ્હીમાં)

### ૨. પ્રત્યેકના એક વાક્યમાં જવાબ લખો.

(અ) આગ્રા જતા પહેલાં શિવરાયે સ્વરાજ્યનો કારભાર કોના હાથમાં સોંપ્યો ?

(આ) આગ્રાની કેદમાં શિવરાયની સાથે કોણકોણ રહ્યું ?

(ઇ) માંદગીમાંથી સાજા થવા માટે શિવરાયે શું કર્યું ?

### ૩. બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો.

(અ) શિવરાય ઔરંગઝેબના દરબારમાંથી ગુસ્સામાં ને ગુસ્સામાં બહાર નીકળી ગયા. શા માટે ?

(આ) શિવરાયે પોતાનો છુટકારો કરવા માટે કઈ યુક્તિ કરી ?

### ઉપક્રમ :

શિવરાય આગ્રાની કેદમાંથી છૂટી આવ્યાનું પ્રસંગચિત્ર તૈયાર કરો.

# ૧૪. ગઢ આવ્યો પણ સિંહ ગયો

**માસાહેબની ઇચ્છા :** શિવરાયે જયસિંગને આપેલા ત્રેવીસ કિલ્લા હજુ મોગલો પાસે હતાં. કોંઢાણા તેમાંનો એક કિલ્લો. એક દિવસ જિજામાતાએ શિવરાયને કહ્યું, ''શિવબા, કોંઢાણા જેવો તોતિંગ કિલ્લો મોગલોના હાથમાં હોય તે સારું ન કહેવાય. તે પાછો લઈ લે.'' પુણે નજીકનો કોંઢાણા સ્વરાજ્ય હેઠળ આવે તે માટે શિવરાય પણ તલસતાં હતાં. કોંઢાણા ઉપરનો મોગલોનો તાબો જિજામાતા અને શિવરાયને મનમાં ખૂંચતો હતો. શિવરાયે કોંઢાણા જીતવાની યોજના કરી, પણ કોંઢાણા જીતવો અતિશય મુશ્કેલ હતો. શિવરાય વિચાર કરવા લાગ્યા, આ કામગીરી માટે કોને પસંદ કરવો ? કોંઢાણા સર કરવાની કામગીરી અતિશય મુશ્કેલ હતી.

**તાનાજી માલુસરે :** તાનાજી શરૂઆતથી શિવરાયનો સાથીદાર હતો. કોંકણમાં મહાડ પાસે ઉમરઠે ગામ છે, ત્યાંનો તે રહેવાસી હતો. શિવરાયના કામમાં તાનાજી કામચોરી કે વિલંબ કરતાં જ નહિ. વળી મહારાજ જે કામ સોંપે તે કરવા તાનાજી ગમે ત્યારે તૈયાર ! ખૂબ હિંમતવાન સાથી હતો તે ! તે શરીરે ખડતલ હતો. તાકાતમાં અજોડ હતો. બુદ્ધિમાં ચાલાક હતો. શિવરાય ઉપર તેની પુષ્કળ શ્રદ્ધા (ભક્તિ) હતી.




તાનાજીની પ્રતિજ્ઞા

**પહેલાં લગ્ન કોંઢાણાના :** તાનાજી પોતાના પુત્રના લગ્નની ધમાલમાં હતો. તેનો એકનો એક પુત્ર રાયબા. તાનાજીના ઘરે રાયબાના લગ્નની તૈયારી જોરમાં ચાલતી હતી. લગ્ન ચાર દિવસ પછી થવાના હતાં. તાનાજીને લાગ્યું, 'મહારાજ અને માસાહેબને લગ્નમાં બોલાવવા જોઈએ.' તે શેલારમામાને સાથે લઈને રાયબાના લગ્નનું આમંત્રણ આપવા માટે શિવરાય પાસે આવ્યા. શેલારમામાએ શિવરાયને લગ્નનું આમંત્રણ આપ્યું. શિવરાયે કહ્યું, 'શેલારમામા, તમે રાયબાના લગ્ન પતાવો. હું પોતે કંઈ લગ્નમાં આવી શકીશ નહિ, કારણકે હું પોતે કોંઢાણાની કામગીરી ઉપર જવાનો છું.''

શિવરાયના આ શબ્દો સાંભળતાં જ તાનાજીએ કહ્યું, ''મહારાજ, તાનાજી જીવતો હોય અને આવી જોખમી કામગીરી ઉપર તમે જાશો ? તો અમે શા માટે છીએ ? તે કાંઈ નહિ ચાલે. પહેલા લગ્ન કોંઢાણાના, પછી રાયબાના. કોંઢાણાની કામગીરી ઉપર હું જ જઈશ. મને આશીર્વાદ આપો.''

**તાનાજીની યોજના :** તાનાજી કોંઢાણા ઉપર ચડાઈ કરવા નીકળ્યા. કોંઢાણાના કિલ્લા ઉપર જયસિંગે નિમેલો ઉદયભાનુ નામનો રજપૂત કિલ્લેદાર હતો. તે ખૂબ કડક હતો. ગઢને બે દરવાજા હતાં. બંને દરવાજા ઉપર ઉદયભાનુએ પાકો બંદોબસ્ત ગોઠવેલો હતો, તો પછી કિલ્લા ઉપર જવું કેવી રીતે ? તાનાજીએ ગઢની



તાનાજીની કોંઢાણા ઉપર ચડાઈ

આસપાસ ફરીને નિરીક્ષણ કર્યું. પશ્ચિમ તરફ ખૂબજ ઊંચો કોટ હતો. તે બાજુ પહેરો નહોતો. તાનાજીએ કોટ ચઢીને જવાની યોજના કરી. તાનાજીએ પોતાના નાના ભાઈને કહ્યું, ''સૂર્યાજી, તું પાંચસો સાથીઓ લઈને કલ્યાણ દરવાજે જા. હું ત્રણસો માવળાઓ લઈને કોટ ચઢીને ગઢ ઉપર આવું છું. ગઢ ચઢતા જ અમે કલ્યાણ દરવાજો ઉઘાડશું પછી તમે એકદમ અંદર ઘૂસી આવજો, ધૂળ ચાટતા કરી દઈએ દુશ્મનોને, ચાલો.'' સૂર્યાજી અને તાનાજી બંને જુદાજુદા રસ્તે નીકળ્યા.

**કોટ ઉપરથી ગઢ ઉપર :** રાતનો સમય હતો, તાનાજી અને તેના માવળાઓ કોટની નીચે તળેટીના ઘોર અંધારામાં ઊભા હતાં. તમરાંઓનો કરકર અવાજ આવતો હતો. તાનાજીના પાંચ-છ યુવાન માવળાઓ કોટ ચઢવા આગળ આવ્યા. કોટ કેટલો ઊંચો ! પણ તેઓ કોતરોના પથ્થરો પકડી-પકડીને, તો ક્યારેક વચ્ચેની ફાટમાં આંગળાં ભેરવીને હિંમતપૂર્વક કોટ ચઢીને ઉપર ગયા. ઉપર જઈને તેમણે દોરડાનો એક છેડો એક ઝાડના થડ સાથે મજબૂત બાંધી દીધો. પછી શું ? તાનાજી અને તેના માવળાઓ દોરડું પકડીને વાંદરાની જેમ ઝડપથી કોટ ચઢીને ગઢ ઉપર આવી ગયા.

**તાનાજીનું પરાક્રમ :** આ તરફ સૂર્યાજીએ પોતાના માવળાઓ સાથે કલ્યાણ દરવાજો ઘેરી લીધો અને તે ખુલવાની વાટ જોતા ઊભા રહ્યાં. લડાઈની શરૂઆત થઈ. ઉદયભાનુને જાણ થઈ. નગારા વાગ્યા. ઉદયભાનુનું સૈન્ય માવળાઓ ઉપર ચડી આવ્યું. હાથોહાથની લડાઈ શરૂ થઈ. તલવારો સાથે તલવારો અથડાવા લાગી. ઉપરાછાપરી પ્રહારો થવા લાગ્યા. ઢાલો ખણખણી ઊઠી. મશાલના અજવાળાં નાચવા લાગ્યા. માવળાઓએ કલ્યાણ દરવાજો ખોલી નાંખ્યો. તાનાજી સિંહની જેમ લડતા હતાં. ઉદયભાનુએ તેની ઉપર ઝંપલાવ્યું. બંને વચ્ચે દ્વંદ્વ શરૂ થયું. બંને એકસરખા શૂરવીર હતાં ! કોઈપણ પીછેહઠ કરતું નહોતું. એટલામાં તાનાજીની ઢાલ તૂટી ગઈ. તેણે હાથમાં ખેસ વીંટાળી દીધો. ખેસ ઉપર પ્રહાર ઝીલતો તે લડતો રહ્યો. છેવટે બન્ને એકબીજાના પ્રહારથી અતિશય જખમી થયા અને જમીન ઉપર ઢળી પડયા.

**ગઢ આવ્યો પણ સિંહ ગયો ! :** તાનાજીને પડેલા જોઈને માવળાઓની હિંમત તૂટી. તેઓ ભાગવા લાગ્યા. એટલામાં સૂર્યાજી અને તેની સાથેના માવળાઓ કલ્યાણ દરવાજામાંથી અંદર આવી પહોંચ્યા. પોતાના ભાઈને પડેલો જોઈને સૂર્યાજીને દુઃખ થયું, પણ તે સમય શોક કરવાનો નહોતો, લડવાનો હતો. સૂર્યાજીએ કોટ ઉપરનું દોરડું કાપી નાંખ્યું. ભાગી જતાં માવળાઓના રસ્તા આડે આવી તેણે કહ્યું, ''અરે, તમારો બાપ અહીં મરીને પડયો છે. તમે આવી રીતે ભાગેડું કાયરની જેમ ભાગો છો શું ? પાછા ફરો. મેં કોટ ઉપરનું દોરડું કાપી નાંખ્યું છે. કોટ ઉપરથી કૂદીને મરો, નહિતર દુશ્મનો ઉપર તૂટી પડો.''

માવળાઓ પાછા ફર્યાં. ઘમાસણ લડાઈ થઈ. માવળાઓએ કિલ્લો સર કર્યો, પણ કિલ્લો જીતતા તાનાજી જેવો શૂરવીર રત્ન શહીદ થયો. જિજામાતાને અને શિવરાયને આ સમાચાર મળ્યા. તેમને ખૂબ દુઃખ થયું. કિલ્લો તાબામાં આવ્યો પણ સિંહ જેવો શૂરવીર તાનાજી માર્યો ગયો. શિવાજી ખૂબ ગળગળા થઈ ગયા અને બોલ્યા, ''ગઢ આવ્યો, પણ સિંહ ગયો !''

કોંઢાણાનું સિંહગઢ નામ સાર્થક થયું. આ ઘટના સન ૧૬૭૦માં બની. પછી ઉમરઠે ગામ જઈને શિવરાયે રાયબાના લગ્ન કર્યાં.

### ૧. સાચા પર્યાયના વર્તુળને રંગો

(અ) તાનાજી કોંકણમાં આવેલા આ ગામના રહીશ હતા.

(૧) મહાડ ○ (૨) ચિપલૂણ ○

(૩) ઉમરઠે ○ (૪) રત્નાગિરી ○

(આ) જયસિંગે નીમેલો ઉદયભાનુ આ કિલ્લાનો કિલ્લેદાર હતો.

(૧) પુરંદર ○ (૨) કોંઢાણા ○

(૩) રાયગઢ ○ (૪) પ્રતાપગઢ ○

(ઇ) તાનાજીના ભાઈનું નામ આ હતું.

(૧) રાયબા ○ (૨) સૂર્યાજી ○

(૩) મુરારબાજી ○ (૪) ફિરંગોજી ○

### ૨. પ્રત્યેકના એક વાક્યમાં જવાબ લખો.

(અ) કોંઢાણાનો કિલ્લો કોના તાબામાં હતો ?

(આ) કોંઢાણાના કિલ્લા વિશે જિજામાતાએ શિવરાયને શું કહ્યું ?

(ઇ) ''પહેલા લગ્ન કોંઢાણાના, પછી રાયબાના'' એવું કોણે કહ્યું ?

### ૩. બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો.

(અ) શેલારમામાએ શિવરાયને રાયબાના લગ્નનું આમંત્રણ આપ્યું, તે સમયે શિવરાયે શું કહ્યું ?

(આ) ગઢ ઉપર સૂર્યાજીએ માવળાઓને શું કહ્યું ?

### ઉપક્રમ

તમારા પરિસરમાં આવેલા ઐતિહાસિક સ્મારકોની યાદી કરો.

37XLXH

# ૧૫. એક અપૂર્વ સમારંભ

**રાજ્યાભિષેક શા માટે કર્યો ? :** રાયરેશ્વરના મંદિરમાં શિવરાયે સ્વરાજ્યની પ્રતિજ્ઞા લીધી. સ્વરાજ્ય સ્થાપનાના કાર્યમાં તેમના ઉપર કેટલાયે સંકટો આવ્યા, પણ તેમાંથી શિવરાયે બહાદુરી અને ચતુરાઈથી માર્ગ કાઢ્યો. બાજીપ્રભુ, મુરારબાજી, તાનાજી વગેરેએ સ્વરાજ્ય માટે લડતા લડતા પોતાના પ્રાણની આહુતિ આપી. આખરે સ્વરાજ્ય સ્થપાયું. દુશ્મનો ઉપર ધાક બેઠી.

આ સ્વરાજ્યને બધા રાજ્ય-રાજવાડાંઓ માન્યતા આપે, માટે શિવરાયે રાજ્યાભિષેકની યોજના કરી. સેંકડો વર્ષો પછી દરેક ધર્મને સમાનતાથી જોનાર, પ્રજાને ન્યાય અને સુખ આપનારા રાજા મહારાષ્ટ્રમાં થયા હતાં. સ્વરાજ્યની સ્થાપના થઈ હતી તે દુનિયાને જણાવવું જોઈએ, માટે શિવરાયે રાજ્યાભિષેક કરવાનું નક્કી કર્યું. તે તેમણે પોતાના સુખ માટે અથવા વૈભવ માટે નહિ, પણ સ્વરાજ્યનો પાયો મજબૂત કરવા માટે.


**સ્વરાજ્યની રાજધાની :** શિવરાયે રાજધાની માટે રાયગઢની પસંદગી કરી. રાયગઢ મજબૂત કિલ્લો હતો. રાયગઢ ઉપરથી સ્વરાજ્ય ઉપર દેખરેખ રાખવાનું સરળ હતું. દુશ્મનો ઉપર નજર રાખવાનું સગવડભર્યું હતું.

ચિપલૂણ જઈને શિવરાયે પોતાના સૈન્યનું નિરીક્ષણ કર્યું. પ્રતાપગઢના ભવાનીમાતા દર્શન કર્યાં. તેમને ભક્તિભાવપૂર્વક સોનાનું છત્ર ચઢાવ્યું.

**સમારંભની તૈયારી :** પછી શિવરાય માટે સોનાનું સિંહાસન તૈયાર કરાવવામાં આવ્યું. તેને અમૂલ્ય રત્નો જડાવ્યા. તેના ઉપર સફેદ છત્ર બેસાડયું. રાજા-રાજવાડા, વિદ્વાન બ્રાહ્મણ અને હાથ નીચેના સરદાર, કામદારોને આમંત્રણો મોકલાવાયાં. રાજ્યાભિષેકની વિધિ કરવા માટે કાશીથી ગાગાભટ્ટ નામના પુરોહિત આવ્યા. ગાગાભટ્ટનું કુટુંબ મૂળ પૈઠણનું હતું, પણ કાશીમાં સ્થાયી થયું હતું. તેઓ મહાન પંડિત હતાં. કાશી ક્ષેત્રમાં તેમનું ઘણું માન હતું તેમની કીર્તિ ચારેબાજુ ફેલાયેલી હતી.

રાજ્યાભિષેકની તૈયારી શિવાજીએ અથથી ઈતિ સુધી કરી. સપ્તગંગા અને સમુદ્રના જળ લાવવા માટે માણસો ગયા. રાયગઢ ઉપર લગભગ પચાસ હજાર માણસો ભેગા થયા હતા. તેમના માટે ઠેરઠેર તંબુ, ડેરા, રાવટીઓ અને શામિયાનાઓ ઊભા કર્યા હતાં.

**રાજ્યાભિષેકનો સમારંભ :** રાજ્યાભિષેકનો દિવસ ઊગ્યો. તે ખૂબ મંગળ દિવસ હતો. વાજિંત્રો વાગવા લાગ્યા. ગવૈયાઓ ગાવા લાગ્યા. ચારેબાજુ આનંદ-આનંદ છવાયેલો હતો. શિવરાય સોનાના બાજોઠ ઉપર બેઠા. તેમના ઉપર છત્ર ચામરો ધરવામાં આવ્યા. ઘી, દહીં, મધના કળશ પુરોહિતોના હાથમાં હતાં. ગાગાભટ્ટના હાથમાં સોનાની ગાગર હતી. તેમાં ગંગા, સિંધુ, યમુના, ગોદાવરી, કૃષ્ણા, નર્મદા, અને કાવેરી આ સાત નદીઓનું તથા સમુદ્રનું પાણી ભરેલું હતું. ગાગાભટ્ટે તે સોનાની ગાગર શિવરાયના મસ્તક ઉપર ધરી અને તે મંત્ર બોલવા લાગ્યા. ગાગરના સેંકડો છિદ્રોમાંથી શિવરાય ઉપર જલાભિષેક થયો. પછી શિવરાય ઊઠ્યા અને જિજામાતાને પગે લાગ્યા. માસાહેબે શિવરાયને છાતીસરસાં ચાપ્યાં. તેમની આંખોમાંથી હર્ષાશ્રુ વહેવા લાગ્યા. તેમણે



શિવરાજ્યાભિષેકનો સમારંભ

સહેલા ત્રીસ વર્ષના કષ્ટોનું પરિણામ સન્મુખ હતું. શિવબાના જન્મ પહેલાંથી તે માતાએ મનમાં ધારેલું સ્વપ્ન આજે સાકાર થયું હતું. માતાનો આનંદ આંસુ દ્વારા બહાર વહેતો હતો. શિવરાય પણ ગદગદીત થયા. ધન્ય છે માસાહેબને ! ધન્ય છે શિવરાયને !

માસાહેબને ભેટ્યાં પછી મહારાજ સિંહાસન ઉપર બેઠાં તેમની પાસે મહારાણી સોયરાબાઈ અને યુવરાજ સંભાજીરાજા બેઠા. તેમની બંને બાજુએ અષ્ટપ્રધાનો ઊભા રહ્યાં. ગાગાભટ્ટે સોના અને મોતીની ઝાલરવાળું છત્ર મહારાજના મસ્તક ઉપર ધર્યું અને તે મોટેથી બોલ્યા, ''ક્ષત્રિય, કુલાવંતના સિંહાસનાધીશ્વર શ્રી શિવછત્રપતિનો વિજય થાઓ.'' બધાએ જયજયકાર કર્યો. દરેક કિલ્લાઓ ઉપર તોપો ગરજી ઊઠી. સમગ્ર મહારાષ્ટ્રમાં શિવરાયનો જયજયકાર થયો. આવી રીતે સન ૧૬૭૪માં શિવરાયનો રાજ્યાભિષેક થયો. તે વર્ષથી મહારાજાએ 'રાજ્યાભિષેક' નામનો શક શરૂ કર્યો. શિવાજી મહારાજ 'શકવર્તી રાજા' બન્યા. તેમણે પોતાના સ્વતંત્ર સિક્કા બહાર પાડ્યા. જુદાજુદા દેશોના વકીલો આ સમારંભમાં હાજર હતાં. અંગ્રેજોએ 'ઓક્ઝિંડેન' નામના પોતાના વકીલને નજરાણું લઈને મોકલ્યો હતો. આ સમારંભ જોવા માટે દૂરદૂરના પ્રજાજનો પણ ભેગા થયા હતા. શિવરાયના રાજ્યાભિષેકની વાત આખા જગતમાં પ્રસરી ગઈ. શિવરાયની કીર્તિ ચોમેર ફેલાઈ ગઈ.

## સ્વાધ્યાય

**૧. ખાલી જગ્યામાં કૌંસમાંથી યોગ્ય પર્યાય લખો.**

(અ) શિવરાયે રાજધાની માટે .................... પસંદગી કરી.
(સિંહગઢની, રાયગઢની, પન્હાળાગઢની)

(આ) શિવરાયનો રાજ્યાભિષેક સન .................... થયો.
(૧૬૭૪માં, ૧૬૭૫માં, ૧૬૪૭માં)

**૨. પ્રત્યેકના એક વાક્યમાં જવાબ લખો.**

(અ) સોનાની ગાગરમાં કઈ કઈ નદીઓનું પાણી ભરેલું હતું ?

(આ) શિવરાયના રાજ્યાભિષેકથી કયો શક શરૂ થયો ?

**૩. બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો.**

(અ) શિવરાયે રાજ્યાભિષેક કરવાનું શા માટે નક્કી કર્યું ?

(આ) શિવરાયે રાજધાની માટે રાયગઢની પસંદગી શા માટે કરી ?

(ઇ) માસાહેબની આંખોમાંથી હર્ષાશ્રુ શા માટે વહેવા લાગ્યા ?

**ઉપક્રમ :**

(અ) રાજ્યાભિષેકના પ્રસંગે શિવરાયે બહાર પાડેલા સિક્કા વિષેની વધારે માહિતી શિક્ષક પાસેથી મેળવો.

(આ) વિવિધ પ્રકારની ટપાલટિકિટોનો સંગ્રહ કરો. તેનું મિત્રની મદદથી વર્ગમાં પ્રદર્શન ભરો.

387HZA

# ૧૬. દક્ષિણ તરફ ઝુંબેશ


**ઝુંબેશની યોજના :** રાજ્યાભિષેકનો સમારંભ પાર પડ્યો, પણ આ આનંદ લાંબો સમય ટકી શક્યો નહિ. રાજ્યાભિષેક પછી ટૂંક સમયમાં ૧૭ જૂન ૧૬૭૪ના દિને માસાહેબ મૃત્યુ પામ્યા. શિવરાયનો મોટો આધાર ગયો. સ્વરાજ્યની તમામ પ્રજાનો આધાર શિવરાય હતા; પરંતુ શિવરાયનો આધાર માસાહેબ હતાં. તેઓ તેમના જીવનના સાચા માર્ગદર્શક અને ગુરુ હતાં. માતાના મૃત્યુને લીધે તેમને અતિશય દુઃખ થયું; પરંતુ દુઃખ કરતા બેસી રહેવાનું તેમના માટે શક્ય નહોતું. તેમણે સ્વરાજ્યની મજલ આગળ ધપાવવાની હતી.

શિવરાયે કર્ણાટક પ્રાંત ઉપર ચડાઈ કરવાનો નિશ્ચય કર્યો. તેમને હવે આદિલશાહનો જરાપણ ભય નહોતો, કારણકે આદિલશાહીની પડતી થવા આવી હતી; પરંતુ ઉત્તરનો મોગલ બાદશાહ ઔરંગઝેબ મરાઠાઓના રાજ્યનો નાશ કરવા માટે ટાંપીને બેઠો હતો. તે સ્વરાજ્યનો કોળિયો ક્યારે કરી જાય તે કહી શકાય તેમ નહોતું. મોગલોનું સંકટ સ્વરાજ્ય ઉપર આવે, તો દક્ષિણમાં પણ એકાદુ મજબૂત થાણું હોવું જોઈએ, એવો વિચાર શિવરાયના મનમાં આવ્યો, માટે તેમણે દક્ષિણના પ્રદેશને પોતાના તાબામાં લેવાનું નક્કી કર્યું. આ ચડાઈ માટે શિવરાયે ગોવળકોંડાના કુતુબશાહની મદદ માગી. તેણે ઘણા આનંદથી શિવરાયને મદદ આપવાનું કબૂલ કર્યું.

આ ચડાઈ પાછળ શિવરાયનો બીજો પણ એક હેતુ હતો. તેમનો સાવકોભાઈ વ્યંકોજીરાજા દક્ષિણમાં તાંજોરની જાગીર સંભાળતા હતાં. પિતાની કર્ણાટકની જાગીર પણ તેની પાસે હતી. તેમાંનો કોઈપણ ભાગ વ્યંકોજીરાજાએ શિવરાયને આપ્યો નહોતો. એટલું જ નહિ, પણ સ્વરાજ્ય માટે તેમને ખાસ આદર નહોતો. તેઓ શિવરાય સાથે ઉદ્ધતાઈથી વર્તતા હતાં. તેની મુલાકાત લઈને સ્વરાજ્યના કાર્ય માટે તેની મદદ મળે તો જોવું, એવો હેતુ શિવરાયના મનમાં હતો.

**ગોવળકોંડાની મુલાકાત :** કર્ણાટક જવા માટે શિવરાય નીકળ્યા. ગોવળકોંડાના અબુલહસન કુતુબશાહે તેમને મુલાકાતનું આમંત્રણ આપ્યું હતું, તેથી પહેલા કુતુબશાહની રાજધાનીની મુલાકાત લઈને પછી દક્ષિણના દિગ્વિજય માટે આગળ જવાની યોજના તેમણે કરી હતી.

ગોવળકોંડા કુતુબશાહની રાજધાની હતી. કુતુબશાહે મહારાજના સ્વાગત માટે ખૂબ તૈયારી કરી હતી. મુલાકાત માટે ખાસ તંબુ ઊભો કર્યો હતો. શિવરાય રાજધાનીમાં પ્રવેશ્યા. તેમના દર્શન કરવા માટે રસ્તાની બંને બાજુ લોકો હેકડેઠઠ ઊભા હતાં. તેમના પરાક્રમની વાતો દેશમાં ચારેતરફ ફેલાઈ ગઈ હતી. અફઝલખાનનો વધ, શાયિસ્તાખાનની ફજેતી અને આગ્રામાંથી છુટકારો જેવા રોમાંચક પ્રસંગોની હકીકત દેશભરમાં ફેલાઈ ગઈ હતી. તેથી ત્યાં મહારાજનું ભવ્ય સ્વાગત થયું. ઘરેઘરમાંથી લોકો મહારાજ ઉપર ફૂલોનો વરસાદ વરસાવતા હતાં. લોકોના સ્વાગતનો સ્વીકાર કરીને મહારાજ કુતુબશાહના દરબારમાં આવ્યા. કુતુબશાહ તેમને



શિવરાયની ગોવળકોંડાની ઐતિહાસિક મુલાકાત

લેવા સામે ગયા. તેમણે મહારાજને ખાસ તૈયાર કરેલા સિંહાસન ઉપર પોતાની બરોબરીમાં બેસાડ્યા. તેમણે મહારાજના સત્કારમાં ક્યાંય કચાશ રહેવા દીધી નહિ. સ્વાગત અને સત્કાર સ્વીકાર્યા પછી શિવરાય કર્ણાટકની ચડાઈ માટે નીકળ્યા.

**જિંજીની જીત :** શિવરાય પૂર્વ કિનારા ઉપર આવ્યા. ચેન્નઈની દક્ષિણમાં જિંજીનો કિલ્લો છે. તે રાયગઢ જેવો જ તોતિંગ અને મજબૂત છે. તેને ઘેરો ઘાલીને મહારાજે તે કિલ્લો જીત્યો. દક્ષિણમાં સ્વરાજ્યનું એક મજબૂત થાણું તૈયાર થયું. પછી તેમણે વેલૂરના કિલ્લાને ઘેરી લીધો. કેટલાયે મહિનાના ઘેરા પછી પણ કિલ્લો તાબામાં આવતો નહોતો. ત્યારે વેલૂર નજીકના ડુંગર ઉપરથી શિવરાયે તે કિલ્લા ઉપર તોપમારો કર્યો અને કિલ્લો સર કરી લીધો. તેમણે કર્ણાટકમાં કુલ વીસ લાખની આવક ધરાવતો પ્રદેશ અને નાના મોટા કેટલાંયે કિલ્લાઓ જીત્યા.

**વ્યંકોજીરાજાની મુલાકાત :** મહારાજાએ પોતાના સાવકા ભાઈ વ્યંકોજીરાજાને મુલાકાત માટે બોલાવ્યા. તેઓ મરજી વગર જ આવ્યા. મહારાજાએ તેમનો યોગ્ય સત્કાર કર્યો. તેમને સમજાવવાનો પ્રયત્ન કર્યો. સ્વરાજ્યના કાર્યમાં વ્યંકોજીરાજાએ સહકાર આપવો, એવો તેમણે આગ્રહ કર્યો. કેટલાંક દિવસ વ્યંકોજીરાજા મહારાજા સાથે રહ્યાં; પરંતુ એક રાતે




**શિવરાય – વ્યંકોજીરાજાની મુલાકાત**

મહારાજને કાંઈપણ જણાવ્યા વગર તે તાંજોર નીકળી ગયા અને ઉલટું તેમની ફોજ ઉપર તેમણે હુમલો કર્યો, ત્યારે મહારાજની ફોજે તેનો વળતો જવાબ આપ્યો. વ્યંકોજીરાજાનો પરાજય થયો. પોતાના ભાઈના આવા વર્તનને લીધે મહારાજને ઘણું દુઃખ થયું. તેમણે વ્યંકોજીરાજાને સમજાવટના પત્રો મોકલ્યા. જિંજીની દક્ષિણ તરફનો કેટલોક પ્રદેશ તેમને આપ્યો. તેમની પત્ની દીપાબાઈને પણ મહારાજે તેના નિભાવ માટે કર્ણાટકનો થોડો પ્રદેશ આપ્યો. મહારાજે વ્યંકોજીરાજાને પત્રમાં લખ્યું, ''પારકાં દુશ્મનનો ભરોસો કરવો નહિ, પુરુષાર્થ કરવો.''

કર્ણાટકનો વિજય મેળવીને મહારાજ રાયગઢ ઉપર પાછા ફર્યા. આ ચડાઈનો થાક ઉતર્યો જ નહોતો ત્યાંજ જંજિરાના સિદ્દીઓ વિરુદ્ધ મહારાજને નૌકાદળની મદદથી લડત કરવી પડી. આ વખતે મહારાજની ઉંમર પચાસ વર્ષની હતી. ત્રીસ-પાંત્રીસ વર્ષ સુધી તેમણે સતત તકલીફો સહી હતી. તેમને ક્યારેય આરામ મળ્યો નહોતો.

**રૈયતનો વાલી ગયો :** તારીખ ૩ એપ્રિલ ૧૬૮૦. બધાને દુઃખના સાગરમાં ડુબાડીને શિવરાયે જગતમાંથી કાયમની વિદાય લીધી. રૈયતનો વાલી ગયો ! પોતાની જિંદગીમાં મહારાજ કેટકેટલી ઘટનાઓના સાક્ષી રહ્યા. ભલભલા દુશ્મનોને નમાવીને મહારાજે હિંદવી સ્વરાજ્ય સ્થાપ્યું. અખિલ ભારતમાં મહારાજના કાર્યોનો કોઈ જોટો નહોતો. મહારાજ મહાન રાષ્ટ્રપુરુષ હતા.




The following foot notes are applicable : (1) © Government of India, Copyright : 2014. (2) The responsibility for the correctness of internal details rests with the publisher. (3) The territorial waters of India extend into the sea to a distance of twelve nautical miles measured from the appropriate base line. (4) The administrative headquarters of Chandigarh, Haryana and Punjab are at Chandigarh. (5) The interstate boundaries amongst Arunachal Pradesh, Assam and Meghalaya shown on this map are as interpreted from the "North-Eastern Areas (Reorganisation) Act. 1971," but have yet to be verified. (6) The external boundaries and coastlines of India agree with the Record/Master Copy certified by Survey of India. (7) The state boundaries between Uttarakhand & Uttar Pradesh, Bihar & Jharkhand and Chattisgarh & Madhya Pradesh have not been verified by the Governments concerned. (8) The spellings of names in this map, have been taken from various sources.

**૧. ખાલી જગ્યામાં કૌંસમાંથી યોગ્ય પર્યાય લખો.**

(અ) વ્યંકોજીરાજા દક્ષિણની ...................... જાગીર સંભાળતા હતાં.
(વેલૂરની, તાંજોરની, બૅંગ્લોરની)

(આ) કુતુબશાહની રાજધાની ...................... હતી.
(દિલ્હી, જિંજી, ગોવળકોંડા)

**૨. પ્રત્યેકના એક વાક્યમાં જવાબ લખો.**

(અ) વ્યંકોજીરાજાની મુલાકાત લેવા પાછળ શિવરાયનો ક્યો હેતુ હતો ?

(આ) શિવરાયે વ્યંકોજીરાજાને ક્યો આગ્રહ કર્યો ?

(ઇ) શિવરાયે વ્યંકોજીરાજાને પત્રમાં શું લખ્યું ?

**૩. કારણો લખો.**

(અ) શિવરાયે દક્ષિણના પ્રદેશો પોતાના તાબામાં લેવાનું નક્કી કર્યું.

(આ) શિવરાયે વ્યંકોજીરાજાને સમજાવટનો પત્ર મોકલ્યો.

**ઉપક્રમ :**

શિવરાય અને વ્યંકોજીરાજાની મુલાકાતનું અને સંવાદનું નાટચીકરણ કરો.

38GELX



**શિવાજીમહારાજની સમાધિ – રાયગઢ**

# ૧૭. કિલ્લા સંરક્ષણ અને નૌકાદળની વ્યવસ્થા

શિવરાયે અનેક દુશ્મનોનો સામનો કરી તેમને હરાવીને સ્વરાજ્યની સ્થાપના કરી. યુદ્ધ હોય કે રાજ્યકારભાર, દરેક ક્ષેત્રે શિવરાયની વહીવટી કુશળતા–નિપુણતા જોવા મળે છે. આ પાઠમાં આપણે શિવરાયની વહીવટી કુશળતા વિશે માહિતી મેળવવાના છીએ.

**તમે જાણો છો કે ?**

● વહીવટી કુશળતા એટલે શું ?

વહીવટી કુશળતા એટલે ચોક્કસ ધ્યેય (લક્ષ્ય) સાધ્ય કરવા માટે હાથમાં લીધેલું કાર્ય શિસ્તબદ્ધ રીતે સફળ કરવું.

શિવરાયની વહીવટી કુશળતા તેમણે જીવનભર કરેલી લડાઈઓમાં જેવી રીતે દેખાઈ આવે છે, તેવી જ રીતે તેમના રાજ્યકારભારમાં પણ તે જોઈ શકાય છે. તેના કેટલાંક ઉદાહરણો નીચે પ્રમાણે છે.

## કિલ્લા સંરક્ષણની રચના

**કિલ્લા સંરક્ષણ :** કિલ્લાઓની મદદથી શિવરાયે સ્વરાજ્યનું રક્ષણ કર્યું. 'સંપૂર્ણ રાજ્યનું તાત્પર્ય એટલે દુર્ગ' આ ગણતરીના સંક્ષિપ્ત શબ્દોમાં 'આજ્ઞાપત્ર' નામના શિવકાલીન ગ્રંથમાં દુર્ગોનું એટલે કે કિલ્લા સંરક્ષણ – કિલ્લાઓનું મહત્ત્વ દર્શાવવામાં આવ્યું છે. શિવરાય તરુણાવસ્થામાં સહ્યાદ્રિના પર્વતોની હારમાળાઓમાં ફર્યા હતા. સહ્યાદ્રિના ડુંગર ઉપરના કિલ્લા – દુર્ગ તેમણે અનેક વખત જોયેલા હતા. સ્વરાજ્યના સંરક્ષણ માટે કિલ્લાસંરક્ષણનું મહત્ત્વ તેમને સમજાઈ ગયું હતું.

શિવરાયે વનકિલ્લા, ગિરિકિલ્લા (ડુંગરકિલ્લા) અને જલદુર્ગ એમ ત્રણેય પ્રકારના કિલ્લા બાંધ્યા હતા. જલદુર્ગોને 'જંજિરા' પણ કહેવાય છે. તેમણે હિરોજી ઇંદુલકર અને અર્જોજી યાદવ જેવા જાણકારોના માર્ગદર્શન હેઠળ રાજગઢ, પ્રતાપગઢ, સિંધુદુર્ગ વગેરે અનેક નવા કિલ્લાઓ બંધાવ્યા હતા. તેવીજ રીતે રાયગઢ કિલ્લાની નવેસરથી રચના કરી હતી. એટલું જ નહિ, પણ વિજયદુર્ગ, તોરણા, રાંગણા વગેરે કેટલાક જૂના કિલ્લાઓનું સમારકામ કરાવ્યું હતું. શિવરાય પાસે લગભગ 300 કિલ્લા હતા.

**તમે જાણો છો કે ?**

● શિવાજી મહારાજાના નાના પુત્ર છત્રપતિ રાજારામ મહારાજની આજ્ઞા પ્રમાણે રામચંદ્ર પંત અમાત્યે 'આજ્ઞાપત્ર' નામનો ગ્રંથ લખ્યો હોવાનું માનવામાં આવે છે. આ ગ્રંથમાં શિવછત્રપતિની રાજનીતિનું સ્પષ્ટ પ્રતિબિંબ ઉપસી આવે છે.

**કરીને જુઓ**

● દિવાળીની રજાઓમાં મિત્રોની મદદથી કોઈ એક કિલ્લાની પ્રતિકૃતિ બનાવો.

– કિલ્લો બનાવવા માટેના સાહિત્યની (સામગ્રીની) યાદી બનાવો.

– કિલ્લા માટે જગ્યાની પસંદગી કરો.

– કિલ્લા ઉપર પાણીની, ઘરની વ્યવસ્થા કેવી હોવી જોઈએ તેની રૂપરેખા બનાવો.

**કહો જોઈએ !**

● તમારા પરિસરમાં આવેલા કિલ્લાનું/ગુફાનું નામ કહો.

● કિલ્લા ઉપર કઈ વસ્તુ/ઈમારત છે ?

● કિલ્લો ક્યા પ્રકારનો છે ?



કિલ્લાની રચના

## કિલ્લા વહીવટ

કિલ્લા સંરક્ષણની ચોક્કસ વ્યવસ્થા મહારાજાએ કરી હતી.

દરેક સંરક્ષણકિલ્લા ઉપર કિલ્લેદાર, સબનીસ અને કારખાનીસ જેવા અધિકારીઓ નીમેલા હતા. કિલ્લેદારના વડપણ હેઠળ સબનીસ અને કારખાનીસ કામ કરતા.

આ અધિકારીઓનાં કાર્યો નીચે પ્રમાણે ગણાવી શકાય.

### કિલ્લેદાર (હવાલદાર)

- કિલ્લાનું સંરક્ષણ અને વહીવટ કરવો.
- સબનીસ, કારખાનીસને આજ્ઞા આપવી.
- સરકારી પત્રો, હુકમ અને આદેશોનું પાલન કરવું.

### સબનીસ

- કિલ્લા ઉપરના જમાખર્ચનો હિસાબ રાખવો.
- કિલ્લા ઉપરની અને કિલ્લાની નીચેની (તળેટીની) પ્રજા પાસેથી કરની વસૂલાત કરવી.
- પત્રવ્યવહાર સંભાળવો.

### કારખાનીસ

- કિલ્લા ઉપર રહેતા લોકોને અનાજ અને વસ્તુઓ પૂરા પાડવાં.
- યુદ્ધના સમયે તોપો માટે, બંદૂકો માટે જોઈતા દારૂગોળાની વ્યવસ્થા કરવી.
- કિલ્લા અને કિલ્લા ઉપરની ઈમારતોની દેખભાળ અને સમારકામ કરાવવું.

## તોપો – દારૂગોળો

શિવરાયના સમયમાં દુશ્મનોથી કિલ્લાઓનું સંરક્ષણ કરવા માટે નાની–મોટી તોપોનો ઉપયોગ કરવામાં આવતો હતો. આ તોપો કિલ્લાની દીવાલની ટોચે અને બુરજ ઉપર મૂકવામાં આવતી. પુરંદર, ભામગઢ જેવા કેટલાક કિલ્લા ઉપર તોપો બનાવવાનાં કારખાનાં પણ હતાં. લોખંડ, પિત્તળ, તાંબુ વગેરે ધાતુમાંથી તોપો બનાવવામાં આવતી. ચોમાસાના દિવસોમાં કિલ્લા ઉપરની તોપોને કાટ ન લાગે તે માટે તેની ઉપર મીણનો લેપ કરવામાં આવતો હતો. દુશ્મનો ઉપર મારો કરવા માટે તોપમાં લોખંડ, પથ્થર અને 'બોમ્બ' (જેમાં સીસાની ગોળીઓ હોય)નો ઉપયોગ કરતા. આ તોપો (ઉડાવવા) ફોડવા માટે (સ્ફોટક) દારૂગોળો વપરાતો હતો.

**ચર્ચા કરો.**

- કિલ્લા ઉપરની તોપોને કાટ ન લાગે માટે તેમના ઉપર મીણનો લેપ કરવામાં આવતો.

**કહો જોઈએ !**

- શિવાજી મહારાજાના નૌકાદળના જહાજોના પ્રકાર કહો. ઉદા. આગબોટ, મોટું વહાણ (જહાજ), સઢવાળું વહાણ, મછવો, નાવ, હોડી.
- સ્વતંત્ર ભારતના નૌકાદળના જહાજોના નામ કહો.

## નૌકાદળ (આરમાર)

આરમાર એટલે યુદ્ધનૌકાઓનો સમૂહ. અંગ્રેજ, પોર્ટુગીઝ, સિદ્દી, ડચ લોકો પાસે પ્રચંડ



નૌકાદળનું નિરીક્ષણ કરતાં શિવરાય

અને મજબૂત નૌકાદળ હતું. તેમનામાંથી કેટલાક લોકો સમુદ્રકિનારે આવેલા ગામોમાં લૂંટફાટ કરતા હતા. ત્યાંના લોકોની કનડગત કરતા. શિવરાયે આ દરિયાઈ દુશ્મનોનો કાયમી બંદોબસ્ત કરવા સ્વતંત્ર નૌકાદળની સ્થાપના કરી.

શિવરાયે નાનાં મોટાં જહાજો–નાવો બનાવવાનાં કારખાનાં શરૂ કર્યાં. સમુદ્રના જૂના કિલ્લાઓ જીતીને પોતાના તાબામાં લીધા. સુવર્ણદુર્ગ, વિજયદુર્ગ જેવા જલદુર્ગોનું તેમણે સમારકામ કરાવ્યું. શિવરાયે માલવણ પાસેના કુરટે બેટ ઉપર સિંધુદુર્ગ નામનો નવો જલદુર્ગ બાંધ્યો. તેમજ મુંબઈ નજીક ખાંદેરીનો કિલ્લો બાંધ્યો.

સ્વરાજ્યના નૌકાદળમાં હોળી, ભંડારી, અગરી જેવી વિવિધ વહાણવટીઓની જાતિ–ધર્મના સૈનિકો હતા. દૌલતખાન, માયનાક ભંડારી, લાય પાટીલ, કુશળ વહાણટી તુકોજી આંગ્રે જેવા નામાંકિત નૌકાદળના યોદ્ધાઓ આ સમયમાં જ જાણીતા થયા.

મરાઠાઓના નૌકાદળને લીધે અંગ્રેજ, પોર્ટુગીઝ, સિદ્દી અને ડચ જેવા દરિયાઈ દુશ્મનોમાં શિવરાયની ધાક બેસી ગઈ હતી. તેથી સ્વરાજ્યને થતો દુશ્મનોનો ત્રાસ ઓછો થયો. શિવરાયે સ્વતંત્ર નૌકાદળની સ્થાપના કરીને પોતાના સ્વબળે પોતાની દરિયાઈ હદ નિશ્ચિત કરીને કિનારા નજીકના વિસ્તારમાં સ્વામીત્વ પ્રસ્થાપિત કર્યું. પોતાનો દરિયાકિનારો સુરક્ષિત કર્યો. મધ્યયુગના સમયનું ભારતમાં શિવરાયે સ્થાપેલું આ પહેલું પોતાનું નૌકાદળ હતું. તેથી જ શિવછત્રપતિનું 'ભારતીય નૌકાદળના જનક' તરીકે યોગ્ય ગૌરવ કરવામાં આવે છે.

**શિવરાયનું જાસૂસખાતું :** શિવરાયની લશ્કરી વ્યવસ્થામાં ગુપ્ત જાસૂસખાતું હતું. બહિર્જી નાઈક તેની જાસૂસખાતાના પ્રમુખ હતા. મહારાજાની સુરત ઉપરની ચઢાઈ જેવી અન્ય ચઢાઈઓ સફળ થવામાં તેમણે લાવેલી સચોટ માહિતીનું અનન્ય યોગદાન હતું. શિવરાયના જાસૂસો છૂપી રીતે દુશ્મનોના ટોળામાં ઘૂસીને પૂરેપૂરી માહિતી લઈ આવતા. કોઈપણ ચઢાઈ કરતાં પહેલાં શિવરાય જાસૂસો પાસેથી માહિતી મેળવતા એ પછી જ ચઢાઈની યોજના બનાવતા.

**ગેરીલા પદ્ધતિ (ગનિમી કાવા) :** શિવાજી મહારાજાની યુદ્ધનીતિમાં ગેરીલા પદ્ધતિને વિશેષ મહત્ત્વ હતું. ગેરીલા પદ્ધતિની યુદ્ધની યંત્રણામાં પોતાને યોગ્ય હોય તે સ્થળે અને અનુકૂળ સમયે દુશ્મનો ઉપર અચાનક અને અણધાર્યો હુમલો કરીને, દુશ્મનો તેમાંથી બહાર આવે ન આવે ત્યાં સુધીમાં સૈન્ય સુરક્ષિત સ્થળે પહોંચી જાય. આ યોજનાનો આધાર લેવામાં મહારાજાને સહ્યાદ્રિ પર્વતની હારમાળાનું ગાઢ જંગલ, ડુંગરી કિલ્લા અને પ્રજાના પીઠબળની મદદ થઈ.



**તમે જાણો છો કે ?**

● શિવરાયનું સૈન્ય શિસ્તબદ્ધ હતું. તેના સૈનિકો સ્ત્રીઓને આદર આપતા. તેથી સ્ત્રીઓના રક્ષણકર્તા તરીકે શિવરાયની કીર્તિ ચારેબાજુ ફેલાઈ હતી. સૈનિકોએ દારૂ પીવો નહિ, રૈયતને ત્રાસ આપવો નહિ, પ્રજાને લૂંટવી નહિ એવી સૈનિકોને શિવરાયની સખત તાકીદ હતી.



**તમે જાણો છો કે ?**

● શિવરાયના કેટલાક સહકાર્યકરો – કાન્હોજી જેધે, વીર બાજી પાસલકર, ફિરંગોજી નરસાળા, પ્રતાપરાવ ગુજર, સિધોજી નિંબાલકર અને સિદ્દી હિલાલ.

૧. કહો જોઈએ !

(અ) દુર્ગોનું એટલે જ કિલ્લા સંરક્ષણનું મહત્ત્વ દર્શાવતો ગ્રંથ ..........

(આ) જલદુર્ગને આ પણ કહેવાય છે. ................

૨. તમને શું લાગે છે તે કહો.

(અ) શિવછત્રપતિનું 'ભારતીય નૌકાદળના જનક' તરીકે યોગ્ય ગૌરવ કરવામાં આવે છે.

(આ) શિવરાયની વહીવટી કુશળતા ક્યાં ક્યાં ક્ષેત્રોમાં જોવા મળે છે ?

૩. કિલ્લા ઉપરના નીચેના અધિકારીઓનાં બે કાર્યો લખો.

(અ) કિલ્લેદાર– ૧. ......... ૨. .........

(આ) સબનીસ– ૧. ......... ૨. .........

(ઇ) કારખાનીસ– ૧. ......... ૨. .........

૪. મહારાષ્ટ્રના નકશાની રૂપરેખામાં નીચેનાં સ્થળો બતાવો.

(અ) સિંધુદુર્ગ કિલ્લો (આ) વિજયદુર્ગ

(ઇ) મુંબઈ (ઈ) પ્રતાપગઢ

૫. છત્રપતિ શિવાજી મહારાજાની વહીવટી કુશળતાની કઈ બાબત તમને સૌથી વધારે ગમી ? આ બાબતનો તમારા દૈનિક જીવનમાં કેવી રીતે ઉપયોગ કરશો ?

ઉપક્રમ

(અ) 'શિવરાયની મુલાકાતનું આયોજન' આ મુલાકાતની નાટિકા વર્ગમાં રજૂ કરો.

(આ) ભારતીય નૌકાદળની યુદ્ધનૌકા વિશે માહિતી મેળવો.

(ઇ) વિવિધ પ્રકારના કિલ્લાઓની મુલાકાત લો અને કિલ્લાના વિવિધ વિસ્તારોનાં નામ જાણી લો.

# ૧૮. લોકકલ્યાણકારી સ્વરાજ્યનો વહીવટ



**કહો જોઈએ !**

● શિવરાયે કઈ કઈ સત્તાઓ સાથે સંઘર્ષ કર્યો ?

શિવરાયે આદિલશાહી, મોઘલ, પોર્ટુગીઝ અને જંજિરેકર સિદ્દી જેવી અન્યાયકારી સત્તાઓ સાથે લાંબા સમય સુધી સંઘર્ષ કર્યો. તેને લીધે સ્વતંત્ર હિંદવી સ્વરાજ્યની સ્થાપના થઈ.

રાજ્યકારભારનું કાર્ય વ્યવસ્થિત ચાલે તે માટે શિવરાયે રાજ્યકારભારની આઠ ખાતામાં વિભાગણી કરી, તે જ શિવરાયનું અષ્ટપ્રધાનમંડળ. દરેક ખાતા ઉપર એક પ્રમુખ નીમ્યો, તેમાંથી જ મહારાજનું અષ્ટપ્રધાનમંડળ સાકાર થયું. અષ્ટપ્રધાનમંડળના માધ્યમ દ્વારા ચલાવવામાં આવતું શિવરાયનું સ્વરાજ્ય સાચા અર્થમાં લોકકલ્યાણકારી રાજ્ય હતું. આ અષ્ટપ્રધાનોના અને અન્ય પણ મહત્ત્વના અધિકારીઓની નિમણૂંક તેમની યોગ્યતા અને ગુણવત્તા જોઈને મહારાજ પોતે કરતા. તેમના વહીવટ ઉપર મહારાજાની સીધી દેખરેખ રહેતી.



**તમે જાણો છો કે ?**

લોકકલ્યાણકારી રાજ્યમાં પ્રજાની ખોરાક, પોષાક અને રહેઠાણ જેવી જીવનાવશ્યક જરૂરિયાતો પૂર્ણ થાય છે. સ્ત્રીઓનું સન્માન કરવામાં આવે છે. સામાન્ય પ્રજાની, ખેડૂતોની છેતરપીંડી થતી નથી. કોઈના ઉપર અન્યાય થતો નથી. પ્રજાને જલદી ન્યાય મળે છે. ખેતી અને ઉદ્યોગોનો વિકાસ થાય છે. લોકકલા ખીલી ઊઠે છે. પ્રજા સુખ–સંતોષથી રહે છે.

શિવછત્રપતિએ સ્થાપેલા સ્વરાજ્યમાં તેમની પ્રજા સુખ અને સંતોષથી રહેવા લાગી. તેથી મહારાષ્ટ્રના લોકોના મનમાં ભરપૂર આત્મવિશ્વાસ, સ્વાભિમાન અને દેશપ્રેમ દેખાવા લાગ્યો.

**અષ્ટપ્રધાન મંડળ**

| | પ્રધાનનું નામ | હોદ્દો | કાર્ય |
|---|---|---|---|
| ૧. | મોરો ત્રિંબક પિંગળે | પ્રધાન | રાજ્યકારભાર ચલાવવો. |
| ૨. | રામચંદ્ર નીલકંઠ મુજુમદાર | અમાત્ય | રાજ્યનો જમાખર્ચ જોવો. |
| ૩. | હંબીરરાવ મોહિતે | સેનાપતિ | સૈન્યનું નેતૃત્વ કરવું. |
| ૪. | મોરેશ્વર પંડિતરાવ | પંડિતરાવ | ધર્મના કાર્યો જોવા. |
| ૫. | નિરાજી રાવજી | ન્યાયાધીશ | ન્યાય આપવો. |
| ૬. | અણ્ણાજી દત્તો | સચિવ | સરકારી આજ્ઞાપત્રો મોકલવા. |
| ૭. | દત્તાજી ત્રિંબક વાકનીસ | મંત્રી | પત્રવ્યવહાર સંભાળવો. |
| ૮. | રામચંદ્ર ત્રિંબક ડબીર | સુમંત | પરરાજ્યો સાથે સંબંધ જાળવવો. |



શિવરાય ખેડૂતોને બળદજોડી અને અન્ય જીવનજરૂરી સામગ્રી આપે છે.

**કરીને જુઓ.**


● પાઠ્યપુસ્તકના ‘આજ્ઞાપત્રનો પર્યાવરણ રક્ષણ’નો લેખ મોટા અક્ષરે લખીને તેનો તક્તો બનાવો, તેનું વર્ગમાં સામૂહિક વાંચન કરો.

## પર્યાવરણનું રક્ષણ

જે તે પ્રદેશ ઉપર કુદરતે બનાવેલી જમીન (ભૂમિ), હવા, વરસાદ, નદીઓ, સમુદ્ર, વહેળા, જંગલો, નાનાં-મોટાં પ્રાણી, પક્ષી, સૂર્યપ્રકાશ, ચંદ્રપ્રકાશ વગેરે દરેક ઘટકોથી જ માનવની આસપાસ જે પરિસર બને છે તેને જ ‘કુદરતી પર્યાવરણ’ કહેવાય છે. આ પર્યાવરણનો આવશ્યક હોય તેટલા પ્રમાણમાં ઉપયોગ કરવો એ માનવના હિતમાં હોય છે.

પર્યાવરણના આ વિવિધ ઘટકોનો નાશ થાય નહિ, તેની શિવરાયે લીધેલી કાળજી અને કુશળતા દેખાઈ આવે છે.

આપણા રાજ્યનાં જંગલો લોકો દ્વારા નાશ થાય નહિ, તે માટે શિવરાયે વધારે ધ્યાન આપ્યું છે. ઉદા. નૌકાદળ માટે નાની-મોટી નાવો, જહાજો, હલેસાં, થાંભલા વગેરે બનાવવા પડે છે. તે માટે લાકડાંની જરૂર પડે છે. માટે ફક્ત સાગનાં જ ઝાડ તોડવાં. વધારે સાગવાનની જરૂર હોય તો તે બીજા પ્રદેશમાંથી ખરીદ કરવું, પરંતુ કોઈપણ પરિસ્થિતિમાં આંબા, ફણસ વગેરે ઝાડ તોડવાં નહિ. હકીકતમાં, ઝાડ વર્ષ-બે વર્ષમાં તૈયાર થતાં નથી. પ્રજાએ તે ઝાડ પોતાના બાળકની જેમ જતન કરીને ઉછેરેલાં હોય છે. તે તોડીને પ્રજાને દુઃખ આપવું નહિ. માત્ર એકાદ ઝાડ ખૂબજ ઘસાઈ ગયું હોય, તો તે ઝાડના માલિકને રોકડા પૈસા આપીને તેને સંતોષ આપ્યા પછી જ તે તોડવું.



પર્યાવરણનું સંરક્ષણ

આવા પ્રકારના અનેક હુકમો શિવરાયે આપ્યા હતા. તેવું આજ્ઞાપત્ર ઉપરથી સમજાય છે.

**આ હંમેશાં યાદ રાખો.**

પર્યાવરણ રક્ષણનું મહત્ત્વ સમજાવવા માટે અને પર્યાવરણનો નાશ થતો અટકાવવા માટે ૫ જૂનનો દિવસ દર વર્ષે 'વૈશ્વિક પર્યાવરણ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

### જલ વ્યવસ્થાપન

શિવરાયે સ્વરાજ્યના ગામેગામ નાના–મોટા બંધો બાંધીને લોકોને પીવાનું પાણી ઉપલબ્ધ કરી આપ્યું. તેવી જ રીતે આ બંધોમાંથી નહેર કાઢીને ખેતી માટે પણ પાણી ઉપલબ્ધ કરી આપ્યું. તેથી સ્વરાજ્યનું ઉત્પાદન વધ્યું. સ્વરાજ્યની પ્રજાને દુકાળનો ભય ક્યારેય રહ્યો નહિ. શિવરાયના સમયમાં કિલ્લા ઉપર મુકામ કરીને રહેતી પ્રજાની સંખ્યા ઘણી મોટી હતી. ત્યાં પાણીની વ્યવસ્થા કરવા બાબત શિવરાય કાળજી લેતા. કિલ્લો બાંધતાં પહેલાં તે જગ્યાએ પર્યાપ્ત પાણી છે કે નહિ તેની ખાતરી કરવામાં આવતી. આવી કોઈ જગ્યાએ પાણી ન હોય, તો ત્યાં ચોમાસા પહેલાં જ તળાવ અને ટાંકીઓ બાંધીને વરસાદનું પાણી તેમાં સંગ્રહ કરવામાં આવતું.

આ સંગ્રહ કરેલું પાણી કાળજીપૂર્વક વાપરવામાં આવતું. આવી જલવ્યવસ્થાને લીધે કિલ્લા ઉપરના લોકોને અને સ્વરાજ્યની પ્રજાને દુકાળમાં પણ પાણીની અછત વર્તાતી નહોતી.



શિવરાયે બંધ અને નહેરો બાંધીને ખેતી અને પીવાના પાણીની વ્યવસ્થા કરી.

**કહો જોઈએ !**

- પાણીનો ઉપયોગ કરકસરપૂર્વક શા માટે કરવો જોઈએ ?
- તમારા ગામમાં/પરિસરમાં ક્યા બંધ, તળાવ છે ?
- જલ વ્યવસ્થાપન એટલે શું ?
- જલ વ્યવસ્થાપનની બાબતમાં સરકારની કઈ યોજના છે ?

**તમે જાણો છો કે ?**

- રાજ્યને કાયમ માટે દુકાળથી મુક્ત કરવા માટે સરકારે 'જલયુક્ત શિવાર (સીમાડાની જમીન)' યોજના શરૂ કરી છે.

## દુકાળ નિવારણ

દુકાળના સમયે શિવરાય ખેડૂતોને વિવિધ સવલતો/સહાય આપતા. પ્રજાનો કર માફ કરતા. તેને કારણે સ્વરાજ્યમાં દુકાળની ભયાવહતા ઓછી થતી. સ્વરાજ્યમાં એકાદ વર્ષ દુકાળ પડે તો શિવરાય સરકારી કોઠારોમાં સાચવેલું અનાજ પ્રજાને મફત વહેંચી દેતા. તેમજ દુકાળના સમયે શિવરાય જુદાજુદા કિલ્લા પર સમારકામનું કામકાજ શરૂ કરાવતા. તે જ પ્રમાણે નહેર, બંધ વગેરેના કામ પણ શરૂ કરાવતા. આમ ખેડૂતોને તેમજ કારીગરોને રોજગાર મળવાને કારણે સ્વરાજ્યની પ્રજાએ ક્યારેય દુકાળની તીવ્રતા અનુભવી નહિ.

ખેડૂતો સમૃદ્ધ થવાથી ગઈકાલે જેમના પગમાં ચંપલ નહોતા તેમણે ચંપલ ખરીદી. શરીર પર વસ્ત્રો નહોતા તેમણે વસ્ત્રો ખરીદ્યાં. તેના લીધે વણકરોને પણ કામ મળ્યું. જેમને રહેવા માટે

ઘર નહોતા તેમના માટે ઘર બાંધવાની પરિસ્થિતિ નિર્માણ થઈ. તેના લીધે ઘર બાંધનારા કડિયા, સુથાર, લુહાર અને ઈંટ બનાવનારા કુંભારોને કામ મળવા લાગ્યું. આ જ રીતે સ્વરાજ્યમાં ખેડૂતોની સાથે જ કારીગરો પણ સુખી અને સમૃદ્ધ થયા.



**કહો જોઈએ !**

- તમારા ગામની/પરિસરની બજારનું નામ કહો.
- બજારનું તે નામ શાથી પડ્યું હશે તેની માહિતી કહો.

## દરિયાઈ વેપાર અને અન્ય વ્યાપારની બજાર

સ્વરાજ્યનું રક્ષણ સારી રીતે કરી શકાય માટે સ્વરાજ્યને લગોલગ આવેલા સમુદ્ર ઉપર પોતાની સત્તા હોવી જોઈએ, એવા હેતુથી શિવરાયે પોતાનું સ્વતંત્ર નૌકાદળ (આરમાર) ઊભું કર્યું. એટલું જ કરીને તે અટક્યા નહિ પણ સ્વરાજ્યના વેપારમાં વૃદ્ધિ થાય માટે તેમણે માલની હેરફેર કરનારા ખાસ પ્રકારના જહાજો બનાવ્યા. રાજાપુર જેવા વેપારી બંદરો વિકસાવ્યા. તે જ પ્રમાણે રાયગઢ ઉપર ખાસ બજાર ઊભી કરી. પુણેની પાસે ખેડ શિવાપુર નામની જુદી વેપારી બજાર શરૂ કરી. મોટા ગામમાં અને રસ્તા ઉપરના ગામમાં વેપાર બજારો સ્થાપી. વીરમાતા જિજાબાઈના આદેશ પ્રમાણે પુણે નજીકના પાષાણ ગામમાં એક નવી બજાર ઊભી કરવામાં આવી હતી. તેનો ઉલ્લેખ 'જિજાપુર' તરીકે કરવામાં આવતો.

સ્વરાજ્યનો વેપાર વધે માટે શિવરાયે બહારના પ્રદેશોમાંથી આવતી વસ્તુઓ ઉપર વધારે કર નાંખ્યો. પોર્ટુગીઝની હદમાંથી આવતા મીઠા ઉપર તેમણે વધારે કર નાંખ્યો. તેથી તે મીઠા કિંમત વધી ગઈ. આનાથી ઉલટું સ્વરાજ્યમાં તૈયાર થતાં મીઠા ઉપરનો કર તેમણે ઓછો કર્યો. તેથી લોકોને સ્વરાજ્યનું મીઠું સસ્તું મળવા લાગ્યું. એટલે જ સ્વરાજ્યના મીઠાનો વેપાર વધ્યો. તેને લીધે સ્થાનિક વેપારને ગતિ મળી.

સ્વરાજ્યના વેપાર–ઉદ્યોગોની વૃદ્ધિ માટે શિવરાય પ્રયત્ન કરતાં હતા. પોતાની પ્રજાની વેપારીઓ તરફથી કોઈપણ પ્રકારની છેતરપીંડી થાય નહિ તે માટે તેઓ જાતે ધ્યાન આપતા હતાં. કોંકણમાં નાળિયેર, સોપારીના વેપારમાં લોકોની છેતરપીંડી થઈ રહી છે તે જાણ્યા પછી શિવરાયે ત્યાંના સૂબેદારને ચેતવણી આપી હતી.

## સ્ત્રીઓનું સન્માન

યુદ્ધના સમયે શત્રુપક્ષની સ્ત્રીઓ અથવા બાળકોને કોઈપણ પ્રકારની ઈજા કે નુકસાન કરવું નહિ. ઉલટું તેમની સાથે અત્યંત માનપૂર્વક વર્તણૂક કરવાનો હુકમ મહારાજાએ આપ્યો હતો. તેમણે પોતે પણ અનેક વખત પોતાના આચરણ દ્વારા સ્ત્રીઓ સાથે માનપૂર્વક કેવી રીતે વર્તાવ કરવો તેનો આદર્શ પૂરો પાડેલો જોવા મળે છે.

કર્ણાટકના બેલવડીનો ગઢ જીતવા માટે મરાઠી સૈન્ય ગયું હતું. તે ગઢના રક્ષણ માટે મલ્લમ્મા દેસાઈ નામની શૂરવીર મહિલાએ ખૂબ સંઘર્ષ કર્યો. તેના પરાક્રમના સમાચાર શિવરાયને મળ્યા. ત્યારે તેમણે મલ્લમ્માને પોતાની નાની બહેન માનીને તેનો ગઢ અને ગામ સન્માનપૂર્વક પાછાં આપ્યા. તેમજ તેને 'સાવિત્રી'નો ખિતાબ આપ્યો.

## સ્વચ્છતા વિશેની દક્ષતા (કાળજી)

ઘર અને સાર્વજનિક સ્થળો વધારેમાં વધારે સ્વચ્છ કેવી રીતે રાખી શકાય, તે બાબતની પણ



બેલવડીના મલ્લમ્મા દેસાઈનું સન્માન કરતાં શિવરાય

શિવરાયના સમયમાં ઉપાયયોજના કરી હોવાનું સમજાય છે. ઘરની આસપાસ નિરગુડીના ઝાડની વાડ કરીને ઘરમાં ઉંદર, વીંછીં, કીટક, કીડી જેવા પ્રાણી આવે નહિ તેની કાળજી લેવી. તેવી જ રીતે ધુમાડો કરીને આરોગ્ય માટે જોખમકારક જંતુનો નાશ કરવો, આવી આજ્ઞા શિવરાયે આપેલી જોવા મળે છે.

કિલ્લા ઉપરની બજારમાં, રસ્તા ઉપર ઉકરડો રહે નહિ, તેવી ચેતવણી આપેલી જણાય છે. આટલું કરીને જો કોઈપણ જગ્યાએ કચરો પડેલો હોય, તો તે કિલ્લા ઉપરથી નીચે ફેંકવો નહિ. તે કચરો તે જ જગ્યાએ બાળી નાંખવો અને તેમાંથી થયેલી રાખનો ઉપયોગ વાડામાં ઉગાડેલા શાકભાજી માટે ખાતર તરીકે કરવો આવી વિવિધ સૂચના તેમણે આપેલી જોવા મળે છે.

શિવરાયે કિલ્લાની રચના, તોપોનો દારૂગોળો, નૌકાદળ, પર્યાવરણનું રક્ષણ, જલવ્યવસ્થાપન, દરિયાઈ વેપાર અને વેપાર માટેની બજારો, ગોટાળા ઉપર અંકુશ અને સ્વચ્છતા વિષેની કાળજી સંબંધી જે વ્યવસ્થા કરી હતી તે આજે પણ માર્ગદર્શક નીવડે તેવી છે.

## હિંદવી સ્વરાજ્ય

હિંદવી સ્વરાજ્ય શિવરાયનું સ્વપ્ન હતું. હિંદવી એટલે હિંદુસ્તાનમાં રહેનારા ; પછી તે કોઈપણ ધર્મના હોય, કોઈપણ જાતિના હોય, તેમનું રાજ્ય તે હિંદવી સ્વરાજ્ય.

## ઉદાર ધાર્મિક નીતિ

શિવરાયની ધાર્મિક નીતિ ઉદાર હતી. ચઢાઈ કે હુમલા વખતે શિવરાયે મસ્જિદોને ક્યારેય નુકસાન પહોંચાડ્યું નથી. કુરાન શરીફની કોઈ પ્રત હાથમાં આવે તો તે પ્રત સન્માનપૂર્વક મુસલમાનોને સોંપી દેતા. કોઈપણ મુસલમાન પ્રત્યે તેઓ દ્વેષ રાખતા

નહિ. કોઈએ ધર્મ બદલ્યો હોય, પણ ફરી તેને પોતાના ધર્મમાં પાછા ફરવું હોય, તો તેઓ તેને દૂર કરતાં નહિ. બજાજી નાઈક નિંબાલકર શિવરાયના સાળા હતાં. તે બીજાપુરનાં આદિલશાહની ચાકરીમાં (સેવામાં) હતાં. આદિલશાહે તેમને પોતાના ધર્મમાં લીધા. બજાજી બીજાપુરમાં રહેવા લાગ્યા. તેને કોઈપણ કમી નહોતી, છતાં પોતાનો ધર્મ બદલાવા બાબત તેનું મન ડંખતું હતું. તેને ખરાબ લાગતું હતું. તેથી તેણે પોતાના ધર્મમાં પાછા ફરવાનું નક્કી કર્યું. ત્યારે શિવરાયે તેને સ્વધર્મમાં પાછા લીધા. નેતાજી પાલકરની હકીકત પણ આવી જ છે. નેતાજી પાલકરે ધર્મ બદલ્યો, પણ પછી તેમને સ્વધર્મમાં પાછા આવવાની ઈચ્છા થઈ, ત્યારે શિવરાયે તેમને પણ સ્વધર્મમાં લીધા.

**તમે જાણો છો કે ?**

- શિવરાય સાધુ–સંતો તેમજ સજ્જનોને ખૂબ માન આપતા. તેમને મંદિરો પ્રિય હતાં. તેમણે મસ્જિદોનું પણ રક્ષણ કર્યું. ભગવદ્ગીતા તેમને પૂજ્ય હતી. તો તેમણે કુરાન શરીફનું પણ માન રાખ્યું. ખ્રિસ્તી લોકોના પ્રાર્થનામંદિરોને પણ તેઓ જાળવતા. શિવરાય વિદ્વાનોનો આદર કરતાં. પરમાનંદ, ગાગાભટ્ટ, ધુંડીરાજ, ભૂષણ વગેરે વિદ્વાનોનો તેમણે સત્કાર કર્યો. તેમજ સંત તુકારામ, સમર્થ રામદાસ, બાબા યાકૂત, મૌની બાબાનું પણ તેમણે બહુમાન કર્યું.



**શિવરાયનું યાદગાર સ્વરૂપ :** ઘનઘોર અંધારામાં પોતાની દિશા નક્કી કરી રસ્તો શોધવો ; સંકટ આવે ત્યારે ડગ્યા વગર તેનો સામનો કરી આગળ જવું ; બળવાન શત્રુ સાથે પોતાના અપૂરતા બળથી લડત આપતા પોતાનું સામર્થ્ય વધારતાં જવું ; સહકાર્યકરોનો ઉત્સાહ વધારવો અને દુશ્મનોની નજર ચૂકાવી સતત સફળતા મેળવવી – આ બધા ગુણો શિવરાયમાં હતા. આદર્શ પુત્ર, સાવધ નેતા, કુશળ સંઘટક, લોકકલ્યાણકારી પ્રશાસક, હિંમતવાન લડવૈયો, દુર્જનોના મહાકાળ, સજ્જનોનો તારણહાર અને એક નવાયુગના નિર્માતા એવા શિવરાયના વ્યક્તિત્વના કેટલાંયે તેજસ્વી પાંસાઓ છે.

આ બધું જોતાં, ફરીફરીને એમજ લાગે કે

–'શિવરાયનું યાદગાર સ્વરૂપ ।

શિવરાયની યાદગાર મહત્તા ।

શિવરાયના પૃથ્વી ઉપરના યાદગાર પ્રયાસો ।।'

382658

## સ્વાધ્યાય

૧. **કહો જોઈએ !**

(અ) સ્વતંત્ર હિંદવી સ્વરાજ્યની સ્થાપના થઈ.

(આ) સ્વરાજ્યની પ્રજાને દુકાળનો ભય ક્યારેય રહ્યો નહિ.

(ઇ) શિવરાયે મલ્લમ્મા દેસાઈને આપેલો ખિતાબ.

૨. **ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ લખો અને કોષ્ટક પૂર્ણ કરો.**

૩. **ચર્ચા કરો.**

પર્યાવરણના વિવિધ ઘટકોનો નાશ થાય નહિ, તેની કાળજી શિવરાયે કેવી રીતે લીધેલી દેખાય છે. તમે પર્યાવરણના રક્ષણ માટે શું શું કરી શકશો ?

૪. **વાંચો અને તમારા શબ્દોમાં માહિતી આપો.**

'જલ વ્યવસ્થાપન' વિશેની માહિતી વાંચો અને આ વિષય ઉપર તમારા શબ્દોમાં માહિતી આપો.

| | પ્રધાનનું નામ | હોદ્દો | કાર્ય |
|---|---|---|---|
| ૧. | મોરો ત્રિંબક પિંગળે | ------ | રાજ્યકારભાર ચલાવવો. |
| ૨. | ------------ | અમાત્ય | રાજ્યનો જમાખર્ચ જોવો. |
| ૩. | હંબીરરાવ મોહિતે | સેનાપતિ | ------------ |
| ૪. | મોરેશ્વર પંડિતરાવ | ------ | ધર્મના કાર્યો જોવા. |
| ૫. | ------------ | ન્યાયાધીશ | ------------ |
| ૬. | અણ્ણાજી દત્તો | ------ | ------------ |
| ૭. | ------------ | ------ | પત્રવ્યવહાર સાંભળવો. |
| ૮. | રામચંદ્ર ત્રિંબક ડબીર | સુમંત | ------------ |

**ઉપક્રમ :**

(અ) તમારા વર્ગ તરફથી શાળાના મેદાનમાં બજાર ભરો. વિવિધ વસ્તુ અને તેની કિંમતની યાદી બનાવો. આ માટે પરિસરની બજારની મુલાકાત લો.

(આ) તમારી શાળાના પરિસરમાં તમે ક્યા ઝાડ વાવ્યા છે, તેની કાળજી તમે કેવી રીતે લો છો, તે કહો.

# ‘આજ્ઞાપત્રમાંનું’ પર્યાવરણ રક્ષણ

રામચંદ્રપંત અમાત્યે ‘આજ્ઞાપત્ર’ લખ્યું. તેમાં શિવાજી મહારાજની ચતુરાઈનું પ્રતિબિંબ જોવા મળે છે. નીચેના પરિચ્છેદ દ્વારા મહારાજનો પર્યાવરણ સંબંધી દ્રષ્ટિકોણ સ્પષ્ટ થાય છે.


‘‘આરમારમાં જહાજનું માળખું, સ્તંભ, વહાણનો થંભ વગેરે માટે મોટાં લાકડાં જોઈએ. આપણા રાજ્યના જંગલમાં સાગવાન વગેરે વૃક્ષો છે, તેમાંથી જે અનુકૂળ લાગે તે રાજાના સેવકો રાજાની પરવાનગીથી તોડી લઈ જતા. આ ઉપરાંત જે જોઈએ તે અન્ય મુલકોમાંથી ખરીદી લાવતા. સ્વરાજ્યમાંનાં આંબા, ફણસ વગેરેનાં લાકડાં પણ આરમારના ઉપયોગના, પરંતુ તેને હાથ લગાડાતો નહિ, કારણકે, આ ઝાડ વર્ષે–બે વર્ષે થાય એવું નથી. બાળકની જેમ લાંબો સમય જતન કરીને પ્રજાએ આ ઝાડ ઉછેર્યાં, તે ઝાડ તોડવાથી પારાવાર દુઃખ થાય તેવું શા માટે કરવું ? એકને દુઃખ આપીને જે કાર્ય કરીએ તે કાર્ય કરનારા સહિત દરેક થોડા સમયમાં જ પસ્તાય છે. અથવા માલિકના માથે પ્રજાને દુઃખી કરવાનો દોષ પડે છે. આ વૃક્ષોના અભાવથી નુકસાન પણ થાય છે. એટલા માટે આ બાબત કદીપણ ન થવા દેવી. કદાચ એકાદ ઝાડ જે બહુ જૂનું થઈને નકામું થઈ ગયું હોય, તોપણ તેના માલિકને રાજી કરીને દ્રવ્ય આપીને તેને સંતોષ થાય તે રીતે તોડી લાવવું.’’








જિંજીનો કિલ્લો હાલના તામિલનાડુ રાજ્યમાં છે. છત્રપતિ શિવાજી મહારાજે દક્ષિણના દિગ્વિજય વખતે તે જીતી લીધો. આ કિલ્લો પહેલેથી જ દુર્ગમ હતો. તોપણ મહારાજે તેનો આગળનો કોટ તોડીને નવો કોટ અને બુરજ બાંધીને તે વધારે મજબૂત બનાવ્યો. કિલ્લો કેવી રીતે દુર્ગમ બનાવવો, તેનું શિક્ષણ શહાજીરાજાએ તેમને નાનપણથી જ આપ્યું હતું. શિવાજી મહારાજે તે જ્ઞાનનો ઉપયોગ આ પ્રસંગે કર્યો, એવું દેખાય છે. આગળ જતાં રાજારામ મહારાજાએ આ કિલ્લા ઉપર પોતાની રાજધાની સ્થાપી. તે એ કિલ્લા ઉપર હતા ત્યારે મોગલોએ તેને ઘેરો ઘાલ્યો. પરંતુ રાજારામ મહારાજે તે ઘેરામાં ઘેરાઈને પણ લગભગ સાત વર્ષ સુધી લડાઈ કરી. શિવાજીએ દીર્ઘદ્રષ્ટિથી આ કિલ્લો વધારે મજબૂત કરાવ્યો હોવાથી જ રાજારામ મહારાજ આટલો સમય આ કિલ્લા ઉપર સુરક્ષિત રહી શક્યા.





ભવાની દેવી - પ્રતાપગઢ

# छत्रपती शिवाजी महाराज स्मृतिग्रंथ

- सामान्य रयतेच्या कल्याणासाठी स्थापन केलेल्या स्वराज्य स्थापनेची कथा उलगडणारे पुस्तक.
- छत्रपती शिवाजी महाराजांच्या उत्तुंग कार्य व त्यामागची तेवढीच उत्तुंग व उदात्त भूमिका वाचकांसमोर आणणारे प्रेरणादायी वाचन साहित्य.
- इतिहास वाचनासाठी पूरक असे संदर्भ पुस्तक.







- इतिहास वाचनासाठी पूरक अशी संदर्भ पुस्तके.
- निवडक लेखक, इतिहासकारांचे प्रेरणादायी लेख.

**पुस्तक मागणीसाठी** www.ebalbharati.in, www.balbharati.in **संकेतस्थळावर भेट द्या.**

**साहित्य पाठ्यपुस्तक मंडळाच्या विभागीय भांडारांमध्ये विक्रीसाठी उपलब्ध आहे.**

ebalbharati

विभागीय भांडारे संपर्क क्रमांक : पुणे - २५६५९४६५, कोल्हापूर- २४६८५७६, मुंबई (गोरेगाव) - २८७७१८४२, पनवेल - २७४६२६४६५, नाशिक - २३९१५११, औरंगाबाद - २३३२१७१, नागपूर - २५४७७१६/२५२३०७८, लातूर - २२०९३०, अमरावती - २५३०९६५



શત્રુઓનાં થાણાઓનો નાશ કરી પોતાનાં થાણા સ્થાપવા માટે શિવાજી મહારાજે મુરગૂડ (જિ. કોલ્હાપૂર) પરગણાનાં દેસાઈ રુદ્રાપ્પા નાયકને દિનાંક ૧૧ ડિસેમ્બર ૧૬૭૬ના રોજ મોકલેલો પત્ર. આ પત્ર મોડી લિપીમાં છે.

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

परिसर अभ्यास भाग – २ इ. ४ थी (गुजराती माध्यम)

₹ 36.00